
# પંચકલ્યાણક
# પ્રતિષ્ઠા મહોત્સવ



ડૉ. હુકમચંદ ભારિલ્લ

# પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ
## વિશેષ જાણકારી

**પહેલો દિવસ:** પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ જૈન સમાજનો સર્વાધિક મહત્વપૂર્ણ વિશેષ મહોત્સવ છે. તેનું આયોજન એક વિશાળ મેળાના રૂપમાં થાય છે. તેમાં દેશના ખૂણે ખાંચરેથી લાખો જૈન ભાઈ-બહેનો એકત્રિત થાય છે. સતત ચાલુ આઠ દિવસ સુધી ચાલવાવાળા આ વિશાળ મેળાની તૈયારીઓ કુંભમેળાની જેમ મહિનાઓ પહેલાથી ચાલે છે.

આ મહોત્સવ અન્ય લૌકિક મેળાની જેમ આમોદ-પ્રમોદનો મેળો નથી. આ એક વિશુદ્ધ આધ્યાત્મિક મેળો છે, જેની સાથે સંપૂર્ણ જૈન સમાજની આસ્થાઓ અને ધાર્મિક ભાવનાઓ જોડાયેલી છે. તેમાં ખાવા-પીવા અને ખેલ-કૂદની મુખ્યતા નથી હોતી પરંતુ સંયમ અને તપ-ત્યાગની પ્રધાનતા હોય છે. વાતાવરણ એકદમ આધ્યાત્મિક બની જાય છે.

જે પ્રકારે આપણે આપણા પારિવારિક પૂર્વજોની સ્મૃતિને ચિરસ્થાઈ બનાવવા તેમનું ચિત્ર આપણા ઘરમાં લગાડીએ છીએ અથવા આપણા રાષ્ટ્રિય નેતાઓની સ્મૃતિ ટકાવી રાખવા માટે તેમના ચિત્ર અથવા સ્ટેચ્યૂ યોગ્ય રાષ્ટ્રિય મહત્વના સ્થાન ઉપર રાખીએ છીએ, સ્થાપિત કરીએ છીએ, યોગ્ય અવસર પર માળા આદિ દ્વારા તેનું સન્માન કરીએ છીએ, તે પ્રકારે અધિકાંશ ધર્મોમાં પોતાના ધર્મપૂર્વજો, ધાર્મિક નેતાઓ, તીર્થંકરો અને ભગવાનની તદ્રૂપ મૂર્તિઓ જિન-મંદિરોમાં પ્રતિષ્ઠાપિત કરીએ છીએ, સ્થાપિત કરીએ છીએ. આ પરમપાવન ભારતવર્ષમાં હજારો જિનમંદિર છે અને તેમાં લાખ્ખો જિનબિંબ (મૂર્તિઓ) બિરાજમાન છે, જેના દર્શન, પૂજન અને ભક્તિ પ્રતિદિન લાખ્ખો જૈન ભાઈ-બહેનો કરે છે. લાખ્ખો લોકો તો એવાં છે કે જે તેમનાં દર્શન વિના, પૂજન વિના ભોજન પણ નથી કરતાં.

જિન મંદિરોમાં બિરાજમાન જિનબિંબોનું પોતાનું એક મહત્વ છે. તે જિનબિંબ અમારી સંસ્કૃતિનું પ્રતિક જ નહી સંરક્ષક પણ છે. સંપૂર્ણ દેશમાં વિખરાયેલ લાખો જિનબિંબ અમારી સમૃધ્ધ થઈ ગયેલાની સાબૂતિ તો છે જ, આ ભારત અમારી મૂળ ભૂમિ છે,

તેનું પણ સશક્ત પ્રમાણ છે.

પત્થરોમાં કોતરેલ અથવા ધાતુઓમાં ઢાળેલ આ વીતરાગી જિનબિંબ (મૂર્તિઓ) ત્યાં સુધી પૂજવા યોગ્ય નથી મનાતી જ્યાં સુધી તેની વિધિપૂર્વક પ્રતિષ્ઠા નથી થતી. આ પ્રતિષ્ઠાવિધિને પૂર્ણ કરવા માટે જે ઉત્સવ થાય છે તેને પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ કહેવાય છે.

આ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ આત્મામાંથી પરમાત્મા થવાની પ્રક્રિયાનો મહોત્સવ છે. આ મહોત્સવમાં પંચકલ્યાણક સંબંધી ક્રિયા-પ્રક્રિયાઓના માધ્યમથી આત્મામાંથી પરમાત્મા બનવાની પ્રક્રિયાનું પ્રદર્શન થાય છે. વિદ્વાનોનાં પ્રવચનોનાં માધ્ય-મથી પધારેલ શ્રધ્ધાળુઓને આત્મામાંથી પરમાત્મા બનવાની વિધિ બતાવાય છે.

વિશ્વનાં સમસ્ત દર્શનોમાં જૈન દર્શન જ એક એવું દર્શન છે, જે એમ કહે છે કે, પ્રત્યેક આત્મા સ્વયં પરમાત્મા છે. પોતાનો આ આત્મા સ્વભાવથી તો પરમાત્મા છે જ. જો પોતાને જાણે, ઓળખે અને તેમાં જ જામી જાય, ઠરી જાય તો પ્રગટ રૂપથી પર્યાયમાં પણ પરમાત્મા થઈ શકે છે.

અમારા ચોવીસેય તીર્થંકરો પોતાની પાછલી પર્યાયોમાં અમારી સમાન જ પામર પર્યાયોમાં હતા, પરંતુ તેઓએ પોતાને જાણ્યા, ઓળખ્યા, સ્વયં અનુભવ કર્યો, પોતાનામાં જ સમાઈ ગયા. પરિણામ સ્વરૂપ તીર્થંકર બન્યા, સર્વજ્ઞ થયાં, ભલેને આ પ્રક્રિયાને સંપન્ન કરવામાં તેને દશ-પાંચ ભવ થયાં હોય પરંતુ તેઓએ પોતાનું પરમાત્મ સ્વરૂપ પ્રાપ્ત કરી જ લીધું.

ભગવાન મહાવીરે આ મહાન કાર્ય પોતાના દશભવ પહેલાં સિંહની પર્યાયમાં આરંભ કર્યું હતું અને ભગવાન પાર્શ્વનાથે આ કાર્ય હાથીની પર્યાયમાં આરંભ કર્યું હતું, આથી સિદ્ધ થાય છે કે જૈનદર્શન માત્ર નરમાંથી નારાયણ બનાવવાવાળું દર્શન નથી પરંતુ પશુમાંથી પરમેશ્વર બનાવવાવાળું વીતરાગી દર્શન છે.

પંચકલ્યાણક તે મહાન ક્રાંતિકારી ઘટનાઓ છે જે ઘણું કરીને પ્રત્યેક તીર્થંકરનાં જીવનમાં બનેલી હોય છે અને જે તેના પંચકલ્યાણકનું કારણ બને છે.

જો કે કેટલાંક તીર્થંકરોનાં જીવનમાં બે અથવા ત્રણ જ કલ્યાણક થયાં છે. પરંતુ આ વાત અપવાદનાં રૂપમાં જ સમજવી જોઈએ. ઋષભદેવથી લઈને મહાવીર સુધીનાં ભરતક્ષેત્રના બધા તીર્થંકરોનાં પાંચ જ કલ્યાણક થયાં છે. તેથી મૂર્તિઓની પ્રતિષ્ઠા માટે પંચકલ્યાણક મહોત્સવ જ થાય છે, બે કલ્યાણક મહોત્સવ અથવા ત્રણ કલ્યાણક મહોત્સવ નહીં.

દેશ અને વિદેશમાં વિદ્યમાન જિનાલયોમાં જેટલાં પણ જિનબિંબ બિરાજમાન છે તે બધાં આ પંચકલ્યાણકોથી જ પ્રતિષ્ઠિત થયાં છે અને ભવિષ્યમાં પણ જેટલાં જિનબિંબ બિરાજમાન થશે તે બધા પણ આ વિધિથી બિરાજમાન થશે. આ પ્રકારે આ મહોત્સવ એક અત્યંત આવશ્યક મહોત્સવ છે. તેનો સર્વથા નિષેધ કરવો શ્રમણ સંસ્કૃતિને માટે ઘાતક પણ હોય શકે છે.

હાં, એક વાત અવશ્ય છે કે જ્યાં પહેલેથી જ અનેક જિનાલય વિદ્યમાન છે જેમાં અનેકાનેક જિનબિંબ બિરાજમાન છે ત્યાં આવશ્યક વીના માત્ર પોતાના માનને પોષવા માટે મંદિર બનાવવું, તેમાં જિનબિંબ બિરાજમાન કરવા માટે પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ કરવો અવશ્ય અનાવશ્યક છે.

આ પ્રકારના ઉત્સવોને  અવશ્ય હર્ષ-ઉલ્લાસ સહિત કરવા જોઈએ પરંતુ જ્યાં જિનાલય જ હોય નહી ત્યાં તો તે બનાવવાનું અત્યંત જરૂરી છે.  તેમાં જિનબિંબ બિરાજમાન કરવું જરૂરી છે અને તે માટે પંચકલ્યાણક પણ જંરૂરી છે જ.

શું વિદેશોમાં બની રહેલ મંદિર પણ અનાવશ્યક છે ? પૂરા કાઠીયાવાડમા એક પણ ઢંગનું દિગંબર જિન મંદિર ન હતું, ત્યારે આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજી સ્વામીનાં પુણ્ય પ્રતાપથી ત્યાં લાખ્ખો નવા દિગંબર જૈન બન્યાં અને તેઓએ પોતપોતાના નગરોમાં અનેક દિગંબર જિનમંદિર બનાવ્યા. શું આ જિનમંદિરોનું નિર્માણ પણ અનાવશ્યક હતું ? શું ત્યાં થયેલ પંચકલ્યાણક પણ અનાવશ્યક હતાં ?

આ પ્રકારે પ્રત્યેક નગરમાં નવી-નવી કોલોનીઓ બની રહેલ છે, જેમાં સેંકડો જૈન પરિવાર પણ વસી રહ્યાં છે. મુખ્ય નગરથી માઈલો દૂર બનવાવાળા આ ઉપનગરોમાં પણ જિનાલયોનું

નિર્માણ અત્યંત આવશ્યક છે. તે માટે પંચકલ્યાણક પણ આવશ્યક જ છે.

નતો નવા થવાવાળા પ્રત્યેક જિનમંદિરોનો નિષેધ જ જરૂરી છે અને ન તો વિના વિચારે સમર્થન કરવું બરાબર છે. આ પ્રકારે ન તો પ્રત્યેક પંચકલ્યાણકનો વિરોધ ઉચિત છે અને ન તો વિના સમજે સમર્થન કરવું ઠીક છે. પ્રત્યેકના સંબંધમાં વ્યક્તિગત રૂપથી ગુણ-દોષના આધાર ઉપર સહમતિ અને અસહમતિ પ્રગટ કરવી જોઈએ.

દેશની વધતી જતી જનસંખ્યા જોઈને જ્યાં એક તરફ વધારે સંતાન પેદા કરનારને પરિવાર નિયોજન કરવા પ્રેરિત કરાય છે; તેને માટે સરકાર તરફથી તે જ હોસ્પીટલમાં પરિવાર નિયોજનની બધી સુવિધાઓ પ્રાપ્ત થાય છે, ત્યાં જ બીજી તરફ તે હોસ્પીટલમાં જેને સંતાન નથી થતાં તેનો પણ ઈલાજ થાય છે, કારણ કે જેને એક-બે સંતાન છે તેને તો અધિક સંતાનની આવશ્યકતા નથી; પરંતુ જેને સંતાન જ નથી તેને તો સંતાન જોઈશે જ.

જે પ્રકારે પરિવાર નિયોજનના મામલામાં સરકારે સંતુલિત દૃષ્ટિકોણ અપનાવ્યો છે તે પ્રકારે આપણે પણ જિનમંદિર નિર્માણ અને પંચકલ્યાણક પ્રતિષ્ઠાઓના સંદર્ભમાં સંતુલિત દૃષ્ટિકોણ બનાવવો જોઈએ.

વધતી જતી જનસંખ્યાથી ગભરાઈને જો સરકાર ૨૫-૩૦ વર્ષ માટે સંતાનો પેદા કરવા ઉપર પૂરેપૂરો પ્રતિબંધ લગાવે તો તેના શું ખરાબ પરિણામ આવે ? શું આપ તે પણ જાણો છો ?

શરૂઆતના ૨૫-૩૦ વર્ષ સુધી જો કોઈ બાળક જ ન રહે તો ત્યારબાદના વર્ષમાં યુવાન ક્યાંથી આવશે ? જ્યારે યુવાન જ નહી હોય તો પછી બીજીવાર ઉત્પત્તિક્રમ પણ કેમ સંભવ થશે ? એ તો સર્વ વિનાશનો અવિવેકપૂર્ણ માર્ગ છે, જેને કોઈપણ સમજદાર વ્યક્તિ ન અપનાવી શકે.

આ પ્રકારે મંદિરો, મૂર્તિઓ અને પંચકલ્યાણકોની અધિકતા જોઈને તેના ઉપર પૂરેપૂરો, પ્રતિબંધ લગાવવો સમજદારીનું કામ નથી. શું આપ તે પસંદ કરશો કે આપણી ભાવી પેઢીઓ અને

ઈતિહાસકારો આપણાં યુગને આ રૂપે યાદ કરે કે, તે એક એવો યુગ હતો કે ત્યારે ભોગના મંદિર તો અનેક બન્યા પણ યોગનું મંદિર એક પણ ન બન્યું, ભોગના ઉત્સવ તો પ્રતિવર્ષ લાખ્ખો થયાં, પરંતુ યોગનો ઉત્સવ એક પણ ન થયો.

સુવર્ણયુગના રૂપમાં તો આપણે તે યુગને જ યાદ કરીએ છીએ કે જે યુગમાં દેવગઢ જેવા દેવોનો ગઢ બન્યો. આ વાત ઉપર ગંભીરતાથી વિચાર કરવાની આવશ્યક્તા છે, અને ગુણદોષના આધાર ઉપર સંતુલિત દષ્ટિકોણ અપનાવવાની પરમ આવશ્યક્તા છે.

આવશ્યક્તાનુસાર જ થવાવાળા જિનમેદિરોના નિર્માણ અને પંચકલ્યાણકો ઉપર પ્રતિબંધ લગાવવાના સ્થાન ઉપર તેનામાં આવેલી વિકૃતિયોનું પરિમાર્જન કરવાનું અધિક જરૂરી છે, તેનો ઉપયોગ વીતરાગી ધર્મનિ યોગ્ય પ્રચાર-પ્રસારમાં કરવાનો જ સાચો માર્ગ છે. નકારાત્મક રસ્તો પસંદ કરવાના સ્થાન પર રચનાત્મક રસ્તો ચુંટવો જ શ્રેષ્ઠ છે.

આજે પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવનો પહેલો દિવસ છે અને આ વિશાળ પંડાલનું નિર્માણ અયોધ્યાનગરના રૂપમાં થયેલ છે કારણ કે, અહીં આ અવસર્પિણીકાળના પ્રથમ તીર્થંકર ઋષભદેવનો પંચકલ્યાણક મહોત્સવ થઈ રહેલ છે. જેનો જન્મ અયોધ્યામાં થયો હતો તેથી આ પંડાલ પણ અયોધ્યાનગરના રૂપમાં નિર્માણ થયેલ છે.

જો કે આ પંચકલ્યાણકના વિધિનાયક ઋષભદેવ (આદિનાથ) છે, તો પણ તેમાં બધા તીર્થંકરોની મૂર્તિયો પ્રતિષ્ઠિત થશે. મૂળ વિધિ તો વિધિનાયકની મૂર્તિ ઉપર જ સંપન્ન થશે. પરંતુ સામાન્ય વિધિ તો બધી મૂર્તિયો ઉપર થશે. પૂજન પણ પ્રતિદિન બધા તીર્થંકરોનું થશે.

મુળમાં તો પ્રત્યેક પંચકલ્યાણક શ્રીમજ્જિનેન્દ્ર પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ જ હોય છે અને તેમાં બધા જિનેન્દ્રોની પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરાય છે. પરંતુ પ્રત્યેક પંચકલ્યાણકમાં કોઈ એક તીર્થંકરને વિધિનાયકના રૂપમાં સ્વીકારાય છે અને તેના જીવનના આધાર ઉપર પંચકલ્યાણકનો કાર્યક્રમ સુનિશ્ચિત થાય છે.

આ પંચકલ્યાણક એવી પાંચ ઘટનાઓનો છે જે ભરત ક્ષેત્રના ચોવીસ તીર્થંકરોના જીવનમાં સમાન રૂપે જ બની હતી. તેથી કોઈ પણ તીર્થંકરને વિધિનાયક શા માટે ન બનાવાય. કોઈ નાની મોટી વાતોને છોડીને કોઈ વિશેષ અંતર નથી આવતું. માતા-પિતાનું નામ, જન્મસ્થાન, વૈરાગ્યનું નિમિત્ત આદિ વાતોમાં જ અંતર આવે છે. બાકી તો બધું જ સરખું જ છે. તેજ સૌધર્માદિ ઈન્દ્ર, તેજ સુમેરુપર્વત, તેજ પાંડુકશિલા, તેવો જ અભિષેક આદિ બધા એક જેવા જ હોય છે.

જો કોઈ વિશેષ કારણ ન હોય તો અધિકાંશ પંચકલ્યાણકોમાં ઋષભદેવને જ વિધિનાયક બનાવાય છે. કારણ કે, ઉપલબ્ધ બધા પ્રતિષ્ઠાપાઠોની રચના તેને જ વિધિનાયક માનીને થઈ છે. જ્યારે અન્ય તીર્થંકરોને વિધિનાયક બનાવાય છે ત્યારે પ્રતિષ્ઠાચાર્ય આવશ્યક સંશોધન કરીને પ્રતિષ્ઠા સંપન્ન કરાવે છે.

અયોધ્યાનગરના રૂપમાં બનેલ આ વિકાળ પંડાલમાં આજે આપણે બધાએ પંચકલ્યાણકનો ઝંડો રોપેલ છે. તેથી આપણે બધાએ આજે આપણો ઝંડો પણ અહીં રોપવો જોઈએ અને દરેક કાર્યક્રમમાં શરૂઆતથી અંત સુધી ઉપસ્થિત રહીને આ મહાયજ્ઞનો પુરે-પુરો લાભ ઉઠાવવો જોઈએ.

## બીજો દિવસ

આ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ ભગવાન બનવાની પ્રક્રિયાનો મહોત્સવ છે. આ મહોત્સવોમાં જેટલા પણ જિનબિંબ (પ્રતિમાઓ) પ્રતિષ્ઠા થવાના છે તે બધા પ્રતિષ્ઠિત થઈને જ જશે, ભગવાન થઈને જ જાય છે. તે તો સર્વવિદિત છે કે, પ્રતિષ્ઠિત જિનબિંબોને સ્થાપનાનય અને સ્થાપના નિક્ષેપના આધાર ઉપર ભગવાન કહેવાનો જ વ્યવહાર પ્રચલિત છે જે ઉચિત પણ છે.

હું તો જે પણ પંચકલ્યાણકમાં પ્રવચનાર્થે જાવ છું ત્યાં મારા આરંભિક પ્રવચનોમાં એક વાત અવશ્ય કહું છું કે આ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવમાં આવેલ ધાતુ અથવા પાષાણની મૂર્તિઓ જ્યારે પણ અહીથી પાછી જશે ત્યારે તે ભગવાન બનીને જ જશે. પરંતુ આ પંચકલ્યાણકમાં પધારેલ જનતાની પણ કોઈ જવાબદારી છે કે તેઓ જેવા આવ્યાં છે તેવાં જ પાછા ન ચાલ્યા જાય, અહિંયાથી થોડુંક લઈને જાય, થોડુંક શીખીને જાય, ભલેને તે મૂર્તિયોની જેમ ભગવાન ન બને, પરંતુ તેનામાં પણ થોડું થોડું પરિવર્તન તો આવવું જ જોઈએ.

હું મહિલાઓને વિશેષ રૂપથી કહું છું કે જો ગૃહસ્થીની પરોજાણને કારણ વહુ ન આવી શકી હોય પરંતુ સાસુ આવેલ હોય તો તેની એ જવાબદારી છે કે જ્યારે તે પાછી ઘેર પહોંચે તો તેની વાતોથી નહિ પરંતુ તેના વ્યવહારથી તે પ્રતિત થવું જોઈએ કે અમ્માંજી ગંગાજી નહાઈને આવી છે, પંચકલ્યાણક જોઈને આવી છે, હવે તે જવાલાબાઈમાંથી શાન્તિબાઈ થઈ ગઈ છે. તેના સ્વભાવમાં થોડી-વધારે નમ્રતા અને સરળતા આવવી જોઈએ.

જો કારણવશ વહુ આવી હોય અને સાસુ ન આવી શકી હોય તો તેની પણ જવાબદારી છે કે, જ્યારે તે પાછી પોતાને ઘેર પહોંચે તો તેના ડ્રેસિંગ ટેબલ પર શીશિયોનો ઢગલો થોડો ઘણો ઓછો અવશ્ય થવો જોઈએ.

આપ જાણો છો કે આ શ્રૃંગાર-સામગ્રી કેટલી ક્રુરતાથી બને છે, તેના નિર્માણમાં કેટલાં જીવોની હિંસા થાય છે ?

આપણી સુંદરતા-સજાવટને માટે શાંત મૂંગા પશુ-પક્ષિયોને છેહ દેવો આપણને ક્યાં લઈ જશે ? તેનો પણ વિચાર કરો

જોઈએ.

હું એમ નથી કહેતો કે આપ સાજ-સજાવટ કરો જ નહી પરંતુ એ પણ અવશ્ય કહેવા માગું છું કે, આ કાર્યમાં હિંસક સામગ્રીનો ઉપયોગ કદિપણ ન કરો. આ રેશમી સાડીયો, જે કરોડો કીડાને મારીને બનાવેલ હોય છે તેનો ઉપયોગ કદાપિ ન કરો, આપના જીવનને ધર્મમય બનાવો.

બહેનોને કહેલ મારી આ વાતને સાંભળીને ભાઈઓને હસવાની જરાપણ જરૂર નથી કારણ કે તેની પણ થોડી જવાબદારી છે. તેઓએ પણ પોતાની જવાબદારીને ઓળખવી જોઈએ.

જો આ ઉત્સવમાં પિતા આવેલ હોય અને અધિક કામથી પુત્ર ન આવી શકેલ હોય તો તે પિતાઓના જીવનમાં પણ આ પંચકલ્યાણકના દર્શનથી એવું પરિવર્તન થવું જોઈએ કે તેના વ્યવહારથી પુત્રોને એવો ભરોસો આવે કે હવે તિજોરીની ચાવી પ્રાપ્ત કરવા માટે પિતાજીના મરણની રાહ નહી જોવી પડે. ધંધા-પાણીથી તેનો મોહ થોડો ઘણો અવશ્ય ઓછો થવો જોઈએ.

મેં એવા લોકો જોયાં છે કે જ્યાં સુધી તેમનો સ્વર્ગવાસ ન થાય ત્યાં સુધી તેનું બાળક તેના ઘરનું ફરનીચર પણ નથી બદલાવી શકતું. તેવા લોકોના મરણ બાદ જ ઘરમાં થોડું પરિવર્તન સંભવ થાય છે, એટલું બધું ઘરથી શા માટે ચીટકવું ? હવે ઉંમર થઈ છે તો ઘરથી વિરક્ત થઈ આત્મહિતમાં પ્રવૃત્ત થવું જોઈએ.

જો આ પંચકલ્યાણકમાં પિતા ન આવી શકેલ હોય અને પુત્ર આવેલ હોય તો તેનામાં પણ થોડો-ઘણો પલટો અવશ્ય થવો જ જોઈએ. તેના ઘરે પાછા આવ્યા બાદ તેના માતા-પિતાની થોડી-ઘણી એ ચિંતા તો સમાપ્ત થવી જ જોઈએ કે હવે અમારા દેહાન્ત બાદ પણ આ જિનમંદિર પૂજા-પાઠ વિના નહી રહે. તેનામાં આવી જ હલચલ રહેશે, જેવી કે આજે રહેલ છે. આ પંચકલ્યાણકોમાં પ્રતિષ્ઠિત જિનબિંબોની પૂજા-પાઠ કોણ કરશે ? તેમની આ ચિંતા તો સમાપ્ત થવી જ જોઈએ.

આપ જરા વિચાર કરો તો સાચે જ આપ શાંતિના આ મહાયજ્ઞમાં પધાર્યા છો, તો શું આપનું ચિત્ત જરામાત્ર પણ શાંત

નહી થાય, વિષય-કષાયની જ્વાળાઓ જેમની તેમ જ જલતી રહેવાની ?

જ્યારે આપણે બહુ જ ગરમીનો અનુભવ કરીએ છીએ ત્યારે પાંચ મીનીટને માટે સ્નાનઘરમાં જઈને ઠંડા પાણીથી નહાઈએ છીએ ત્યારે આપણી ગરમી શાંત થાય છે તો શું આપણા આ આઠ દિવસના પંચકલ્યાણક મહોત્સવ, તે આ પાંચ મીનીટના સ્નાનઘરથી પણ ગયાં સમજવાં. જો આપ આમાં આઠ-આઠ દિવસ રહો અને આપનાં ચિત્તમાં જરાપણ શાંતિ ન આવે. હવે આ મહોત્સવની લાજ આપના હાથમાં છે.

પત્થરની મૂર્તિયો તો ભગવાન થઈને જશે, પરંતુ આપણે તો ચૈતન્યતત્વ છીએ, શું આપણે પત્થરની જડ મૂર્તિમાંથી પણ ગયાં. જે એવીને એવી ચાલી જશે. આજે આપણે બધાએ આ વાત ઉપર ગંભીરતાથી વિચાર કરવો જરૂરી છે.

જો આપ અહીંથી થોડું લઈને જશો, થોડાં શાંત થઈને જશો, થોડાં બદલાઈને જશો, થોડાં ધર્મનિષ્ઠ થઈને જશો તો તેમાં આપને તો પરમ લાભ જ છે પરંતુ પંચકલ્યાણકની સાર્થકતા પણ તેમાં જ છે અને આયોજકોના શ્રમની સફળતા પણ તેમાં જ છે.

આ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ જિનેન્દ્ર પ્રતિમાઓની પ્રતિષ્ઠાનો મહોત્સવ છે પરંતુ આજે અહીં ઈન્દ્ર પ્રતિષ્ઠા થઈ રહેલ છે.

એ તો આપ જાણો જ છો કે તીર્થંકરોનો જે અસલી પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ થયો હતો તે બધાનું સંચાલન ઈન્દ્રોએ જ કર્યું હતું. તીર્થંકરોના જન્મ આદિના કે બધા ઉત્સવ મુખ્યરૂપે ઈન્દ્રો દ્વારા જ સંપન્ન થયાં છે, તેથી તે પંચકલ્યાણકોની નકલના આધાર ઉપર થવાવાળા આ પંચકલ્યાણકોમાં પણ ઈન્દ્રોની આવશ્યકતા રહે છે. તે માટે થોડી વ્યક્તિઓને ચુંટીને ઈન્દ્ર પ્રતિષ્ઠા દ્વારા તેને ઈન્દ્ર બનાવાય છે. આ બધા પ્રતિષ્ઠિત ઈન્દ્ર પંચકલ્યાણકની તે બધી ક્રિયા પ્રતિક્રિયાઓ વિધિવત સંપન્ન કરે છે. જે ક્રિયાઓ, પ્રતિક્રિયાઓ ઋષભદેવના અસલી પંચકલ્યાણકમાં સૌધર્મઆદિ ઈન્દ્રોએ કરી હતી.

તે ઈન્દ્ર પ્રતિષ્ઠા એટલા માટે પણ આવશ્યક છે કે, આ

પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ એક અત્યંત વિશાળ અને મહાન ઉત્સવ છે. તેમાં પૂજા-પાઠ, અને ક્રિયા-પ્રક્રિયામાં જે વ્યક્તિ સામેલ થાય છે તે વચ્ચેથી તેનાથી અલગ થઈ શકતી નથી.

જો કોઈ વ્યક્તિના ઘરમાં સ્નાન-સૂતક થાય તો સમસ્યા ઉભી થઈ શકે છે, પણ આ ઈન્દ્રપ્રતિષ્ઠાના આ આઠ દિવસ માટે તે વ્યક્તિનું ગોત્ર જ બદવી જાય છે, જાતિ જ બદલી જાય છે, ગતિ જ બદલી જાયં છે, આ કારણે તેને આ સ્નાન સૂતકનો દોષ નથી લાગતો. હવે તો તે ઈન્દ્ર બની ચૂકેલ છે. સાધારણ માનવ નથી રહ્યો તો માનવ પરિવારને લાગવાવાળા સ્નાન-સૂતકથી તે કેમ પ્રભાવિત થઈ શકે ?

અહીં એક પ્રશ્ન સંભવ છે કે આ બધું તો નાટક જેવું લાગે છે, પરંતુ ભાઈ સાહેબ, આ એક પ્રકારનું નાટક તો છે જ. કારણ કે તેમાં અસલી પાત્ર ક્યાં છે? તેમાં ન તો અસલી તીર્થંકર ઋષભદેવ છે અને ન તો અસલી ઈન્દ્રઆદિ. નાટકમાં પણ આજ હોય છે કે પૌરાણિક-ઐતિહાસિક અસલી પાત્રોના જીવનમાં જે કંઈ પણ બનાવ બનેલ હતો તેને સ્ટેજ પર અભિનયના માધ્યમથી પાત્રો દ્વારા પ્રસ્તુત કરાય છે. અહીં પણ પૌરાણિક તીર્થંકર મહાપુરુષોના જીવનની મહત્વપૂર્ણ ઘટનાઓને સ્ટેજ પર પ્રસ્તુત કરી રહ્યાં છીએ.

પૌરાણિક પુરુષોનાં જીવનને નાટકના રૂપમાં પ્રસ્તુત કરવાવાળાનો પણ એક ઉદ્દેશ્ય તે હોય છે કે લોકો તેના જીવનદર્શનમાંથી શિક્ષા ગ્રહણ કરે અને તેનો ઉદ્દેશ્ય પણ લગભગ એજ છે, પણ આ પંચકલ્યાણકને નાટક કહેવાથી થોડા લોકોને અટપટાં જેવું લાગે છે અને તે લોકો આ વાત ઉપર નારાજ થવા લાગે છે અને કહે છે કે આપ અમારા આ મહાન ઉત્સવને નાટક કહો છો ?

નાટક શબ્દનો સાચો ભાવ ન સમજવાને કારણે જ તેને આ પ્રકારનો વિકલ્પ આવે છે. પરંતુ નાટક શબ્દ સ્વયં મહાન છે. આચાર્ય અમૃતચન્દ્રે તો ગ્રંથાધિરાજ સમયસારને પણ નાટક સમયસાર કહેલ છે. શું એ પ્રતિષ્ઠાપાઠ સમયસારથી પણ મહાન છે ?

નાટક સમયસાર અધ્યાત્મનું સર્વોત્કૃષ્ટ નાટક છે અને આ

પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ વ્યવહારનું સર્વોત્કૃષ્ટ નાટક છે, જે આપણા જીવનને પરિમાર્જિત કરે છે. મૂળ પાત્રોના જીવનને મર્યાદિત સમયમાં ચતુર નિર્દેશકોના નિર્દેશનમાં અભિનેતાઓ દ્વારા અભિનયના માધ્યમથી પ્રસ્તુત કરાય તે જ નાટકનું વાસ્તવિક સ્વરૂપ છે. આ પંચકલ્યાણકોના નિર્દેશક પ્રતિષ્ઠાચાર્ય હોય છે. પ્રતિષ્ઠાચાર્યના નિર્દેશનમાં તીર્થંકરોના જીવનની કલ્યાણકારી ઘટનાઓને પાત્ર દ્વારા મર્યાદિત સમયમાં પંચકલ્યાણકોના સ્ટેજ ઉપર પ્રસ્તુત કરવું તેજ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ છે. તેમાં નાટકના બધાં તત્વ વિદ્યમાન છે.

અજૈન જનતાને પંચકલ્યાણકનું સ્વરૂપ સમજાવવાની ભાવનાથી જ્યારે મેં એકવાર એમ કહયું કે આ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ એક પ્રકારે જૈનોની રામલીલા છે તો થોડા લોકો આકૂળ વ્યાકૂળ થઈ ગયાં અને કહેવા લાગ્યા કે આપ અમારા આ પંચકલ્યાણકને રામલીલા કહો છો.

મેં તેઓને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે ભાઈ સાહેબ આ અજૈનભાઈ રામલીલાના ઉદાહરણથી તેનું સ્વરૂપ જેટલું સારી રીતે સમજી શકે છે, તેનાથી સારો બીજો કોઈ ઉપાય નથી. હું રામલીલાનું ઉદાહરણ આપીને પંચકલ્યાણકોની પ્રતિષ્ઠા ઓછી કરવા નથી ઈચ્છતો પરંતુ વધારવા ઈચ્છું છું. હું પંચકલ્યાણકોનો વિરોધી નથી.

રામ પણ ભગવાન છે, જૈનોને ત્યાં પણ તે તીર્થંકરોની જેમ વીતરાગી સર્વજ્ઞ થઈને મોક્ષ ગયાં છે. રામલીલામાં તેના જીવનને પ્રદર્શિત કરી જનતાને સન્માર્ગ પર લાવવાનો જ પ્રયાસ કર્યો છે, અને આ પંચકલ્યાણકોમાં પણ તે જ થાય છે.

રામલીલાનું પ્રદર્શન પણ નાટકનાં રૂપમાં જ થાય છે. વૈષ્ણવ સંસ્કૃતિમાં રામલીલાનો મહિમા પણ ઓછો નથી જેથી તેનું ઉદાહરણ આપવાની આપણા પંચકલ્યાકણનો મહિમા ઓછો થશે નહીં.

અહીં એક પ્રશ્ન એ પણ ઉઠાવી શકાય છે કે આપ વારંવાર એમ કહી રહ્યાં છો કે જ્યારે ઋષભદેવનો અસલી પંચકલ્યાણક થયો હતો ત્યારે સૌધર્મ આદિ અસલી ઈન્દ્રોએ આવીને કર્યો હતો, તો

શું અમારા આ પંચકલ્યાણક અસલી નથી, નકલી છે ?

કોણ કહે છે કે આ પંચકલ્યાણક નકલી છે ? આ અસલી પણ નથી અને નકલી પણ નથી. જો આ અસલી છે તો પછી ચોથા કાળમાં નાભિરાયના ઘરમાં, અયોધ્યામાં જે પંચકલ્યાણક સંપન્ન થયો હતો, તે શું હતું ? અસલી પંચકલ્યાણક પંડાલોમાં નથી થયાં કરતાં. પરંતુ જો આ અસલી નથી તો નકલી પણ નથી, છતાં પણ અસલીની અસલ નકલ છે, નકલી અને નકલમાં બહું મોટું અંતર હોય છે.

અસલ-નકલનો અર્થ થાય છે સત્ય નકલ, સત્ય નકલ તો મૂળની જેમ જ પ્રમાણસિદ્ધ હોય છે, પરંતુ નકલીનો અર્થ તો એકદમ ખોટું જ થાય છે.

જ્યારે કોઈ વ્યક્તિ નોકરી માટે પ્રાર્થના પત્ર આપે છે અને તેની સાથે પ્રમાણપત્રની અસલ-નકલ (સત્ય પ્રતિલિપિ) પણ લગાવે છે તો તેનું કામ થઈ જાય છે, પણ જો નકલી પ્રમાણપત્ર લગાવે તો તેને જેલ ભેગું થવું પડે.

આ પંચકલ્યાણક નકલી નથી, અસલી પંચકલ્યાણકની અસલ-નકલ છે; સત્ય પ્રતિલિપિ છે તેથી તેનું ફળ પણ અસલીની જેમ જ પ્રાપ્ત થાય છે. નાટક પણ નાયકનું અસલી જીવન નથી, નાયકના જીવનની અસલ-નકલ જ હોય છે, પરંતુ તેને અસલીના રૂપમાં જ પ્રસ્તુત કરાય છે. આ પ્રકારે આ પંચકલ્યાણક પણ તીર્થંકર ઋષભદેવના અસલી પંચકલ્યાણકની અસલ-નકલ છે, પરંતુ તેને અસલીના રૂપમાં જ પ્રસ્તુત કરાય છે.

હા, એક વાત અવશ્ય છે કે, જો આપણે આ પંચકલ્યાણકમાં અસલી પંચકલ્યાણકનો લાભ લેવા ઈચ્છીએ તો આપણે પણ એ વાતને પુરે-પુરી ધ્યાનમાં રાખવી જોઈએ કે આ અસલ-નકલ જ છે. તાત્પર્ય એ છે કે આ પંચકલ્યાણક તે પંચકલ્યાણકના અનુરૂપ હોવો જોઈએ.

અહી પણ એક પ્રશ્ન સંભવ છે કે એવું કેમ થઈ શકે ? ક્યાં અસલી ઈન્દ્રની વ્યવસ્થા અને ક્યાં સામાન્ય માનવીની વ્યવસ્થા ? ક્યાં અસલી ચૈતન્ય તીર્થંકર અને ક્યાં અચેતન પત્થરની પ્રતિમા ?

અરે ભાઈ ! સમાનતાનો આશય ન તો વૈભવ અને શક્તિથી છે અને ન ચેતન અચેતનથી છે; તાત્પર્ય એ છે કે જો સર્વજ્ઞ ભગવાન શાંત વીતરાગી હતા તો તેની પ્રતિમા પણ શાંત અને વીતરાગી પ્રભાની હોવી જોઈએ, સર્વજ્ઞ વીતરાગી-ભગવાનનો ઉપદેશ વીતરાગતાને પોષક હતો તો અહી પણ વીતરાગતાને પોષક વ્યાખ્યાન હોવું જોઈએ.

શું ભગવાનના સમોશરણમાં જઈને કોઈ ભગવાનના અંગ ઉપર ચંદન લગાડતું હતું, તેના અંગોને ફૂલોથી શણગારતું હતું ? જો ના, તો પછી આપ અહી પણ એવું કેમ કરી શકો ? જે કામ આદિનાથની અયોધ્યામાં સંભવ ન હતું તે કામ આ પાંડાલમાં પણ કેમ થઈ શકે ?

આ વાતને ઉંડાણથી સમજવાને માટે આપણે આ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને ભૂલવાં પડશે અને તે વિચાર કરવો પડશે કે આપણે અયોધ્યાના નાગરિક છીએ, અને આ ચોથાકાળનો આરંભિક કાળ છે. આપણે પણ આ મહાનાટકનું એક પાત્ર છીએ, ભલેને આપણે કોઈ બોલી ન લીધી હોય, ઈન્દ્ર ન બન્યા હોય, સક્રિય કાર્યકર્તા પણ ન હોય, માત્ર લાભ લેવા જ આવ્યા હોય તો પછી આપણે અયોધ્યાના નાગરિકના રૂપમાં આ મહાનાટકનાં એક પાત્ર છીએ. તેથી આપણો વ્યવહાર પણ તે સમયના અયોધ્યાના નાગરિકો જેવો સદાચારી હોવો જોઈએ, ત્યારે જ આ પંચકલ્યાણક અસલી પંચકલ્યાણકની અસલ-નકલ બનશે, અને તેનો પુરેપુરો લાભ આપણને પ્રાપ્ત થશે.

કદાચ, આપ એ તો જાણતાં જ હશો કે તે સમયે મોટામાં મોટા અપરાધ માટે માત્ર ત્રણ પ્રકારના દંડ હતા – હા, મા અને ધિક, જો કોઈ થી કંઈ ભૂલ થઈ તો 'હા' કહી દેવા માત્રથી તે પાણી-પાણી થઈ જતો હતો. વધારે થતું તો 'મા' કહેવાતું 'મા'નો અર્થ છે કે આવું ન કરો, તેનાથી પણ કામ ન ચાલે તો 'ધિક' શબ્દનો પ્રયોગ કરાતો હતો, કોઈને 'ધિક' કહી દીધું તો માનો કે તેને ફાંસી ઉપર ચઢાવી દીધો. તે સમયે બધા સહજ અને સરળ વૃત્તિના લોકો હતા. આપણે પણ જો આત્માની ઉન્નતિ કરવી છે તો સહજ અને સરળ વૃત્તિવાળા બનવું પડશે.

આજે આપણી પણ અયોધ્યાના નાગરિકના રૂપમાં પ્રતિષ્ઠા

થઈ ચુકી છે. હવે આપ એવો અનુભવ કરો કે આપ રાજા નાભિરાયની પ્રજા છો. જો આપ એવું કરી શકો તો નિશ્ચિત રૂપથી આપના પરિણામ થોડાં-ઘણાં કોમળ, થોડા-ઘણાં સરળ અવશ્ય થશે, અને આપને આ પંચકલ્યાણકમાં સામેલ થવાનો પૂરે-પૂરો લાભ પ્રાપ્ત થશે.

આશા છે કે આપ આ વાત ઉપર ગંભીરતાથી વિચાર કરશો.



**ત્રીજો દિવસ** આજે પંચકલ્યાણકનો ત્રીજો દિવસ છે. આજે ગર્ભકલ્યાણકની પૂર્વ ક્રિયાનો કાર્યક્રમ થશે. ગર્ભકલ્યાણક તો કાલે થશે. પરંતુ આજે ગર્ભકલ્યાણકની પહેલાં થવાવાળી થોડી આવશ્યક ક્રિયાઓ સંપન્ન થશે.

જ્યારે તીર્થંકરનો જીવ માતાના ગર્ભમાં આવે છે ત્યાર પહેલાં માતાને રાત્રિના છેલ્લા પ્રહરમાં સોળ સ્વપ્ન આવે છે જે એ વાતને સૂચવે છે કે માતાના ગર્ભમાં તીર્થંકરનો જીવ આવવાનો છે.

આજે રાત્રે તે સોળ સ્વપ્નોનું દ્રશ્ય દેખાડવામાં આવશે જેમાં બધી વાતો પ્રતિષ્ઠાચાર્યો દ્વારા જ સ્પષ્ટ કરાશે.

એ તો આપ જાણો છો કે જ્યારે પણ કોઈ મહાન કાર્ય સંપન્ન થાય છે ત્યારે તે એમ જ સંપન્ન નથી થતું. પહેલાં તે આપના સ્વપ્નમાં આવે છે, આપણે સ્વપ્ન સજાવીએ છીએ, આપણા માનસનું નિર્માણ પણ તે પ્રકારનું થાય છે, તે નિરંતર આપણા ચિંતનનો વિષય બને છે. આપણે તન્મય બની જઈએ છીએ, ત્યારે કંઈક કોઈ મહાન કાર્ય સંપન્ન થાય છે. દરેક કાર્યની એક ભૂમિકા હોય છે.

તાજ મહેલ જમીન ઉપર બનતાં પહેલાં કોઈના સ્વપ્નમાં બન્યો હશે, કોઈના કલ્પના જગતમાં તેનો જન્મ થયો હશે, ત્યારબાદ નકશાના રૂપમાં કાગળ ઉપર આવ્યો હશે, ત્યારે કોઈ જમીન ઉપર તે બન્યો.

કેવાં હશે તે માતા-પિતા, જેના આંગણામાં તીર્થંકરનો અવતાર થયો હતો ? કેવું હશે તે નગર, જ્યાં તીર્થંકરનો જન્મ થયો હતો અને કેવાં હશે તે નાગરિક, જેણે તીર્થંકરોના સત્સમાગમનો લાભ પ્રાપ્ત થયો હતો. આપણે તે વાતની કલ્પના કરવી જોઈએ. આ વાત આપણા વિચારની વસ્તુ બનવી જોઈએ. આ વાત આપના સ્વપ્નોની વસ્તુ બનવી જોઈએ.

આપણે ગીત ગાઈએ છીએ કે :-

એક બાર તો આના પડેગા, સોતે હુએ ભારત કો જગાના પડેગા.

માનો કે ભગવાને આપણી પ્રાર્થના સાંભળી અને તે

આવવાને તૈયાર છે, પરંતુ એક સમસ્યા છે કે તે ક્યા નગરમાં પધારે, કોના ઘરમાં અવતાર લ્યે અને કઈ માતાના કુખમાં આવે ?

છે કોઈ ત્યારના અયોધ્યા જેવું નગર, છે કોઈ ત્યારના અયોધ્યા જેવા સીધા-સરળ સજ્જન નાગરિક, છે કોઈ મરુદેવી જેવી ભદ્રમાતા, અને છે કોઈ નાભિરાય જેવા પિતા ?

પહેલાં આપણે એવાં બનવું પડશે. જેને ત્યાં તીર્થંકર અવતરી શકે. એ તો આપ જાણો છો કે તીર્થંકર તેમની માતાને એકનો એક પુત્ર હોય છે. તે તેમની માતાનું પહેલું સંતાન હોય છે, અને તેના જન્મ પછી માતા પૂર્ણ બ્રહ્મચર્ય વૃત્ત લઈ લ્યે છે તેથી બીજુ સંતાન થવાનો કોઈ સવાલ જ નથી રહેતો. છે એવી કોઈ માતા જે ભરજુવાનીમાં પહેલા સંતાન પછી બ્રહ્મચર્ય વૃત્ત ધારણ કરવાની ભાવના રાખતી હોય ? એકલાં બ્રહ્મચર્યની વાત નથી બીજી પણ અનેક વિશેષતાઓ હોય છે તીર્થંકરની માતામાં.

તેજ કારણ છે કે આ પંચકલ્યાણકોમાં પણ ભગવાનના માતા-પિતા બનવાવાળાને બ્રહ્મચર્ય વૃત્ત દેવામાં આવે છે. માતા પિતાની બોલી પણ નથી થતી, કારણ કે તેમાં પૈસાની મુખ્યતા નથી હોતી. સદાચારી જીવનની મુખ્યતા હોય છે. ગુરુત્તાની મુખ્યતા હોય છે. ક્યાં મળે છે એવા મહાન યુવાન દંપતિ તીર્થંકરના માતા-પિતા બનવાને માટે ? છેવટે અનેક સંતાનના માતા-પિતાઓને જ તીર્થંકરના માતા-પિતા બનાવવા પડે છે, કારણ કે બ્રહ્મચર્ય લેવા માટે તેજ તૈયાર થાય છે.

ખરેખર; આ પંચકલ્યાણક ભગવાન બનવાની પ્રક્રિયાનો મહોત્સવ છે, ઈન્દ્ર અથવા રાજા બનવાનો અથવા ભગવાનના મા-બાપ બનવાની પ્રક્રિયાનો મહોત્સવ નથી. આમાં ભગવાન બનવાની વિધિ બતાવાય છે. ભગવાન બનવાની પ્રેરણા અપાય છે. ઈન્દ્રાદિ બનવાની નહીં, છતાંપણ ઈન્દ્ર અને રાજા બનવાવાળા તો ઘણાં મળી જાય છે, ભગવાનના મા-બાપ બનવાવાળા પણ મળી જાય છે, પરંતુ ભગવાન બનવાનું કોઈ નથી વિચારતું.

ભગવાનના મા-બાપ બનવાનું કામ પણ બહું જ મોટી જવાબદારીનું કામ છે. મા-બાપ બનવાવાળાએ પોતે તે સમજવું જોઈએ. ક્યાંક એવું ન બને કે તેના જીવનને દેખીને લોકોના

હૃદયમાં તીર્થંકરોનાં મા-બાપનું ગૌરવ ઓછું થાય.

માતા-પિતાની પસંદગી તો બધા પ્રકારની યોગ્યતા દેખીને પ્રતિષ્ઠાચાર્યોએ જ કરવી જોઈએ. પોતે ઉત્સાહ પ્રદર્શિત કરવો એ સારી વાત નથી.

આઠ-દશ વર્ષ પહેલાંની વાત છે કે એક શેઠજી મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે આગલાં પંચકલ્યાણકમાં મને ભગવાનના મા-બાપ બનવાનો મોકો આપશો.

મેં કહ્યું : "તેનો નિર્ણય તો પ્રતિષ્ઠાચાર્યજ કરે છે ?"

તે બોલ્યાં : "મેં તેમને પણ કહ્યું છે. તે આપના જ શિષ્ય છે તેથી આપના કાને પણ વાત નાખી દેવા ઈચ્છુ છું."

હું ચુપ રહયો.

અનેક વર્ષો બાદ તે મારી પાસે આવ્યા અને ખૂબ જોરથી બોલવા લાગ્યા.

"આપ બધા......................"

મેં કહ્યું : "શું થયું ? આટલા બધા નારાજ કેમ થઈ રહ્યા છો ?"

તેઓએ બતાવ્યું કે અનેકવાર મેં ભાવના પ્રદર્શિત કરી પરંતુ હું હજુ ભગવાનના માતા-પિતા નથી બની શક્યો. આપના પ્રતિષ્ઠાચાર્ય મારું સાંભળતાં જ નથી. આપ જ કોઈ વિધિ બતાવોને.

વિનમ્રતાથી સમજાવીને મેં તેમને કહ્યું કે હું આમાં શું કરી શકું ? મેં શાસ્ત્રોમાં ભગવાન બનવાની વિધિ તો વાંચી છે. પરંતુ ભગવાનના બાપ બનવાની વિધિ ક્યાંય નથી જોઈ. તેથી હું આપને શું બતાવી શકું ?

દુઃખની વાત એ છે કે બધાને ભગવાનના બાપ બનવું છે, ભગવાન કોઈ નથી બનવા ઈચ્છતું. અનંત આનંદ તો ભગવાન બનવામાં છે, ભગવાનના માતા-પિતા બનવામાં નથી. ભગવાનના માતા-પિતા બન્યા વિના પણ મુક્તિ પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ ભગવાન બન્યા વિના મુક્તિની પ્રાપ્તિ સંભવ નથી તેથી બધાએ ભગવાન બનવાની જ ભાવના ભાવવી જોઈએ.

જો ભગવાનને આપણા આંગણામાં પધરાવવા છે, બોલાવવાં છે, તો આપણે તેના આવવા યોગ્ય વાતાવરણ બનાવવું પડશે, પોતાને પણ તેને યોગ્ય બનવું પડશે કે જેની વચ્ચે ભગવાન પધારી શકે. જો આપણે આપણને તેને યોગ્ય બનાવી શકીએ તો ભલેને સિદ્ધશિલા છોડીને ભગવાન અહીં ન પધારે, પણ આપણે પોતે જ ભગવાન બની જશું. આપણામાંથી કોઈ પાત્ર જીવ પોતાના પૌરુષને સંભાળીને ભગવાન બની જશે.

અહીં એક પ્રશ્ન સંભવ છે કે ચોથાકાળ જેવું વાતાવરણ આ પંચમકાળમાં કેમ સંભવ થાય ? ક્યાંથી લાવીએ નાભિરાય જેવા પિતા અને મરુદેવી જેવી માતા ? અસલી સૌધર્મ ઈન્દ્ર તો અમારા પંચકલ્યાણકમાં આવવા તો દૂર રહ્યાં, અમને તો જેવા જે ઉપલબ્ધ છે, તેમાંથી જ પસંદગી કરવાની છે અને તેને જ ઈન્દ્ર બનાવવા છે; રાજા બનાવવા છે.

હાં, તે વાત તો સાચી છે કે અમો ચોથા કાળને પંચમકાળ માં નથી લાવી શક્તાં અને ન તો નાભિરાય અને મરુદેવી જેવા માતા-પિતા મળી શકે છે, પરંતુ તેનામાં શાસ્ત્રાનુસાર તે સંબંધી ઓછામાં ઓછી યોગ્યતા તો હોવી જ જોઈએ. જ્યારે અમે કોઈ ઐતિહાસિક અથવા પૌરાણિક નાટકને સ્ટેજ ઉપર પ્રસ્તુત કરીએ છીએ ત્યારે અમારે તે સમયના ક્ષેત્ર-કાળનું વાતાવરણ પ્રસ્તુત કરવું જ પડે છે, તે સમય જેવું સંપૂર્ણ ભારત વર્ષનું વાતાવરણ સાચું અને સદાને માટે નહીં. તો પણ અમારે આ પાંડાલની અંદરનું વાતાવરણ તો તે સમયના અયોધ્યા જેવું બનાવવું જ પડશે, નહીં તો આ પંચકલ્યાણક અસલી પંચકલ્યાણકની અસલ-નકલ પણ કેમ થશે ?

આપણા પરિણામોને પણ ત્યારની અયોધ્યાના નાગરિકો જેવા બનાવવા પડશે. સદાને માટે સાચા નહીં પરંતુ આ આઠ દિવસને માટે તો આપણા પરિણામ સરળ કરવા જ પડશે, કોમળ કરવા જ પડશે, તેના વિના તો આપણું આ પંચકલ્યાણક સત્ય પ્રતિલિપિ પણ સાબીત નહીં થાય. એવી સ્થિતિમાં યથાયોગ્ય લાભ પણ કેમ પ્રાપ્ત થશે ? આ એક વિચારવા જેવી વાત છે.

અહીં પણ એક પ્રશ્ન સંભવ છે કે આપ આઠ દિવસ માટે જ પરિણામોને સુધારવાની વાત કેમ કરો છો, જીવનભરના

પરિણામો સુધારવાની વાત કેમ નથી કરતાં ?

અરે ભાઈ, અમે તો એ જ ઈચ્છિએ છીએ કે આપના બધાના પરિણામ જીવનભરને માટે જ સુધરે પરંતુ અમારી ઈચ્છાથી શું થાય છે ? જો પ્રતિષ્ઠાચાર્ય જીનવભરને માટે પ્રતિજ્ઞાઓ દેવા લાગે તો તેને ન તો જાપમાં બેસવાને માટે લોકો મળશે અને ન તો કોઈ ઈન્દ્ર અથવા રાજા બનશે. તેથી પ્રતિજ્ઞા તો આઠ દિવસને માટે જ બરાબર છે.

જ્યારે એક વાર આઠ દિવસ માટે આપણાં જીવન સદાચારમય થઈ જશે, શુદ્ધ, સરળ, સહજ અને સાત્વિક થઈ જશે તો આપણે તેના લાભથી પણ સારી રીતે પરિચિત થઈ જશું તેથી એવું પણ થઈ શકે છે કે, ફરી આપણે જીવનભર જ શુદ્ધ, સાત્વિક, સરળ અને સદાચારી બની રહીશું.

જે કોઈ વ્યક્તિ બીડી પીવે છે, તમાકુ ખાય છે, ચા પીવે છે તો તેને એવો ભ્રમ થઈ જાય છે કે હું આના વિના રહી જ નથી શકતો, પરંતુ જ્યારે તે આઠ દિવસ તેના વિના રહીને પણ સ્વસ્થ રહે છે તો તેનામાં આત્મવિશ્વાસ જાગૃત થઈ જાય છે અને તે આ પદાર્થોને જીવનભરને માટે પણ છોડી દયે છે. દિવસમાં વારંવાર ખાવાવાળા એમ સમજે છે કે એકવાર ખાશું તો કમજોરી આવી જશે, પણ જ્યારે આઠ દિવસ સુધી એકવાર જ ખાય છે અને એકદમ સારાં રહે છે તો વારંવાર ખાવાથી વિરક્ત જ થઈ જાય છે.

એક વ્યક્તિ જ્યારે પોતાના પરિવારમાં એકલી થઈ ગઈ તો તેણે કાશીમાં રહેવાનો વિચાર કર્યો તેણે પોતાની એકની એક પરણાવેલી દિકરીને પત્ર લખ્યો કે હવે જીવનભર કાશીવાસ કરવાની ઈચ્છા છે; પરંતુ કાશી જવાને પહેલાં આઠ દિવસ માટે તમારી પાસે આવવા ઈચ્છું છું. હું મારી આંખોથી એ જોવા ઈચ્છું છું કે મારી દિકરી સાસરીયામાં સુખી તો છે ને, તેનું દાંપત્ય જીવન સફળ તો છે ને ? તને સુખી દેખીને હું સુખેથી કાશીવાસ કરી શકીશ અને મારૂં મરણ પણ સુધરી જશે.

પિતાનો પત્ર મળતાં પુત્રીને ચિંતા થઈ, કારણ કે તે તો પોતાના પતિથી અલગ રહેતી હતી, છૂટાછેડાની પુરેપુરી તૈયારી કરી હતી, તેને ચિંતા એ વાતની હતી કે જ્યારે પિતાજીને આ

બધું માલૂમ પડશે તો તેના શું હાલ થશે, તેનું મરણ સુધરશે કે બગડશે ?

તે પેલો પત્ર લઈને પતિના ઘરે પહોંચી તો પતિએ તેને જોતાં જ કહ્યું -

"હવે અક્કલ ઠેકાણે આવીને ?"

"અક્કલ ઠેકાણે નથી આવી, માત્ર હું જ આવી છું" કહીને તાણે પિતાજીનો પત્ર તેની સામે રાખી દીધો. પત્ર વાંચીને પતિ બોલ્યો "બોલો હું આ મામલામાં તમારી શું સહાયતા કરી શકું છું ?"

"એજ કે પિતાજીની ખાતર આપણે આઠ દિવસ પ્રેમથી પતિ-પત્નીની જેમ રહીએ, નહીં તો તેને બહું જ તકલીફ થશે."

"જ્યારે આપણામાં પરસ્પર પ્રેમ રહ્યો જ નથી તો આવું કેમ થઈ શકશે ?"

"થઈ કેમ ન શકે, આપણે પ્રેમથી થોડું જ રહેવું છે, બસ પ્રેમથી રહેવાનો અભિનય કરવો છે."

"સારું તો ઠીક છે, તમારા વૃદ્ધ પિતાને ખાતર હું એટલું કરીશ."

પરિણામ સ્વરૂપ તે બન્ને પતિ-પત્ની પિતાજીને લેવા એક સાથે સ્ટેશને પહોંચ્યા. તેને લાવીને આઠ દિવસ બધાં સાથે-સાથે ઘણાં જ પ્રેમથી રહ્યાં. જતે સમય ટ્રેન પર વિદાય કરવા પણ બન્ને સાથે-સાથે ગયાં.

જતે સમય પિતાએ બન્નેને આશીર્વાદ દેતાં અત્યંત ગદ્ગદ્ ભાવથી કહ્યું કે, હવે મારો અંતિમ સમય શાંતિથી વીતશે, હવે હું શાંતિથી મરી શકીશ, કારણ કે મેં મારી આંખોથી તમો બન્નેને અત્યંત સ્નેહથી રહેતાં જોયાં છે, તમો આદર્શ દંપતિ છો. સદા સુખી રહો, સંતુષ્ઠ રહો, તમારી જોડી ભવોભવ બની રહે. તેને ક્યાં ખબર હતી કે આ જોડી તો હવે એક મીનીટમાં જ જુદી થવાની છે. પિતાજીની ટ્રેન રવાના થઈ કે પત્ની પોતાને ઘર જવા લાગી અને પતિ પોતાને ઘર. તે આવ્યા હતા તો એક સાથે પરંતુ જવાને સમયે અલગ અલગ થઈ ગયાં.

જ્યારે પત્નીએ પતિને આ સહયોગને માટે ધન્યવાદ આપી અને આભાર માન્યો ત્યારે પતિ બોલ્યાં-

"જ્યારે આપણે બીજાની ખુશીને માટે બરાબર આઠ દિવસ પ્રેમથી રહી શક્યાં છીએ તો શું પ્રેમથી આપણે સાથે રહી ન શકીએ; ભલેને અભિનયના રૂપમાં પણ શાંતિથી રહી શકીએ છીએ, તો શું આપણી ખુશી માટે, આપણી સુખશાંતિ માટે આપણે એક સાથે ન રહી શકીયે ? ખરેખર, અભિનય કરતાં પણ એક સાથે તો રહી શકીએ જ છીએ.

બીજાનું મરણ સુધારવા માટે જે કામ કરી શક્યા છીએ, આપણું જીવન સુધારવાને માટે તે જ કામ કેમ ન કરી શકીએ ? બરાબર અભિનયે જ, પરંતુ જ્યારે આજે અભિનય કરીશું તો કાલે સાચો પ્રેમ પણ ફરી થઈ શકશે."

પત્ની બોલી-"કેમ નહી. અવશ્ય થઈ શકે છે, સાચા હૃદયથી પ્રયાસ કરવાથી શું નથી થઈ શકતું ?"

ભાષાથી તો આટલી જ વાત થઈ, બાકીની વાત તો આંખો, આંખોથી જ થઈ ગઈ, બન્નેની આંખો ભીની થઈ ગઈ અને તે એકી સાથે એક જ ઘર તરફ રવાના થયાં.

એટલા માટે તો હું કહું છું કે, આજે આપણે આ પંચકલ્યાણકમાં અભિનય કરીશું તો કાલે કલ્યાણ કરવાવાળા ભાવો રૂપે પરિણમિત પણ થશું, આઠ દિવસના અભિનયે જે પ્રકારે તે પતિ-પત્નીને જીવનભર બાંધી દીધા તે પ્રકારે આઠ દિવસનું આપનું આ સદાચારી, સરળ, સહજ, જીવન અપણાં સંપૂર્ણ જીવનને સુધારી શકે છે. તેથી આજે આઠ દિવસને માટે તો આપ આપને તે સમયના અયોધ્યાવાસીઓ જેવા બનાવો. બની શકે છે કે જે પરિણામ આપના આઠ દિવસોમાં સુધરે તે જીવનભરને માટે સુધરી જાય.

આત્માના કલ્યાણ કરવાનો આ પંચકલ્યાણક મહોત્સવ સર્વોત્કૃષ્ટ અવસર છે જો આ અવસર ઉપર પણ આપણા પરિણામ નહી સુધરે તો પછી એવો ક્યો બીજો અવસર આવશે ? સાક્ષાત તીર્થંકર તો આપને સમજાવવા માટે આવવાં રહ્યાં.

ભાઈ, આ ઉતરતા કાળમાં આ સર્વોત્કૃષ્ટ અવસર છે, તેથી

આ અવસરને ચૂકવો યોગ્ય નથી. આપના પરિણામોને સુધારવાનો મહાન અવસર છે.

આ પંચકલ્યાણક મહોત્સવ આપના કલ્યાણને માટે જ મનાવાય છે. આ ભગવાનનો નહીં, આપનો જ મહોત્સવ છે. ભગવાનનું કલ્યાણ તો થઈ ચૂક્યું છે, પરંતુ હજુ આપનું કલ્યાણ થવું બાકી છે. તેનો આ મહાન અવસર છે.

આજે ભગવાનની માતાને સોળ સ્વપ્ન આવ્યાં હતા, તેના પરિણામ નિર્મળમાં નિર્મળ થતાં ગયા હતા. તેના ગર્ભમાં ઋષભદેવ નો જીવ આવવાનો હતો. તેના પરિણામોની નિર્મળતાના જ પરિણામ સમજીએ કે અયોધ્યામાં તે દિવસથી પંદર માસ સુધી રત્નોની વર્ષા થઈ હતી. તેઓના જ કેમ; સંપૂર્ણ નગરવાસિઓના જ પરિણામ સુધરી ગયા હતા. પરિણામ સ્વરૂપ સર્વત્ર સમૃદ્ધિનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. રત્નોની વર્ષાથી વધારે શું થયું ? તે તો થઈ તેથી એ થયું કે કોઈની કંઈ આર્થિક કઠણાઈ ન રહી.

આપ બધાના પરિણામ પણ નિર્મળ થશે તો સમજવું કે રત્નોની જ વર્ષા થઈ, ખોટાં પરિણામોનું ફળ પત્થરોની વર્ષાથી થાય છે. જ્યારે પરિણામ જ ખોટાં હશે ત્યારે પત્થરોની વર્ષા ન થાય તો બીજું શું થાય ? તેથી આપણે બધા આપણા પરિણામોને સુધારીએ, ધીરે-ધીરે પરિણામોને નિર્મળ કરીએ, જેનાથી પોતાનું તો કલ્યાણ થશે જ, આ મહોત્સવ પણ સફળ થશે, સાર્થક થશે.

રત્નોની વર્ષા પણ ઈન્દ્રોએ જ કરી હતી, દેવોએ પણ કરી હતી, અયોધ્યા વાસિઓએ પણ કરી હતી. આપ પણ ઈન્દ્ર બની ગયા છો ને, કુબેર બની ગયા છો ને ? અયોધ્યાવાસી થઈ ગયા છોને ? હવે આપને જ તો કરવી છે. રત્નોની વર્ષા, આપ નહીં કરો તો કોણ કરશે ? આપ રત્નોની વર્ષામાં રત્નોને એકઠાં કરવાવાળા બનવાનું ન વિચારો. રત્નોની વર્ષા કરવાવાળા બનો.

બધા પરિણામોના ખેલ છે. આ પંચકલ્યાણક મહોત્સવ પણ પરિણામ સુધારવાનું સર્વોત્કૃષ્ટ નિમિત્ત છે. આચાર્ય પૂજ્યપાદે તેને સમ્યગ્દર્શનનું નિમિત્ત કહેલ છે. સમ્યગ્દર્શન પણ આત્માના આત્સન્મુખ નિર્મળ પરિણામોનું નામ છે.

પરિણામ પણ અપરિણામી ભગવાન આત્માના આશ્રયથી

સુધરે છે. તેથી આપના ઉપયોગને સંપૂર્ણ જગતથી હટાવીને ત્રિકાળી ધ્રુવ નિજ ભગવાન આત્મામાં કેન્દ્રિત કરો, ભગવાન બનવાનો આ ઉપાય છે. હવે રાજારાણી અને ઈન્દ્ર-ઈન્દ્રાણી બનવાનો વિકલ્પ છોડીને સ્વયં ભગવાન બનવાની ભાવના જાગૃત કરો.

ઈન્દ્ર ઈન્દ્રાણી અને રાજા રાણી તો જેને બનવું હતું તે બની ગયાં, આપ તો અયોધ્યાવાસી જ થઈ જાવ અને એવા સ્વપ્ન સેવો કે આપ પણ ભગવાન બનવાની પ્રક્રિયાનો આરંભ કરી રહ્યાં છો.

હવે કાલથી પંચકલ્યાણકના મૂળ દિવસનો આરંભ થશે. કાલે ગર્ભકલ્યાણક છે. હવે આપ આપના માનસને એવું બનાવવાનો પ્રયત્ન કરજો કે જેમ જેમ કાર્યક્રમ આગળ વધે તેમ તેમ આપના પરિણામ પણ વધતાં જાય. આ પંચકલ્યાણકની સમાપ્તિ નિર્વાણના રૂપમાં થશે. આપના પરિણામ પણ તે દિશામાં વધવાં જોઈએ. ત્યારે આપનું અમારા આ પંચકલ્યાણકમાં સામેલ થવું સાર્થક થશે, સફળ થશે.



ચોથો દિવસ

## ગર્ભકલ્યાણક

આજે ગર્ભકલ્યાણકનો દિવસ છે. પંચકલ્યાણક મહોત્સવનો ચોથો દિવસ અને પંચકલ્યાણકનો પહેલો દિવસ. ગર્ભકલ્યાણક; જન્મ કલ્યાણક; તપકલ્યાણક; જ્ઞાન કલ્યાણક અને મોક્ષ કલ્યાણક આ પાંચ કલ્યાણક થવાના હોવાથી આ મહોત્સવને પંચકલ્યાણક મહોત્સવ કહે છે.

कल्याणं करोतीति कल्याणकः । કહેલ વ્યુત્પત્તિની અનુસાર કલ્યાણ કરવાવાળાને કલ્યાણક કહે છે. આ પાંચેય કલ્યાણક આત્માનાં કલ્યાણનું ઉત્કૃષ્ટ નિમિત્ત હોવાને કારણે કલ્યાણક કહેવાય છે. આપણે બધાં પણ આત્મકલ્યાણ કરવા જ ઈચ્છિએ છીએ, એટલા કારણે આપણે બધા આ પંચકલ્યાણકમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યાં છીએ.

અહીં એક પ્રશ્ન સંભવ છે કે મોક્ષ તો કલ્યાણ સ્વરૂપ છે જ, કેવળજ્ઞાન પણ કલ્યાણરૂપ જ છે. તપ પણ કલ્યાણનું કારણ છે તેથી તપકલ્યાણક, જ્ઞાનકલ્યાણક અને મોક્ષકલ્યાણક એમ ત્રણને તો કલ્યાણક કહેવું બરાબર જ છે પરંતુ ગર્ભમાં આવવું અને જન્મ લેવો તે તો કલ્યાણનું કારણ નથી પરંતુ અહીં તેને પણ કલ્યાણક કહી રહ્યાં છો.

ગર્ભમાં પણ બધાં આવે છે અને જન્મ પણ બધા લે છે. પ્રત્યેક આત્માએ અનંત જન્મમરણ કર્યા છે અને અનંત દુઃખ પણ ઉઠાવેલ છે. જે જન્મ મરણ દુઃખરૂપ અને દુઃખનું કારણ છે તેને કલ્યાણ સ્વરૂપ કેમ માની શકાય ? આ એક વિચારવાની વાત છે.

જન્મ મરણનો દોષ છે, તેનો અભાવ કરીને આત્મા પરમાત્મા બને છે. જે અઢાર દોષોથી રહિત થાય છે તે જ વીતરાગી કહેવાય છે. અઢાર દોષોમાં જન્મ અને મરણનું નામ બધાની પહેલાં આવે છે. "जन्म मरण तिरखा छुधा विस्मय आरत खेद" ઈત્યાદિ દોષોના નામ ગણાવવાવાળા છંદમાં જન્મમરણનું નામ બધાની પહેલાં આવે છે. જે દોષોમાં મુખ્ય હોય એવા જન્મને કલ્યાણ સ્વરૂપ કેમ કહી શકાય ?

આપણે પૂજનમાં ओं ह्री માં બોલીએ છીએ કે,

'જન્મ જરામૃત્યુ વિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા' તાત્પર્ય એ છે કે, જન્મ જરા અને મૃત્યુના વિનાશને માટે જળ ચઢાવું છું. જેના નાશની ભાવના આપણે પ્રતિદિન ભાવીએ છીએ તેને કલ્યાણસ્વરૂપ કેમ કહી શકાય ?

સૌથી મોટી વાત એ છે કે જો ગર્ભ અને જન્મનો પણ ઉત્સવ મનાવી શકાય છે તો પછી તીર્થંકરોનો જ કેમ, અમારો તમારો કેમ નહી ? કારણ કે ગર્ભમાં તો આપણે પણ આવ્યાં હતા, જન્મપણ આપણો થયો હતો. આપણે દીક્ષા નથી લીધી, આપણને કેળવજ્ઞાન પણ નથી થયું. આપણને મોક્ષની પણ પ્રાપ્તિ નથી થઈ. તેથી અમારા આ ત્રણ કલ્યાણક તો મનાવી નથી શકાતાં પરંતુ ગર્ભ અને જન્મ તો અમારો પણ થયો છે તેથી ગર્ભ અને જન્મનો ઉત્સવ તો અમારો પણ મનાવી શકાય છે. થોડા લોકો આ પ્રકારનો ઉત્સવ કરે પણ છે. બર્થ ડેના નામથી આ પ્રકારનો ઉત્સવ થતો પણ જણાય છે.

મનુષ્યમાં જન્મ લેવો એ આજે એક સમસ્યા બની ગઈ છે. સરકાર આ વાતથી પરેશાન છે કે આટલાં લોકો જન્મ કેમ લઈ રહ્યાં છે ? જન્મદર ઓછો કરવાને માટે સરકાર પરિવાર નિયોજનના નામથી કરોડો રૂપિયા ખર્ચ કરી રહી છે "અમે બે અને અમારા બે"ના નારા લગાવી રહી છે. તો પણ આપણે જન્મનો ઉત્સવ મનાવી રહ્યાં છીએ. તેને કલ્યાણ સ્વરૂપ કહી રહ્યાં છીએ.

તેવાં છે થોડા સવાલ જે આજે લોકોના હૃદયમાં હેલારો કરે છે તેના સંદર્ભમાં પણ વિચાર કરવો જોઈએ.

અરે ભાઈ, આ તો જન્મ મરણનો નાશ કરવા માટેનો જન્મોત્સવ છે. તે જન્મ તો કલ્યાણ સ્વરૂપ જ છે; જેમાં જન્મ મરણનો નાશ કરવાનો અપૂર્વ પુરુષાર્થ કરાય છે. આપણે ભલેને અનંત જન્મ લીધો હોય પરંતુ જન્મ-મરણનો નાશ કરવાનો પુરુષાર્થ કોઈપણ જન્મમાં નથી કર્યો તેથી આપણા જન્મનો ઉત્સવ કરવો યોગ્ય નથી. જે જન્મ સ્વ પરના કલ્યાણથી સાર્થક થયો છે તે જ જન્મ કલ્યાણ સ્વરૂપ હોય છે. આ કારણે તીર્થંકરોના જન્મકલ્યાણક મહોત્સવ મનાવાય છે.

આ તેનો અંતિમ જન્મ હતો એટલા માટે કલ્યાણ સ્વરૂપ

થઈ ગયો, આના પછી તેનો જન્મ નહી થાય. જન્મ નહી થાય તો મરણ પણ નહી થાય, કારણ કે મરણ સંજ્ઞા તે દેહાવસાનની છે, જેના પછી અન્ય દેહ ધારણ ન થાય; ક્યાંક અન્યત્ર જન્મ ન થાય. આ દેહાવસાનને તો નિર્વાણ અથવા મોક્ષ કહે છે. જેનો પછી જન્મ નથી થતો. જન્મ-મરણના અભાવનું નામ જ નિર્વાણ છે, મોક્ષ છે.

જેના જન્મ પછી મરણ ન થાય, નિર્વાણ થાય તે જન્મ જ કલ્યાણ સ્વરૂપ છે, તેનો જ આ પ્રકારનો મહોત્સવ મનાવાય છે.

કહ્યું પણ છે

सित छटवीं आषाठ, माँ त्रिशला के गर्भ में ।
अन्तिम गर्भावास यही जान प्रणमं प्रभो ॥
तेरस दिन सित् चैत्, अन्तिम जन्म लियो प्रभु ।
नृप सिद्धार्थ निकेत, इन्द्र आय उत्सव कियो ॥ (1)

અંતિમ જન્મ અને અંતિમ ગર્ભાવાસ જ ઉત્સવને યોગ્ય છે, તે જ કારણ છે કે તીર્થંકરોના ગર્ભ અને જન્મને કલ્યાણ સ્વરૂપ માનેલ છે. અમારો તમારો નહીં, કારણ કે અમોને તમોને નથી માલુમ કે હવે કેટલાં જન્મ ધારણ કરવાનાં છે, કેટલીવાર મરવાનું છે.

રહી અમે બે અને અમારા બેની વાત, તો ભાઈ અમારા તીર્થંકર તો એકલા જ હોય છે, તેના કોઈ સગા ભાઈ-બહેન નથી હોતાં, પરંતુ સંયમનાં માર્ગથી પોતાના પરિવારને નિયોજિત રાખે છે, આજના લોકોની જેમ કૃત્રિમ સાધનોથી નહી.

જન્મ કલ્યાણની વિશેષ ચર્ચા તો કાલે થશે, આજે તો ગર્ભકલ્યાણકનો દિવસ છે. કાલે ગર્ભકલ્યાણકની પૂર્વક્રિયાને દિવસે આપણે તીર્થંકરની માતાના સોળ સ્વપ્ન જોયા હતા અને આજે સવારે મહારાજા નાભિરાયે મહારાણી મરુદેવીને તેનું ફળ બતાવેલ, તે પણ આપણે જોયું એ પણ જોયું કે માતા મરુદેવીની છપ્પન કુમારીકાઓ વિવિધ પ્રકારથી સેવા કરે છે, અષ્ટ દેવીયો તેનું મંગળ ગીત ગાય છે, બધા પ્રકારની અનુકૂળતા પ્રદાન કરે છે, તેના ચિત્તને પ્રસન્ન રાખવા માટે તેને અનેક પ્રકારના પ્રશ્નોત્તર કરે છે, ઉખાણા પૂછે છે, તત્ત્વચર્ચા કરે છે.

(1) મહાવીર પૂજન ગર્ભકલ્યાણ ઔર જન્મકલ્યાણક કે અર્ઘ.

હજુ તો તીર્થંકરનો જીવ ગર્ભમાં પણ નથી આવ્યો કે તેની પહેલાં જ રત્નોની વર્ષા, દેવીઓ દ્વારા માતાની સેવા તથા અયોધ્યાના બધા નાગરિકો, માતા-પિતા અને પરિવારજનોને સર્વપ્રકારે અનુકૂળતા થઈ ગયેલ છે. તીર્થંકર પ્રકૃત્તિ જેવા મહાન પૂણ્યની સાથે થોડો એવો પાણ પૂણ્યબંધ સહજજ થાય છે. જે આગળ-આગળ ચાલીને સર્વપ્રકારની અનુકૂળતા પ્રદાન કરે છે.

ન તો તે હજુ ભગવાન બન્યા છે અને ન તીર્થંકર નામની નામકર્મની પ્રકૃત્તિનો પણ ઉદય આવ્યો છે. તેરમે ગુણસ્થાને જ ભગવત્તા પ્રગટ થશે, સર્વજ્ઞતા પ્રગટ થશે અને તેરમે ગુણસ્થાને તીર્થંકર પ્રકૃત્તિનો ઉદય પણ આવશે. ત્યાં સુધી તો ત્રણ-ત્રણ કલ્યાણક થઈ ચુક્યાં હશે. તો પણ તેના ગર્ભમાં આવ્યા પહેલાં જ સર્વપ્રકારની અનુકૂળતા થઈ જાય છે, ઈન્દ્ર અને દેવતા સેવામાં હાજર રહે છે, પાંડુકશિલા ઉપર જન્માભિષેક થાય છે.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શું તે જન્મથી ભગવાન ન હતા, જન્મથી જ તીર્થંકર ન હતા ? જો એવું છે તો પછી લોકો એવું કેમ કહે છે કે ભગવાન ગર્ભમાં આવ્યાં, ભગવાનનો જન્મ થયો, ભગવાને દીક્ષા લીધી..... વગેરે.....

ભાઈ, આ બધા તો વ્યવહારના વચન છે. એ તો તમે જાણો છો કે ભગવાન તો તેને કહે છે જે સર્વજ્ઞ, વીતરાગી અને હિતોપદેશી હોય. આચાર્ય સમન્તભદ્ર રત્નકરણ્ડ શ્રાવકાચારમાં લખે છે :

"आप्तेनोच्छिन्न दोषेण सर्वज्ञेनागमेशिना ।
भवितव्यं नियोगेन नान्यथा ह्याप्तता भवेत्।।

"જે વીતરાગી, સર્વજ્ઞ અને હિતોપદેશી હોય, તે જ સાચા દેવ (ભગવાન) છે, આપ્ત છે, કારણ કે તેના વિના આપ્તતા સંભવ નથી."

પૂર્ણ વીતરાગતા, સર્વજ્ઞતા અને પૂર્ણ હિતોપદેશીપણું તો તેરમે ગુણસ્થાને પ્રગટ થાય છે તથા તીર્થંકર પ્રકૃત્તિનો ઉદય પણ તેરમે ગુણસ્થાને જ થાય છે. કોઈપણ પ્રકૃત્તિ ઉદયમાં આવ્યા પહેલાં કાર્યકારી નથી થતી. સત્તામાં તો કોઈ મનુષ્યનું નરકાયુ પણ પડયું હોય શકે છે, પરંતુ તેને નારકીતો નથી માની શકાતો કારણ કે

તેને નારકી માનવાથી મનુષ્ય નહી માની શકાય. એવું થવા પર પણ ભાવિનૈગમનયથી તેને નારકી પણ કહેવાય છે, આ પ્રકારે ભાવિનૈગમનયથી જ જન્મના સમયે પણ તેને તીર્થંકર અને ભગવાન કહેવાય છે.

જો તેને જન્મથી જ ભગવાન માનવામાં આવે તો પછી ભગવાનના જન્મની જેમ ભગવાનના લગ્ન પણ માનવા પડશે. જો કે ભગવાનના જે સર્વોત્કૃષ્ટ ભક્ત છે એવા મુનિરાજ પણ બ્રહ્મચારી હોય છે તો પછી ભગવાન શાદીશુદા કેમ હોઈ શકે ?

વ્યવહારથી આપણે કંઈપણ કહીએ, પરંતુ નિશ્ચયથી તો બધાને તે જ જાણવું માનવું જોઈએ કે ભગવતતા તો કેવળજ્ઞાન થયા પછી જ પ્રગટ થાય છે. આપણે વચનોનો વ્યવહાર પણ સાવધાનીથી કરવો જોઈએ જેનાથી ખોટો ભ્રમ ન ફેલાય. અમારા પ્રતિષ્ઠાચાર્યોની વાત આપ ધ્યાનથી સાંભળશો તો તે એજ કહેતા મળશે કે તીર્થંકરનો જીવ માતાના ગર્ભમાં આવ્યો, બાળકનો જન્મ થયો, જેનું નામ ઋષભ રાખ્યું, રાજકુમાર ઋષભની શાદી થઈ, યુવરાજ ઋષભનો રાજતિલક થયો, મહારાજ ઋષભે દીક્ષા લીધી, મુનિરાજ ઋષભને કેવળજ્ઞાન થયું અને ભગવાન ઋષભદેવને મોક્ષની પ્રાપ્તિ થઈ.

શોભા પણ આ જ આપે છે કારણ કે આમાં આત્મામાંથી પરમાત્મા બનવાની પ્રક્રિયાનો ક્રમિક વિકાસ સ્પષ્ટ પ્રતિભાસિત થાય છે. તો પણ જો કોઈ ભગવાનના જન્મ આદિ શબ્દોનો પ્રયોગ કરે છે તો તેમ સમજીને સમાધાન કરી લેવું જોઈએ કે આ ભાવિનૈગમનયથી કહી રહ્યાં છે.

ખરેખર : વાત તો એવી છે કે જન્મ તો બાળકનો જ થાય છે. તાત્પર્ય એ છે કે જન્મના સમયે તો દરેક વ્યક્તિ બાળક જ હોય છે. રાજાનો જન્મ નથી થતો, પ્રધાનમંત્રીનો પણ જન્મ નથી થતો પરંતુ લોકોમાં કહેવાતું તો એમ જ હોય છે કે રાજા દશરથનો જન્મ અમુક દિવસે અમુક રાજાના ઘરમાં થયો હતો. અથવા અમારા પ્રધાનમંત્રીનો જન્મ અમુક દિવસે થયો હતો. જન્મના સમયે ન તો દશરથ રાજા હતા અને ન જન્મના સમયે અમારા આજના પ્રધાનમંત્રી, પણ તે સમયે પ્રધાનમંત્રી જ હતા. આપણે કહીએ કંઈપણ પરંતુ એ વાત આપણે સારી રીતે જાણીએ છીએ.

પરંતુ ખબર પડતી નથી કે તીર્થંકર અને ભગવાનના સંદર્ભમાં કેમ ભૂલી જઈએ છીએ અને તેને જન્મથી જ ભગવાન અથવા તીર્થંકર માનવા લાગીએ છીએ, જેનાથી ઘણી જ મોટી સૈદ્ધાંતિક ભૂલ થઈ જાય છે.

આના ઉપરથી થોડા લોકો કહે છે કે આપતો કહો છો કે સ્વભાવથી તો બધા ભગવાન છે, પશુ પણ પરમેશ્વર છે, તેથી આપણે તેને સ્વભાવથી ભગવાન માની ભગવાન શબ્દનો પ્રયોગ કરીએ તો શું આપત્તિ છે ?

કંઈ નહીં પરંતુ આ પ્રકારે તો તેને જ કેમ, આપ પોતે પણ ભગવાન શબ્દનો પ્રયોગ કરી શકો છો, કારણ કે સ્વભાવથી તો બધા ભગવાન જ છે. સાચે જ વાત એવી છે કે શબ્દોનો વ્યવહારિક પ્રયોગ સ્વભાવના આધાર પર નહીં, પર્યાયના આધાર પર થાય છે. જ્યારે તે પર્યાયમાં પણ સર્વજ્ઞ-વીતરાગી ભગવાન બની જશે ત્યારે તેને ભગવાન કહી શકાય છે. જે આજે કહીએ તો તે કથન ભાવિનૈગમનયનું જ હશે.

સમજવાની વાત તો એ છે કે રાજા ઋષભદેવે દીક્ષા ભગવાન બનવાને માટે જ લીધી હતી. જો તે ભગવાન હતા તો દીક્ષાની શું આવશ્યક્તા હતી ? તેથી જ્યારે દીક્ષાની વાત આવે તો એ કહેવું બરાબર છે કે રાજા ઋષભદેવે દીક્ષા લીધી. બીજી વાત એ પણ છે કે તમે મનમાં ભલેને સમજો કે અમે તો ભગવાન શબ્દનો પ્રયોગ સ્વભાવની અપેક્ષા કરી રહ્યાં છીએ પરંતુ જગત તો તેને પર્યાયની અપેક્ષાએ સમજે છે અને તેનાથી એક અનર્થની પરંપરા થઈ શકે છે.

જેમ લોકો કહે છે કે ભગવાન ઋષભદેવે યુગના આદિમાં લોકોને અસિ, મસિ, કૃષિ, વાણિજ્ય આદિમાં પ્રશિક્ષિત કર્યા તો શું ભગવાન તલવાર ચલાવતાં પણ શિખવાડે છે, ખેતી કરવી પણ શિખવાડે છે, વ્યાપાર કરવો પણ શિખવાડે છે ? ખરેખર તો આ બધું તો તેઓએ રાજાની અવસ્થામાં જ કર્યું હતું, તેથી એમ જ કહેવું બરાબર છે કે રાજા ઋષભદેવે અસિ, મસિ, આદિનો ઉપદેશ દીધો, કારણ કે ભગવાને આપેલ ઉપદેશ તો સર્વગ્રાહ્ય હોય છે તો શું બધા ધાર્મિક જનોએ અસિ, મસિ, આદિ કાર્ય કરવું આવશ્યક છે ? શું તે કાર્ય ધર્મકાર્ય છે ? ભગવાન તો કેવળ ધર્મોપદેશ આપે

છે. ધંધા-પાણીનો ઉપદેશ નહી, તેની તો દિવ્યધ્વનિ છૂટે છે. તે જ ભગવાન ઋષભદેવનો ઉપદેશ છે તેની પહેલા તેઓએ જે થોડું પણ કહયું તે બધી રાજા ઋષભદેવની કથની છે, જે મુક્તિ માર્ગમાં આવશ્યક નથી. મુનિ દીક્ષા લેવાની પહેલાં જે પણ કથની અને કરણી છે તે બધી રાજા ઋષભદેવની માનીને વિચાર કરવો જોઈએ કેવળજ્ઞાન થયા બાદ જે દિવ્યધ્વનિ છૂટી તે બધો ભગવાન ઋષભદેવનો ઉપદેશ છે, જો કે તે બધું મુક્તિના માર્ગમા પુરી રીતે આચરણીય અને માનનીય છે.

ગર્ભકલ્યાણક, જન્મ કલ્યાણક અને દીક્ષા કલ્યાણકના જે ઉત્સવ ઈન્દ્રો દ્વારા, દેવો દ્વારા અને નાગરિકો દ્વારા સંપન્ન થાય છે તેમાં તીર્થંકર પ્રકૃતિ નિમિત્ત પણ નથી, કારણ કે કોઈપણ પ્રકૃત્તિ ઉદયમાં આવતા પહેલાં કોઈ કાર્યમાં નિમિત્ત નથી થઈ શક્તિ, તીર્થંકરોને તીર્થંકર પ્રકૃતિની સાથે અવિનાભાવીં રૂપથી આ પ્રકારના અન્ય પુણ્યનો બંધ થાય છે. જે ઉદયમાં આવીને આ મહોત્સવોનું નિમિત્ત બને છે.

ઈન્દ્રાદિ અવધિજ્ઞાન આદિથી એ જાણે છે કે આ તીર્થંકર અને સર્વજ્ઞ પરમાત્મા થવાવાળા છે તથા તેના દ્વારા ધર્મતીર્થનું પ્રવર્તન થશે. ભક્તિભાવથી તે બધા ઉત્સવ કરે છે. આપણે બધા પણ એ ભક્તિભાવથી આ મહોત્સવમાં સામેલ થયાં છીએ, આપણા કલ્યાણની સાથે સાથે જગતના કલ્યાણની ભાવના પણ આ મહોત્સવના મૂળમાં છે.

મૂળમાં તો આપણે બધા આત્મકલ્યાણની ભાવનાથી જ આ પંચકલ્યાણકમાં સામેલ થયાં છીએ તેથી આપણે આપણી ભાવનાઓને નિર્મળ બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પંચકલ્યાણક પ્રતિષ્ઠામાં પધારવાથી આપના પરિણામ નિરંતર નિર્મળ થઈ પણ રહ્યાં છે તેનો અનુભવ આપ સ્વયં પણ કરી રહ્યાં હશો. અમે તો કરી જ રહ્યાં છીએ. આપ જેટલા ઉત્સાહથી ભાગ લઈ રહ્યા છો જેટલા સમર્પિત ભાવથી યોગદાન કરી રહ્યાં છો તેનાથી પ્રતીત થાય છે કે આપની ભાવનાઓમાં નિર્મળતા વધી છે. આપના સમય અને શ્રમનો સદુપયોગ થઈ રહેલ છે. પૈસાનો સદુપયોગ પણ થઈ રહેલ છે.

માની લ્યો કે આપ અહીં ન આવ્યા હોત, પંચકલ્યાણકમાં

સામેલ ન થયા હોત, ઈન્દ્ર ન બન્યા હોત તો ક્યાં હોત, આપ શું કરી રહ્યાં હોત ? જરા તેની કલ્પના કરી જુવો, દુકાન પર બેઠા હોત, ગ્રાહક પતાવી રહ્યાં હોત, ટી.વી. જોઈ રહ્યાં હોત અથવા કંઈ ખા પી રહ્યા હોત, ચા-પાણી કરી રહ્યા હોત અથવા ક્યાંય બેઠા બેઠા ગપસપ કરી રહ્યા હોત. આ બધા કામ તો પાપના જ કામ છે, પાપ બંધનું કારણ છે.

આપ અહીં આવી ગયાં છો તો શાંતિપૂર્વક બેસીને ભગવાનના ગુણાનુવાદ કરી રહ્યાં છો, તત્વચર્ચા સાંભળી રહ્યાં છો, વિદ્વાનોના પ્રવચનોના માધ્યમથી આપના તત્વજ્ઞાનને નિર્મળ કરી રહ્યાં છો, પંચકલ્યાણકોના દ્રશ્ય દેખીને આપના પરિણામોને નિર્મળ કરી રહ્યાં છો. આ બધું પુણ્યકાર્ય છે, પવિત્ર કાર્ય છે, પુણ્યબંધ કરવાવાળું કાર્ય છે, સદ્ધર્મની વૃદ્ધિ કરવાવાળું કાર્ય છે. સદ્જ્ઞાન પ્રાપ્તિનું મંગળ કાર્ય છે. આપ જે પૈસા આ પંચકલ્યાણકમાં ખર્ચ કરી રહ્યાં છો, ઈન્દ્ર બનવામાં કરી રહ્યાં છો, મંદિર બનાવવામાં ખર્ચ કરી રહ્યાં છો, સાધર્મિઓની સેવામાં ખર્ચ કરી રહ્યાં છો, જિનવાણીના પ્રચાર-પ્રસારમાં કરી રહ્યાં છો, જો આ પૈસા આમાં ખર્ચ નહીં કરો તો કેમાં ખર્ચ કરશો ?

વિચારીએ, જરા વિચારીએ તો, મકાન બનવામાં કરી રહ્યાં હોત, લેટ્રીન, બાથરૂમમાં ટાઈલ્સ જડવામાં કરી રહ્યાં હોત, ભક્ષ્યાભક્ષ્ય ભક્ષણમાં કરી રહ્યાં હોત, હરવા-ફરવામાં કરી રહ્યાં હોત, ભોગ-વિલાસમાં કરી રહ્યાં હોત, પંચેન્દ્રિયોની વિષય સામગ્રી મેળ-વવામાં કરી રહ્યાં હોત, કષાયોના પોષણમાં ખર્ચ કરી રહ્યાં હોત.

અહીં આવવાથી આપના સમયનો સદુપયોગ થઈ રહ્યો છે, શક્તિ અને શ્રમનો સદુપયોગ થઈ રહ્યો છે. પૈસાનો પણ સદુપયોગ થઈ રહ્યો છે, પરિણામ પણ નિર્મળ થઈ રહ્યાં છે, આનાથી વધારે બીજું શું જોઈએ આપને ?

હાં એક વાત અવશ્ય છે કે આટલાથી જ સંતોષી ન થઈ જાવ, પોતાના ભગવાન આત્માને જાણવા ઓળખવામાં પણ ઉપયોગને લગાડો કારણ કે, આ પંચકલ્યાણકમાં પધારવાનો અસલી લાભ તો પોતાના ભગવાન આત્માને જાણીને ઓળખીને, તેમાં જ જામીને-ઠરીને ભગવાન બનવાની પ્રક્રિયા સ્વયંમમાં આરંભ કરી દેવામાં છે તેથી સ્વયં ભગવાન બનવાની પ્રક્રિયા

સમજવામાં ઉપયોગ લગાવો.

સંપૂર્ણ જગતના જીવ આત્મકલ્યાણનો માર્ગ પ્રાપ્ત કરો એવી વાત્સલ્ય ભાવનામાં જ તીર્થંકર પ્રકૃતિનો બંધ થાય છે અને તેના પરિણામ સ્વરૂપ જ તીર્થંકરનો આ પ્રકારે યોગ બને છે કે તેના ધર્મોપદેશથી લાખો જીવ આત્મકલ્યાણના પાવન પથ પર ચાલી નીકળે છે. તે શૈભાગ્યશાળીઓમાં આપણે પણ સામેલ થઈએ. આ મંગળભાવનાથી જ આપ બધા પધાર્યા છો, તેથી આપ બધા આ પાવન પ્રસંગથી આપના મનને નિર્મળ બનાવી આત્મકલ્યાણનો માર્ગ પ્રશસ્ત કરો. એ જ મંગળ ભાવના છે.



**પાંચમો દિવસ**

## જન્મ કલ્યાણક

આજે જન્મકલ્યાણકનો દિવસ છે. પંચકલ્યાણક મહોત્સવનો પાંચમો દિવસ અને પંચકલ્યાણકનો બીજો દિવસ. આજે આપણે ઋષભદેવના જન્મોત્સવનો મહાન ઉત્સવ જોયો છે અને પાણ્ડુક શિલા ઉપર તેનો જન્માભિષેક પણ જોયો છે; કર્યો છે. બધા માર્મિક દ્રશ્યોને જોવાની સાથે-સાથે પ્રતિષ્ઠાચાર્યજીનું ઘણું બધું સાંભળ્યું છે, સમજ્યા પણ છો.

આ અવસર્પિણીકાળના પ્રથમ તીર્થંકર ઋષભદેવનું આયુષ્ય ચોર્યાસીલાખ પૂર્વનું હતું, જેના પાંચ કલ્યાણકોના રૂપમાં પાંચ દિવસમાં વિભાજીત કરીને પ્રસ્તુત કરાય છે. ગર્ભકલ્યાણકનો દિવસ તો લગભગ નવ માસનો જ હતો પરંતુ આ જન્મ કલ્યાણકનો દિવસ ત્યાંસી લાખ પૂર્વનો છે. જન્મ કલ્યાણકનો અર્થ માત્ર જન્મ દિવસથી નથી, પરંતુ જન્મકલ્યાણકના દિવસે જ તે બધી ચીજો પ્રસ્તુત કરાય છે. જે દીક્ષા લેવાની પહેલાં સુધી બનેલ હોય છે. જેમ કે પાલના ઝૂલન, યુવરાજ પદની પ્રાપ્તિ, રાજ્યાભિષેક વગેરે. ઋષભદેવ વીસ લાખ પૂર્વ સુધી તો કુમાર અવસ્થામાં રહ્યાં અને ત્યારબાદ ત્રેસઠ લાખ પૂર્વ સુધી રાજ કર્યું. તેની વચ્ચે શાદી-વિવાહ, પુત્રોત્પતિ, આદિ બધા પ્રસંગ બન્યા. આજના દિવસે તે બધા માર્મિક પ્રસંગોની ચર્ચા કરવી છે, જેનાથી આપણને થોડું શીખવા-સમજવાનું મળે.

આજનો એ એક દિવસ ત્યાંસી લાખ પૂર્વને પોતાનામાં એકઠા કરે છે.

જ્યારે રાજકુમાર ઋષભદેવ યુવાવસ્થાને પ્રાપ્ત થયા ત્યારે તેના માતા-પિતાને તેનો વિવાહ કરવાનો વિકલ્પ આવ્યો. તે વિચારવા લાગયાં કે ઋષભ તો એકદમ આધ્યાત્મિક પ્રકૃતિનો યુવક છે, રાગરંગમાં તેનું મન લાગતું જ નથી તે તો નિરંતર આત્મચિંતનમાં જ લીન રહે છે. તેને વિવાહ કરવાને માટે રાજી કરવા સહેલી વાત નથી. લાગે તો એવું છે કે તે શાદી કરશે જ નહી. તો પણ આપણું કર્તવ્ય તો એ છે કે આપણેતેને શાદી કરવાને માટે પ્રેરિત કરીએ, તેને યોગ્ય કન્યાની તલાશ કરીએ, પછી જે થવું હશે તે થશે, થશે તો તેજ.

મહારાજા નાભિરાય અને મહારાણી મરુદેવીએ પરસ્પર

વિચાર-વિમર્શ કરીને રાજકુમાર ઋષભદેવની સાથે શાદી કરવાના સંદર્ભમાં ચર્ચા કરવાનો નિશ્ચય કર્યો.

નાભિરાય બોલ્યા-"ઋષભ બહુજ બુદ્ધિમાન અને વિવેકી રાજકુમાર છે. તેને તર્ક-વિતર્કમાં જીતવાનું સહેલું નથી, તો પણ આપણે તે યુક્તિઓ ઉપર વિચાર કરી લેવો જોઈએ જેના આધાર-ઉપર તેને શાદી કરવા માટે રાજી કરી શકાય."

મહારાણી મરુદેવી બોલ્યા-"તમારા તર્ક-વિતર્કથી કંઈ બનવાનું નથી, તેના હૃદયને તો ભાવિકતાથી જ જોડી શકાશે. હજારો તર્ક-વિતર્ક જ્યાં નિષ્ફળ થાય છે; હૃદયને પીગળાવવાવાળી ભાવનાઓનો ઉદ્વેગ ત્યાં પણ રસ્તો કાઢે છે. તેથી હું તો તેને ભાવનાના વેગમાં જ વહેડાવીશ. મને વિશ્વાસ છે કે મારી આંતરિક ભાવના અવશ્ય સફળ થશે. માની મમતાને કોણ ઠુકરાવી શકે ?

"વાત તો તું બરાબર કહે છે, કારણ કે સ્ત્રીઓની સૌથી મોટી શક્તિ ભાવાવેગ છે. પરંતુ તું એ કેમ ભૂલી જાય છે કે ભાવાવેગનું આ શસ્ત્ર પણ રાગિઓ પર જ ચાલે છે. વૈરાગીઓ પર નહીં. જો વૈરાગી પણ તેનાથી પરાસ્ત થવા લાગશે તો અત્યાર સુધી કોઈ દીક્ષા જ ન લેત, કારણ કે આ શસ્ત્રનો પ્રયોગ તો પ્રત્યેક મા કરે છે. પત્નિઓ પણ કરે છે, પરંતુ અસલી વૈરાગીને તો આજ સુધી ન તો કોઈ મા રોકી શકી છે અને ન કોઈ પત્નિ, વિવેકી વૈરાગીઓ પર ન તો તર્કનો વશ ચાલે છે અને ન તો તે ભાવનાઓના વેગમાં વહે છે. તેથી ઋષભ ઉપર ન તો તમારી ભાવનાઓની અસર થવાની છે અને ન મારા તર્કની."

"તમે તો હંમેશા નિરાશાની જ વાત કરો છો, કંઈ પણ થાય આપણે સમજાવવું તો પડશે જ, વાત તો કરવી પડશે, બની શકે છે કે તે આપણી વાત માની લ્યે, આપણા દિલને ન તોડે."

"વાત તો કરવી જ છે, કારણ કે આપણું કર્તવ્ય પણ છે કે આપણે તેના વિવાહની વ્યવસ્થા કરીએ, તે માટે પ્રયત્નપૂર્વક તેને રાજી કરીએ, પ્રત્યેક મા-બાપનું એ કર્તવ્ય છે કે તે પોતાના સંતાનને યોગ્ય શિક્ષા-દીક્ષા પછી તેના લગ્ન કરે, તેને ગૃહસ્થધર્મમાં નિયોજિત કરે. આપણે પણ આપણા આ કર્તવ્યનું

પાલન કરવું જ છે, પરંતુ વ્યર્થની કલ્પનાઓનો પુલ બાંધવો સારો નથી, કારણ કે જો તે લગ્નને માટે રાજી ન થાય તો પછી અધિક સંક્લેશ થશે. તેથી સહજ ભાવથી જ આપણા કર્તવ્યનું પાલન કરવું જોઈએ."

"તમે તો પહેલાંથી જ એમ માનીને ચાલી રહ્યાં છો કે ઋષભ લગ્નને માટે રાજી થશે જ નહી તો પછી તમે જોર પણ કેમ કરશો ? તમને તમારા તર્કો ઉપર ભરોસો નથી, જેને પોતાના શસ્ત્રો ઉપર જ ભરોસો નથી, તેની હાર તો નક્કી જ છે."

"તમને તો તમારા હથિયાર ઉપર પૂરો ભરોસો છે ને ? યુદ્ધના મેદાનમાં હું એકલો થોડો જ જઈ રહ્યો છું તમે પણ સાથે તો છો, જો હું હારી પણ જાઉં તો શું થયું તમારા વિશ્વાસના અનુસાર તમે તો જીતશો જ તમે જીતો તો હું પણ જીત્યો કારણ કે અમારી-તમારી જીત-હાર કોઈ જાુદી જાુદી થોડી જ છે."

"તમારા તર્કને તો હું જીતી નથી શકતી, પરંતુ હવે તો ચાલો, જે થશે તે જણાશે પુત્રથી શું જીતવું અને શું હારવું ? પુત્રોથી જીતવામાં તો જીત જ છે, હારવામાં પણ જીત જ છે, અહીં તો જીતની જીત છે, હાર જે છ જ નહી. નિરાશ ન થાવ, ચાલો, જલ્દી ચાલો."

"આટલું જલ્દી શું છે, મને મારા તર્ક-વિતર્કને વ્યવસ્થિત કરી લેવા દયો. હું પણ આસાનીથી હાર માનવાવાળો નથી. અંતમાં જે પણ થાય પરંતુ હું મારી વાત પૂરી શક્તિથી તો રાખીશ જ."

"જવા પણ દયો; કેમ શ્રમ કરો છો, અંતમાં તો મારા આંસુ જ કામ આવશે."

"હાં ભાઈ ચાલો ! પણ એ યાદ રાખવું કે જેની પાસે વિવેકની ઢાલ છે તેના ઉપર તર્કના તાર કામ નહીં કરે અને જેની પાસે વૈરાગ્યનું બળ છે તેના ઉપર આંસુઓની ધારાની કોઈ અસર નથી થતી. અમારા ઋષભ વિવેકના પણ ધણી છે અને વૈરાગ્યના બળથી પણ સુસજ્જિત છે."

આ પ્રકારે તે બન્ને જણાઓ હાર-જીતની શંકા-આશંકાઓમાં ડૂબતા-ઉગરતા થતા ઋષભના કક્ષની તરફ જઈ રહ્યાં હતા તો જોયું કે રાજકુમાર ઋષભ તો આ તરફ આવી રહેલ છે.

"આવો, પુત્ર ઋષભ ! અમો તમારી પાસે જ આવી રહ્યાં હતાં, એક બહુ જ જરૂરી વાત કરવી છે."

"આજ્ઞા આપો તાત કે આપની પ્રસન્નતા માટે મારે શું કરવાનું છે ?"

"અહીં ઉભા ઉભા વાત થોડી જ થશે, બહું જ ગંભીર વાત છે, લાંબા વિચાર-વિમર્શની જરૂર છે. ચાલો તમારા કક્ષમાં બેસીને શાંતિથી વાત કરીશું."

"ચાલો, આગળ આપ ચાલો."

આ પ્રકારે તે બધા રાજકુમાર ઋષભના કક્ષમાં જઈ પહોંચ્યા અને લાંબી ભૂમિકા બાંધીને નાભિરાય સમજાવવા લાગ્યા કે "બેટા હવે તમે જુવાન થયા છો, બધા પ્રકારે સુયોગ્ય છો, અમે જાણીએ છીએ કે તમને આ સંસારમાં કોઈ રસ નથી, તમે તો આત્માંમાં લીન થવા ઈચ્છો છો, પરંતુ ગૃહસ્થીમાં પણ આ બધું થઈ શકે છે, ગૃહસ્થ પણ એક ધર્મ છે, અમારી કામના છે કે હવે તમે ગૃહસ્થ ધર્મમાં પ્રવેશ કરો."

નાભિરાયે બહુ જ ચતુરાઈથી વાત રાખી હતી, તે જાણતા હતાં કે લગ્નની વાતથીતો ઋષભનું ચિત્ત વાતચીતથી જ વિરક્ત થઈ જશે, ઋષભની ધર્મરુચિ જોઈને તેઓએ લગ્નની વાત પણ ગૃહસ્થ ધર્મમાં પ્રવેશ કરો -એવી ભાષામાં રાખી હતી. પરંતુ ઋષભ જેવા પ્રજ્ઞાના ધણી રાજકુમારને સમજતાં વાર ન લાગી, પરંતુ તે કંઈ બોલ્યા નહી.

પોતાની વાતને આગળ વધારતાં નાભિરાય આગળ કહેવા લાગ્યા કે "તમારી માતાની કામના તો તમારે પુરી કરવી જ પડશે. અમોએ તમારે માટે એકથી એક સુંદર અનેક કન્યાઓ જોઈ છે. બસ તમારી હા કહેવાની વાર છે."

"ઠીક છે, જેવી આપની ઈચ્છા." એમ કહીને ઋષભદેવ બહાર ચાલ્યાં ગયાં.

આટલી સરળતાથી ઋષભની 'હા' સાંભળીને નાભિરાય અને મરુદેવી ચકિત થઈ ગયાં.

માતા મરુદેવી કહેવા લાગ્યાં કે, "આપણે તો વિચારતાં હતાં

કે તેને આ વાત સ્વીકૃત કરવામાં બહુ જ મહેનત કરવી પડશે. પરંતુ અહીં તો કંઈ કરવું જ ન પડયું. માનો કે તે અમારા પ્રસ્તાવની પ્રતીક્ષા જ કરી રહ્યાં હતા. આપણે આટલાં દિવસોમાં કોઈ વાત કેમ ન કરી, આપણે તો બહુ જ પહેલાં આ પ્રસ્તાવ કરવાનો હતો, તેણે તો ઔપચારિક 'ના' પણ નથી કહી. તેનો ઉપરનો વૈરાગ્ય જોઈને આપણે તો એ સમજવા લાગ્યા હતા કે તે તો લગ્ન કરશે જ નહીં પરંતુ......"

વચ્ચમાં જ ટોકીને નાભિરાય બોલ્યાં "તું સમજતી તો નથી, મહાપુરુષોની વૃત્તિ અને પ્રવૃત્તિ અત્યંત સરળ અને સહજ હોય છે. તે મનાવવું અને માનવામાં વિશ્વાસ નથી કરતા. તે નકલી 'હા' અને 'ના' નથી કરતા "મનમાં હોય અને માથું હલાવે" એવી પ્રવૃત્તિ તેમની નથી હોતી.

જો ઋષભે ઔપચારિક પણ ના ન કહી તો તેનું તાત્પર્ય એ નથી કે તે આપણા પ્રસ્તાવની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં આ પ્રકારે તેની તત્વરૂચિ અને વૈરાગ્ય પણ ઉપરનો નથી. ગૃહસ્થની ભૂમિકાનું સાર જ છે. ગૃહસ્થ ધર્મમાં એવું જ હોય છે, અંતરંગ રુચિ પણ રહે છે, ઉચિત વૈરાગ્ય પણ રહે છે અને ભૂમિકાનુસાર રાગ પણ થાય જ છે.

તેમની આ વૃત્તિ અને પ્રવૃત્તિ તો તેને યોગ્ય જ છે, આપણે જ તેને સમજવામાં ભૂલ કરી હતી. લોકોમાં એવા બહુ જ હોય છે કે સહજ તત્વરૂચિ અને સમુચિત વૈરાગ્ય જોઈને લોકો તેનામાં અધિક અપેક્ષા કરવા લાગે છે. પરંતુ જ્યારે એવું નથી જોતાં તો રુચિ અને વૈરાગ્યને ઉપરના માનવા લાગે છે.

મહાપુરુષોના મનને જાણવાને માટે પણ તેના જેવું જ સુક્ષ્મ મન જોઈએ.

જુવો નાભિરાયની આ વાત કેટલી વજનદાર છે, કારણ કે હજુ તો ઋષભદેવને ત્રેસઠ લાખ પૂર્વ સુધી તો ગૃહસ્થીમાં રહેવું છે. રાજકાજ સંભાળવું છે, અત્યારથી તેને દીક્ષિત થવાની કલ્પના, તેના વર્તમાન માનસની બરાબર ગણત્રી ન હતી. તાત્પર્ય એ છે કે ગૃહસ્થીમાં રહીને પણ ઋષભદેવ જેવી તત્વરુચિ અને વૈરાગ્ય સંભવ છે.

વાતો તો ત્યાં સુધી પહોંચી કે જ્યારે રાજા ઋષભદેવ ત્યાંસીલાખ પૂર્વની આયુને પણ પૂર્ણ કરી ચૂકયાં અને દીક્ષિત ન થયા તો ઈન્દ્રને પણ એ ચિંતા થવા લાગી કે આ તો ગૃહસ્થીમાં જ રમે છે, તેનાથી તીર્થની પ્રવૃત્તિ ક્યારે થશે ? હવે આયુ પણ કેટલી બચી છે બસ એક લાખ પૂર્વ. એવો કોઈ પ્રયાસ કરવો જોઈએ, જેનાથી તેને વૈરાગ્ય થાય, તે દીક્ષા ગ્રહણ કરે, તેને કેવળ જ્ઞાન થાય, તેની દિવ્યધ્વનિ ખરે, અને તેના ધર્મોપદેશથી ધર્મતીર્થની પ્રવૃત્તિ થાય.

અહીં એક પ્રશ્ન સંભવ છે કે એક લાખ પૂર્વ શું ઓછા હોય છે ? પણ ભાઈ જેની ચોર્યાસી લાખ પૂર્વ આયુ હોય, તેના માટે તો ઓછી જ છે. આપ કલ્પના કરો કે તેની આયુ ઓર્યાસી લાખ પૂર્વ નહીં, ચોર્યાસી વર્ષની હતી, જેમાંથી ત્યાંસી વર્ષ સમાપ્ત થઈ ગયાં. માત્ર એક વર્ષ બચ્યું. હવે આપ જ વિચારો કે શું તીર્થપ્રવર્તનને માટે એક વર્ષ પર્યાપ્ત છે ? તેથી ઈન્દ્રનું ચિંતિત થવું સ્વભાવિક જ છે.

અહીં વાત તો એ ચાલી રહી છે કે જેણે હજુ ત્રેસઠ લાખ પૂર્વ સુધી ગૃહસ્થીમાં રહેવું છે તેની વૃત્તિ અને પ્રવૃત્તિ જોઈને આપણે એ સમજીએ કે તે તો લગ્ન જ નહીં કરે, શીઘ્રજ દીક્ષિત થશે, આ ગણત્રી સાચી તો નથી.

જ્યારે ઈન્દ્રએ તેને વૈરાગ્ય દેવાના ઉપાય વિચાર્યા તો તેને વિરક્ત કરવાને માટે અલ્પાયુ નિલાંજનાને મોકલી. નીલાંજનાની ચર્ચા તો કાલે દીક્ષાકલ્યાણકને દિવસે થશે. પરંતુ અહીં તો માત્ર એટલું બતાવવું છે કે ત્યાંસી લાખ પૂર્વની આયુમાં પણ ઋષભ દેવાંગનાઓના નૃત્ય જોયા કરતા હતા.

ભાઈ, એક જ ભૂમિકાના જ્ઞાનિયોના સંયોગો અને સંયોગી ભાવોમાં મહાન અંતર હોઈ શકે છે, ક્યાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ સૌધર્મ ઈન્દ્ર અને ક્યાં સર્વાર્થસિદ્ધિના ક્ષાયિક સમ્યગ્દષ્ટિ અહમિન્દ્ર, સૌધર્મ ઈન્દ્ર તો જન્મકલ્યાણમાં આવીને નાભિરાયના દરબારમાં તાણ્ડવ નૃત્ય કરે છે અને સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્ર દીક્ષાકલ્યાણક, જ્ઞાનકલ્યાણક અને મોક્ષ કલ્યાણકમાં પણ નથી આવતા, દિવ્યધ્વનિ સાંભળવા સુધ્ધાં નથી આવતા.

સંયોગ અને સંયોગીભાવોમાં મહાન અંતર હોવાથી પણ

બન્નેની ભૂમિકા એક જ છે. એક જેવી જ છે તેથી સંયોગી ભાવોના આધાર ઉપર રાગ અથવા વૈરાગ્યનો નિર્ણય કરવો ઉચિત નથી, જ્ઞાની-અજ્ઞાનીનો નિર્ણય પણ સંયોગ અને સંયોગી ભાવોના આધાર ઉપર નથી કરી શકાતો.

એક તરફ તો ઋષભદેવના યૌવનાગમમાં જ એવી પ્રવૃત્તિથી મા-બાપને પણ એવો ભ્રમ થઈ જાય છે કે આ લગ્ન જ નહી કરે અને બીજી તરફ ત્યાંસી લાખ પૂર્વની વૃદ્ધાવસ્થામાં નીલાંજનાનું નૃત્ય દેખવું એમાં થોડો વિરોધાભાસ નથી લાગતો ?

તેમાં કંઈપણ વિરોધાભાસ નથી, માત્ર ભૂમિકાની સાચી જાણકારી ન હોવી જ ભ્રમ ઉત્પન્ન કરે છે. માતા-પિતાના અતિ અનુરાગમાં એવું થઈ શકે છે. મારો પુત્ર દીક્ષિત ન થઈ જાય. એ આશંકા તેના ચિત્તને એટલી અધિક વિચલિત કરી દે છે કે તેને તેના પુત્રની જરાપણ વૈરાગ્યવૃત્તિ શંકાશીલ કરી દયે છે. નાભિરાય અને મરુદેવી એ વિચાર્યું કે આ તો લગ્ન કરશે જ નહિં, માત્ર તેમના તરફના અતિ અનુરાગને જ સૂચિત કરે છે, તેનાથી વધારે કંઈ નહી.

કહેલ વૈરાગ્યમય સદાચારી જીવનમાં પણ તેને લગ્ન કરવાનો સહજ રાગ હતો જ, તદનુસાર તેઓએ હા કહી હતી. માતા-પિતાના અનુરોધને કારણ તેઓએ લગ્નની સ્વીકૃતિ ઈચ્છા ન હોવા છતાં પણ આપી દીધી હતી, તે વાત કદાપિ ન હતી. મહાપુરુષોની 'હા' ને કોઈ 'ના'માં નથી બદલી શકતું અને 'ના' ને 'હા'માં કોઈ બદલી શકતું નથી.

તીર્થંકર ઋષભના જન્મથી સૌધર્મ ઈન્દ્ર એટલા આનંદ વિભોર થઈ ઉઠયાં હતાં કે તેઓ નાચવા લાગ્યા હતા, અતિશય ભક્તિમાં વિના કાર્યક્રમે જ નાચી ઉઠવું અલગ વાત છે અને સુનિયોજીત ભીડની સન્મુખ પોતાની કલાપ્રદર્શનને માટેનાચવું અલગ વાત છે, બંનેમાં જમીન-આસમાનનું અંતર છે.

આ મૂઢ જગતને પ્રસન્ન કરવાને માટે તો વેશ્યાઓ નાચ કરે છે. ભક્તિમાં વિભોર થઈને જ્યારે અમારા મનમયૂર નાચી ઉઠે છે તો કદાચિત તન પણ નાચવા લાગે છે.

લોકો કહે છે કે, "જંગલમાં મોર નાચ્યો, કોણે જોયો ? "

પરંતુ મોરને તો તે અપેક્ષા જ ક્યાં છે કે કોઈ તેના નૃત્યને જુવે. પરંતુ વાત તો એવી છે કે જોમોરને એવો અનુભવ થઈ જાય કે કોઈ તેને જોઈ રહ્યું છે તો તે નાચવું જ બંધ કરી દેશે, કારણ કે તે કોઈને દેખાડવાને માટે નથી નાચતો તેનું નૃત્ય તો આકાશમાં વાદળાને જોઈને થવાવાળું આનંદીત મનનું પરિણામ છે. તે તો પોતાના સુખાનંદ માટે નાચે છે, કોઈને પ્રસન્ન કરવાને માટે નહી. તેનું નૃત્ય તો તેના હૃદયની પ્રસન્નતાનું પરિણામ છે, નહી કોઈ અન્યને પ્રસન્ન કરવાને માટે.

જ્ઞાનીઓની ભક્તિ પણ તેના પ્રમુદિત મનનું પરિણામ હોય છે. કોઈ અન્યની પ્રસન્નતાને માટે નહી. ઈન્દ્ર પણ સહજ ભક્તિવશ નાચે છે, પ્રદર્શનને માટે નહી, તીર્થંકર ઋષભનો જન્મકલ્યાણક જોઈને આપણો મનમયૂર નાચી ઉઠે તો આપણે પણ નાચીએ, કોઈ નુકશાન નથી, પરંતુ જગતના લક્ષ્યથી નૃત્ય કરવું તે ભક્તિ નથી.

પ્રદર્શનની ભાવનાથી નાચવાવાળા લોકો ભગવાનની તરફ ઉત્સુક થઈને નથી નાચતા, તે તો જનતાની તરફ ઉત્સુક હોય છે. ભલેને ભગવાનની તરફ તેની પીઠ કેમ ન આવી જાય, તેને એટલો પણ વિવેક નથી રહેતો, કારણ કે તેનું લક્ષ્ય તો જનતાની વાહ-વાહ લુંટવાનું છે. તેના હૃદયમાં ભક્તિના પરિણામ ક્યાં છે, ત્યાં તો યશની કામના જ હિલોરા લેતી નજર આવે છે.

અમારા આ પંચકલ્યાણકોમાં મંચ ઉપર પાછલા પર્દાની પાછળ અપ્રતિષ્ઠ જિન પ્રતિમાઓ બિરાજમાન રહેલી છે અને આગળના પર્દાની સામે અપ્રતિષ્ઠિત જનતા, બન્ને પર્દાની વચ્ચે થોડા પ્રતિષ્ઠિત લોકો બેસતા રહે છે, જે નિરંતર પોતાની પ્રતિષ્ઠા બનાવી રાખવા અથવા પ્રતિષ્ઠા વધારવાના ચક્કરમાં રહે છે. પ્રતિષ્ઠા મહોત્સવના માધ્યમથી આપની પ્રતિષ્ઠા વધારવાના વ્યામોહમાં ફસાયેલા આ લોકોને હું વિનમ્ર અનુરોધ કરવા ઈચ્છું છું કે આ તો જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠાનો મહોત્સવ છે, તેનાથી આપની પ્રતિષ્ઠાનું સાધન બનાવવું બરાબર નથી. આપના હૃદયમાં આત્મભાવના પ્રતિષ્ઠિત કરવાનો આ અમૂલ્ય અવસર છે, તેથી આ અવસર પર તો આપના પરિણામોને સરળ અને સહજ બનાવવાનો યત્ન કરવો જોઈએ.

આજ સુધીનો સમય રાગ-રંગનો હતો, નાચ-ગાનનો હતો, તેથી આપે ખૂબ નાચી-ગાઈ લીધું, હવે કાલથી વૈરાગ્યનો પ્રસંગ આવશે. આપનું આ નાચવું-ગાવું બધું બંધ થઈ જશે.

ગર્ભકલ્યાણક અને જન્મકલ્યાણકનો દિવસ જનતાના અપાર પ્રસન્નતાનો દિવસ હોય છે, રાગ-રંગનો દિવસ હોય છે અને ત્યાર પછીનો કલ્યાણક વૈરાગ્ય અને વીતરાગતાનો હોય છે. આ મહોત્સવ રાગથી વૈરાગ્ય તરફ લઈ જવાવાળો મહોત્સવ છે.

જે પંચકલ્યાણકોમાં સાધુ સંતોની ઉપસ્થિતિ રહે છે, તેમાં સાધુ સંત ગર્ભકલ્યાણક અને જન્મકલ્યાણકના ઉત્સવોમાં સામેલ નથી થતાં, તેઓ તો દીક્ષાકલ્યાણકમાં જ આવે છે. તે કહે છે કે આ રાગ-રંગના કલ્યાણકોમાં અમારૂં શું કામ ? અમે તો વૈરાગ્યના પ્રસંગમાં જ આવીશું.

મુનિરાજોને તો શું કહીએ, લોકાંતિક દેવ પણ દીક્ષા કલ્યાણકની પહેલાં નથી આવતાં, કારણ કે તે બ્રહ્મચારી હોય છે, ઉપરના અહમિન્દ્ર પણ નથી આવતાં કારણ કે તેને પણ પ્રવિચારનો પુરેપુરો અભાવ હોય છે. અહમિન્દ્રોની દેવાંગનાઓ પણ નથી હોતી.

ઈન્દ્ર-ઈન્દ્રાણીયો, રાજા-રાણીઓનું એકી સાથે નાચવું-ગાવું સાધુ સંતોને બ્રહ્મચારીઓને કેમ શોભી શકે ? કારણ કે તેઓ તો આ રાગ-રંગની ભૂમિકાને પાર કરી ચૂક્યા હોય છે.

આ રાગ-રંગની વાત આજ સુધી જ છે, કાલથી બધુ બંધ.

રાજા ઋષભદેવને બે પત્નીઓ હતી. નંદા અને સુનંદા. નંદાને યશસ્વતી પણ કહેતા હતા. આ બન્ને મહારાજા કચ્છ-મહાકચ્છની બહેનો હતી.

મહારાણી નંદાને ભરતાદિ સો પુત્ર અને બ્રાહ્મી નામની પુત્રી તથા સુનંદાને બાહુબલી નામનો પુત્ર અને સુંદરી નામની પુત્રી થઈ હતી.

જેના નામ ઉપરથી આ દેશનું નામ ભારતવર્ષ પડયું, તે સમ્રાટ ભરત ચક્રવર્તી રાજા ઋષભદેવના જ પ્રથમ પુત્ર હતા.

રાજા ઋષભદેવે પોતાના પુત્રોને શસ્ત્રાદિ કઠોર વિદ્યાઓમાં

નિપૂણ બનાવ્યા, પરંતુ અક્ષરવિદ્યા અને અંકવિદ્યા બ્રાહ્મી અને સુંદરીને શિખવાડી, એનાથી એક વાત તો અત્યંત સ્પષ્ટ છે કે, મહિલાઓની શિક્ષાના સંદર્ભમાં રાજા ઋષભદેવ શું વિચારતા હતા ? આજે જેને આપણે શિક્ષા કહીએ છીએ તે મૂળમાં તો મહિલાઓની જ વિદ્યા છે, કારણ કે રાજા ઋષભદેવે આ વિદ્યાઓ તેમની પુત્રીઓને જ સર્વપ્રથમ શિખવાડી હતી. આપણા દુર્ભાગ્યથી વચમાં કોઈ સમય એવો આવ્યો, જેમાં આપણી મા-બહેનોને શિક્ષાથી વંચિત રાખી દીધી અને કહી દીધું કે મહિલાઓને ભણવા-ગણવાની શું આવશ્યકતા છે ? મહિલાઓની શિક્ષાનો વિરોધ કરવાવાળાને આ સત્યની તરફ વિશેષ ધ્યાન આપવું જોઈએ.

આપણી લિપિનું નામ બ્રાહ્મી લિપિ પણ રાજા ઋષભદેવની પ્રથમ પુત્રીના નામ ઉપરથી જ રાખેલ હતું કારણ કે, આ અવસર્પિણી કાળમાં કર્મભૂમિના આરંભમાં સર્વપ્રથમ લિપિનું જ્ઞાન ઋષભદેવ દ્વારા બ્રાહ્મીને જ આપેલ હતું. તેથી આ લિપિનું નામ પણ તેના નામ ઉપરથી પડી ગયું.

કહેવાય છે કે, રાજા ઋષભદેવ પોતાની જમણી જાંઘ ઉપર બ્રાહ્મીને અને ડાબી જાંઘ ઉપર સુંદરીને બેસાડીને એકી સાથે તેને અક્ષરવિદ્યા અને અંકવિદ્યાનું શિક્ષણ આપતાં હતા, આજ કારણ છે કે અક્ષર વિદ્યા ડાબેથી જમણી તરફ લખાઈ છે અને અંકવિદ્યા ઉપરથી નીચે તરફ લખાય છે. કારણ કે વિરુદ્ધ હાથથી ઉપરથી નીચે તરફ લખવાનું જ સુવિધાજનક રહે છે.

કર્મભૂમિની બધી વિદ્યાઓ અને કલાઓના મૂળજનક રાજા ઋષભદેવ જ છે, જો તે યુવાવસ્થાના આરંભમાં જ દીક્ષિત થઈ જાત તો આ વિદ્યાઓ અને કલાઓનો વિકાસ કેમ થાત ? ખરેખર તીર્થંકર ઋષભદેવ તીર્થ પ્રવર્તક હોવાની સાથે-સાથે યુગ-પ્રવર્તક પણ છે, આપણે એ વાત પણ ન ભૂલવી જોઈએ.

તે સમય યુગની શરૂઆતનો સમય હતો, કર્મભૂમિ આરંભ જ થઈ હતી, લોકોને કર્મભૂમિની વ્યવસ્થાનું કંઈ પણ જ્ઞાન ન હતું. કલ્પવૃક્ષ સમાપ્ત થઈ ગયું હતું. ખાન-પાનની વ્યવસ્થા શ્રમસાધ્ય થઈ ગઈ હતી. લોકોને અનાજ ઉગાડવાની અને ખાવા પકાવવાની વિધિની પણ જાણ ન હતી. આ બધી રૂપ-રેખા પણ

ઋષભદેવને વ્યવસ્થિત કરવી હતી. તેથી તેને લાંબા સમય સુધી રાજ કાજ સંભાળવું એ યુગની આવશ્યકતા હતી.

કર્મભૂમિના પહેલાં સૂત્રધાર તે જ હતાં. તેનું જીવન અને તેના દ્વારા આપેલ વ્યવસ્થા આપણા ગૃહસ્થ જીવનનો મૂળ આધાર છે. તેના જીવનમાં આપણને તે બધાં ઉપાદાન પ્રાપ્ત થઈ શકે છે જે આપણા ગૃહસ્થ જીવનને સુવ્યવસ્થિત બનાવી શકે છે. તેનું જીવન આપણા બધાને માટે એક આદર્શ જીવન છે. આપણે આપણા જીવનને તેના જીવન અનુસાર વ્યવસ્થિત કરવું જોઈએ.

આ પ્રકારે આ જન્મકલ્યાણકના અવસર ઉપર ઋષભદેવના ગૃહસ્થ જીવનની સંક્ષિપ્ત ચર્ચા થઈ.

હવે કાલે દીક્ષા કલ્યાણકનો દિવસ છે, જેમાં તેના વૈરાગ્યમય સાધુજીવનનો સામાન્ય પરિચય થશે.



# દીક્ષા કલ્યાણક

**છઠો દિવસ**

આજે દીક્ષા કલ્યાણકનો દિવસ છે. પંચકલ્યાણક મહોત્સવનો છઠો અને પંચકલ્યાણકનો ત્રીજો દિવસ. દીક્ષા કલ્યાણક સંદર્ભમાં ત્રણ વાતો ઉપર વિચાર કરવો આવશ્યક છે.

(૧) નીલાંજનાનું નૃત્ય, જેના કારણે ઋષભદેવને વૈરાગ્ય થયો હતો.
(૨) ચાર હજાર મુનિરાજ જે ઋષભદેવની સાથે દીક્ષિત થયા હતા.
(૩) આહારદાન, જેના માટે મુનિરાજ ઋષભદેવને છ માસ સુધી ભટકવું પડ્યું હતું.

આજે પ્રાતઃ આપણા રાજા ઋષભના દરબારમાં નીલાંજનાના નૃત્યનું દ્રશ્ય જોયું છે. નૃત્ય કરતાં કરતાં વચ્ચે જ નીલાંજનાનું મૃત્યુ થઈ ગયું. રાજા ઋષભદેવ અને અન્ય દર્શકોના મનોરંજનમાં વિઘ્ન ઉપસ્થિત ન થાય તે માટે તુરત જ તેવી જ અન્ય દેવાંગના ઉપસ્થિત કરાઈ. લોકોને માલુમ જ ન થયું કે નૃત્યાંગના બદલી ગઈ છે. પરંતુ ઋષભદેવની સુક્ષ્મ દ્રષ્ટિથી આ વાત છુપી ન રહી શકી.

જગતના આ સ્વાર્થીપણાએ તેના ચિત્તને વિરક્ત કરી દીધું તે વિચારવા લાગ્યા કે અમારૂં મનોરંજન એટલું મહત્ત્વપૂર્ણ થઈ ગયું કે જેના દ્વારા અમારૂં મનોરંજન થઈ રહ્યું છે તેના મરણની કિંમત પર અમારા રંગમાં ભંગ ન પડવો જોઈએ.

તેના વૈરાગ્યને કારણ નીલાંજનાનું મૃત્યુ નહોતું થયું. પરંતુ જગતની આ નિષ્ઠુરતા હતી. મૃત્યુ તો તેઓએ ઘણા જોયા હશે. અનિત્યાદિ ભાવનાઓના ચિંતનમાં પર્યાયની ક્ષણભંગુરતા પણ તેના જ્ઞાન ધ્યાનમાં પ્રતિદિન આવતી હશે. મરણ તેને માટે અપરિચિત અને અણસમજ ન હતું. કોઈનું મૃત્યુ દેખીને વૈરાગ્ય થયો હોત તો ત્યાંસી લાખ પૂર્વમાં ક્યારનો થઈ ગયો હોત.

આ વાતને ગંભીરતાથી જાણવાને માટે આપણે એક કઠોર કલ્પના કરવી પડશે. હું પ્રવચન કરી રહ્યો છું. આપ બધા શાંતિથી સાંભળી રહ્યાં છો. એવામાં જ અચાનક પ્રવચન કરતાં કરતાં મારી હૃદયગતિ રોકાય જાય, અને મારૂં દેહાવસાન થઈ જાય તો આપ શું કરશો ? આપ ગભરાઓ નહી, મને કંઈપણ નથી થવાનું. હું તો

માત્ર ઉદાહરણ આપી રહ્યો છું. હા, આ આપ વિચારો કે આપ 'શું કરશો ?

એક તો એ થઈ શકે છે કે આપ બધા ગમગીન થઈ જશો, કાર્યક્રમ બંધ થઈ જાય અને બીજું એ પણ થઈ શકે છે કે પંડિત મરી ગયાં છે તો હટાવો તેની લાશ જલ્દીથી બીજા વિદ્વાન બોલાવો અને પ્રવચન આરંભ કરાવો, કાર્યક્રમ ભંગ ન થવો જોઈએ, મરવું-જીવવું તો થયાં જ કરે છે.

શું આપ આ બીજી વાતને સહન કરી શકશો ? નહિં તો આપ સમજી લેશો કે આ વાત એવી જ થઈ છે કે એક નૃત્યાંગના મરી ગઈ તો બીજી હાજર, પરંતુ નૃત્ય તો નહી અટકવું જોઈએ. આ પ્રસંગે ઋષભદેવના હૃદયને વલોવી નાખ્યું હતું અને તેનું ચિત્ત આ સ્વાર્થી જગતથી સંપૂર્ણ વિરક્ત થઈ ગયું હતું.

જ્યારે પણ હું આ પ્રકારની ચર્ચા કરું છું ત્યારે થોડા લોકો બહુ જ ક્ષુબ્ધ થઈ જાય છે, તે મારી પાસે આવે છે અને કહે છે કે આપ એવા અશુભ ઉદાહરણ ન આપ્યાં કરો, અમોને તે સારૂં નથી લાગતું, તેઓને હું એક જ વાત કહું છું કે આમાં અશુભ શું છે ?

શું મારે મરવાનું નથી ? એકને એક દિવસ તો બધાએ મરવું છે. આપણે રોજ તો ભણીએ છીએ કે....

"રાજા રાણા છત્રપતિ હાથીઓના અસવાર
મરવું બધાએ એક દિન પોત-પોતાની વેળે"

શું આ અનિત્ય ભાવનાનું ચિંતન અશુભ છે ? નહી તો મરવાની વાત અશુભ કેમ થઈ ગઈ ? આ તો વૈરાગ્યોત્પાદક વાત છે. આ જાણીને પહેલી જ ભાવનામાં એની ચર્ચા થઈ ગઈ છે.

એ ઉપરથી તે કહે છે કે આપણું એવું દુ:ખદાયક મોત કેમ થાય ? પરંતુ મારૂં કહેવું એ છે કે એનાથી સારૂં એવું કયું મરણ હશે ? શું સડી-સડીને, ગળી-ગળીને, વર્ષો નિષ્ક્રિય પડી રહીને મરવું સારૂં છે ? અરે ભાઈ, પ્રવચન કરતાં કરતાં મરવું જ બધાથી સારૂંમોત છે, તેમાં અસંભવ પણ શું છે ? જ્યારે એક ક્ષત્રિય ઘોડાની પીઠ પર સવારી કરતાં કરતાં જ યુદ્ધના મેદાનમાં મરે છે.

જ્યારે એક વાણીયો દુકાન પર ગ્રાહક પતાવતાં જ મરવું ઈચ્છે છે, તો એક પંડિત પ્રવચન કરતાં કરતાં મરે તો શું ગજબ થઈ ગયું ?

જ્યારે આપણે એમ બોલીએ છીએ કે......

"ચાહે લાખો વર્ષ તક જીવું, અથવા મૃત્યુ આજે જ આવી જાય."

તો એનો શું અર્થ થાય છે ? તે જ ને કે અમે હર સમય મરવાને તૈયાર છીએ તો પછી કોઈ પણ સ્થિતિમાં મરવાને અશુભ કેમ કહી શકાય ?

જે પણ હોય પરંતુ એ વાત અત્યંત સ્પષ્ટ છે કે ઋષભદેવનો વૈરાગ્ય જગતની આ નિષ્ઠુરતા અને સ્વાર્થીપણાને જોઈને જ થયો હતો.

જ્યારે નેમિનાથ ભગવાન વિધિનાયક હોય છે ત્યારે વૈરાગ્યના પ્રસંગમાં નીલાંજનાનું નૃત્ય ન દેખાડીને નેમિનાથની જાનનું દ્રશ્ય દેખાડે છે. તેના સંદર્ભમાં પણ એક વાત વિચારવા જેવી છે. કહેવાય છે કે, જાનૈયાઓના ભોજનને માટે કોઈ પશુઓને વાડામાં બંધ કરીને રાખેલ હતા. તેને મારીને તેની ભોજન સામગ્રી બનાવવાની હતી, તે પશુઓનું બંધન અને કરૂણ આક્રંદ સાંભળીને નેમિનાથને વૈરાગ્ય થઈ ગયો.

આમાં વિચારવાની વાત એ છે કે શું એ કુળમાં પણ માંસ-ભક્ષણાદિ કાર્ય ચાલતાં હતા, જેમાં તીર્થંકરોના જન્મ થાય છે. નેમિનાથના તો ગર્ભકલ્યાણક અને જન્મકલ્યાણક તો થઈ ચૂક્યા હતા. સારા જગતને જાણ થઈ ચૂકી હતી કે આ તીર્થંકર છે તો પછી શું તેની જાનની વ્યવસ્થામાં આ પ્રકારે ખાદ્ય સામગ્રી પીરસી શકાતી હશે ?

એવું લાગે છે કે ક્યાંક કંઈ ગેરસમજ અવશ્ય થઈ છે. શાસ્ત્રોમાં એતે એમ તો કહ્યું છે કે પશુઓના બંધન જોઈને અને કરૂણ આક્રંદ સાંભળીને નેમીનાથને વૈરાગ્ય થઈ ગયો, આમાંથી એવું ક્યાં નીકળે છે કે તે પશુ જાનની ખાદ્યસામગ્રી માંટે હતા, તેની વ્યાખ્યા કરવાવાળાએજ આ કમાલ કરી દેખાડી છે.

વાત એમ પણ હોય શકે છે કે નેમિનાથની દીક્ષાની તિથિ શ્રાવણ સુદ છઠ છે, તેને વૈરાગ્ય પણ વરરાજાના વેશમાં થયો હતો.

તાત્પર્ય એ છે કે તેની જાન દ્વારકાથી જુનાગઢ શ્રાવણ સુદ છઠે જ પહોંચી હતી. દ્વારકા અને જુનાગઢ સૌરાષ્ટ્રમાં છે જ્યાં આજે પણ વર્ષાઋતુમાં લગ્ન થાય છે.

ગાય આદિ પશુઓનું પ્રજનન પણ અષાઢ-શ્રાવણમાં જ થાય છે. નેમીનાથની જાનને નીકળવાના માર્ગનું આવાગમન રોકી દીધેલ હતું. તેથી સાંજે જંગલમાંથી આવવાવાળી ગાયો, બળદોને વાડામાં રોકી રાખેલ હતા. તાજી જન્મ આપેલ ગાય પોતાના વાછરડાંને માટે ભાંભરતી રહી હતી. બીજી તરફ વાછરડાં પણ માંની પ્રતિક્ષામાં બૈચેન થઈને ભાંભરી રહેલ હતાં. આજ દ્રશ્ય જોયું હતું નેમિનાથે, જ્યારે તેઓએ પૂછ્યું કે આ ગાયોને કેમ રોકી રાખેલ છે ત્યારે તેણે જણાવી દીધું કે આપની જાન નીકળી રહેલ છે તે કારણે પોલીસોએ આ માર્ગનું આવાગમન રોકી દીધેલ છે.

આ સાંભળીને નેમિનાથ એ વિચારે ચડી ગયાં કે મારા લગ્નને કારણે જ આ ગૌ-માતાઓ પોતાના છાવરડાંથી વિખુટી પડી ગઈ છે; જોર જોરથી પોકારી રહી છે પરંતુ તેની પુકાર સાંભળવાવાળું કોણ છે ? તેના આ દુ:ખોનું કારણ હું જ છું.

આ પ્રકારના વિચારોમાં મગ્ન નેમિનાથ જગતના સ્વાર્થીપણાને દેખીને વિરક્ત થઈ ગયાં અને દીક્ષા લેવાને માટે ગિરનારની તરફ ચાલ્યા ગયા.

નેમિનાથની વિરક્તિનું કારણ પણ જગતનો સ્વાર્થ જ હતો. આ સ્વાર્થી જગત પોતાના સુખ-સુવિધાને માટે બીજાના સુખ-દુ:ખનો જરાપણ ખ્યાલ નથી રાખતું. જ્ઞાનીજનોને જગતની આ સ્વાર્થવૃત્તિ બહુજ ખટકે છે.

ભાઈ, વૈરાગ્ય તો અંતરની યોગ્યતા પાકવા પર થાય છે, કાળલબ્ધિ આવવા પર થાય છે, અંતરની યોગ્યતા પાકી જાય અને કાળલબ્ધિ આવી જાય તો ગમે તેવા નિમિત્તથી વૈરાગ્ય થઈ શકે છે. આપણા સફેદ વાળ જોઈને પણ થઈ શકે છે. ન થાય તો સંપૂર્ણ વાળ ખરી જાય તો પણ ન થાય.

નીલાંજનાનું નૃત્ય તો હમણાં આપે પણ જોયું છે તેને મરતી પણ જોઈ છે, તેના સ્થાન પર બીજીને આવતાં પણ જોઈ છે. પરંતુ આપને વૈરાગ્ય તો ન થયો. આપ તો તે જોઈ જોઈને હસી

રહ્યાં હતા, મનોરંજન કરી રહ્યાં હતા, મેં બારીકાઈથી જોયું છે કે કોઈના ચહેરા ઉપર વૈરાગ્યનું નામ નિશાન પણ ન હતું, એવું કેમ છે ?

આ બધાનો એક જ ઉત્તર છે કે હજુ આપણી કાળલબ્ધિ નથી આવી, હજુ આપણી પર્યાયગત યોગ્યતા નથી પાકી. નિમિત્તોથી શું થાય છે, જ્યાં સુધી અંતરની યોગ્યતાનો પરિપાક ન થાય.

પશુઓનું બંધન પણ આપણે ઓછું નથી જોયું, તેઓનું આક્રંદ પણ ખૂબ સાંભળેલ છે, પરંતુ આપણાં દિલ ક્યાં પીગળે છે ? અંતરની તૈયારી વિના કંઈ નથી થતું.

ઋષભદેવ તો જ્ઞાની હતા, ધર્માત્મા હતા પરંતુ જ્યાં સુધી દીક્ષાને માટે તેનું અંતર તૈયાર ન હતુ ત્યાં સુધી કંઈ ન થયું. જ્યાં સુધી કાળલબ્ધિ ન આવી, પર્યાયગત યોગ્યતાનો પરિપાક ન થયો ત્યાં સુધી તેને વૈરાગ્ય ન થયો, તેઓએ દીક્ષા ન લીધી. અંદરની તૈયારી વિના ચાર હજાર રાજાઓએ દીક્ષા લઈ તો લીધી, શું પરિણામ નીકળ્યું તેનું ? તેથી વાત તો એ જ બરાબર છે કે જ્યારે અંદરની તૈયારી હોય, કાળલબ્ધિ આવી જાય, પર્યાયગત યોગ્યતાનો પરિપાક થઈ જાય તો નિમિત્ત પણ મળી જ જાય છે અને કામ થઈ જાય છે.

નેમિનાથને પશુઓનું બંધન અને આક્રંદથી વૈરાગ્ય થઈ ગયો અને આદિનાથને વૈરાગ્ય થવામાં નિલાંજનાનું મૃત્યુ નિમિત્ત બની ગયું. સમય આવી ગયો તો બાકી બધું સહજ ભાવથી સંપન્ન થઈ ગયું.

રાજા ઋષભદેવને વૈરાગ્ય થઈ ગયો તો તેની અનુમોદના કરવા લૌકાન્તિક દેવ આવ્યા. તેની પાલખી ઉઠાવવાના સંદર્ભમાં ઈન્દ્રો વિદ્યાધરો અને રાજાઓમાં જે સંઘર્ષ થયો તેનું દ્રશ્ય પણ આજે આપણે જોયું. પ્રતિષ્ઠાચાર્યજીના માધ્યમથી તેના બારામાં સંપૂર્ણ જાણકારી પ્રાપ્ત કરી. સંયમ ધારણ કરવાની શક્તિ વિદ્યમાન હોવાને કારણ મનુષ્યોને જ સર્વપ્રથમ પાલખી ઉઠાવવાનો અવસર પ્રાપ્ત થયો. એનાથી સંયમની ઉત્કૃષ્ટતા સહજ સિદ્ધ થાય છે.

એ તો આપ જાણો જ છો કે સંયમ ધારણ કર્યા વિના તો

તીર્થંકરોને પણ કેવળજ્ઞાન નથી થતું, મોક્ષ નથી થતો તેથી સંયમ જ શ્રેષ્ઠ છે. આના સંદર્ભમાં દશલક્ષણ પૂજનનો નીચે અંકિત છંદ ધ્યાન દેવા યોગ્ય છે :

"जिस बिना नहीं जिनराज सीझें तू रुलो जग कीच में।
इक घरी मत विसरौ करौ, यह आयु जममुख बीच में॥"

જો કે સંયમ જીવનમાં એક ઘડી પણ વિસારવા લાયક નથી, તો પણ પૂરી તૈયારી વિના કોઈની નકલ પર સંયમ ધારણ કરી લેવો એ પણ બુદ્ધિમાનનું કામ નથી.

મહારાજા ઋષભદેવે દીક્ષા લીધી તો તેના સાથી સહયોગી ચાર હજાર રાજાઓએ પણ વિના વિચારે દેખા-દેખી તેની સાથે દીક્ષા લઈ લીધી. મુનિરાજ ઋષભદેવ દીક્ષા લેતાં જ ધ્યાનસ્થ થઈ ગયાં તે પોતાના આત્માના ચિંતન, મનન, વિચાર અને દયાનમાં એવા મગ્ન થયાં કે છ માસ સુધી ધ્યાનસ્થજ ઉભા રહ્યાં. તેઓએ કોઈને એ તો બતાવ્યું ન હતું કે હું લગાતાર છ માસ સુધી ધ્યાનસ્થજ રહીશ તેથી સાથી રાજાઓ તેનું માર્ગદર્શન પ્રાપ્ત કરવાને માટે તેના ધ્યાનમાં ભંગ થવાની પ્રતીક્ષા કરતાં રહ્યાં પરંતુ તેમનો ધ્યાન ભંગ ન થવાનો હતો તે ન જ થયો.

જે રાજાઓએ ઋષભદેવની સાથે દીક્ષા લીધી હતી તે મુનિચર્યાથી પુરેપુરા અજાણ હતા, તેઓએ તો ઋષભદેવના ભરોસે જ દીક્ષા લીધી હતી કે જેમ તે ઋષભદેવ કરશે, તેવું અમો પણ કરીશું. ઋષભદેવ... મૌ... ઉભા રહેવાને કારણ તેઓ મુંઝાઈ ગયા તેમની સમજમાં જ કંઈ ન આવ્યું કે શું કરીએ કે શું ન કરીએ ? ભૂખ-તરસ સહન થતી ન હતી, આહાર લેવાની વિધિથી પણ અપરિચિત હતા. તેથી વનમાં કંદ-મૂળ ખાવા લાગ્યા.

તેનું આ ધર્મવિરુદ્ધ આચરણ જોઈને ઈન્દ્રને ચિંતા થઈ કે આ રીતે તો યુગની શરૂઆતમાં જ મુનિધર્મ બદનામ થઈ જશે. તેથી ઈન્દ્રે આવીને તેઓને ધમકાવી ઠપકો આપ્યો તો તે કહેવા લાગ્યા કે અમો શું કરીએ, અમને તો કંઈ માલુમ છે જ નહી અને ઋષભદેવે મૌન ધારણ કરેલ છે. જો મુનિધર્મ છોડીને ઘરમાં પાછા જઈએ તો સમ્રાટ ભરતથી વિશેષ માર પડશે. તેથી અમો કંઈપણ નિશ્ચય નથી કરી શક્તાં હવે આપ જ બતાવો કે અમો શું કરીએ ? અમે તો તે જ કરીશું જે આપ બતાવશો.

તેમની આ દીન-હીન મુંજાયેલ દશા જોઈને ઈન્દ્રે કહ્યું કે તમો આ નિર્ગ્રન્થ વેશ છોડી દયો, પછી જે ઈચ્છો તે કરો કારણ કે નિર્ગ્રન્થ દશામાં આ પ્રકારની પ્રવૃત્તિ ધર્મને બદનામ કરે છે.

ઈન્દ્રની આ વાત સાંભળીને તેઓએ વલ્કલાદિ ધારણ કરી લીધાં અને કંદ-મૂળાદિ ભક્ષણ કરી પોતાનું જીવન વીતાવવા લાગ્યાં.

કંઈપણ સમજ્યા વિચાર્યા વિના માત્ર દેખા દેખીથી દીક્ષા લેવાવાળા ચાર હજાર રાજાઓની દુર્દશા જોઈને એ સ્પષ્ટ થાય છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન, ચારિત્ર ધારણ કર્યા વિના તે ધારણ કરવાવાળાની શું સ્થિતિ થાય છે ?

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, મુનિરાજ ઋષભદેવે એવું કેમ કર્યું ? અથવા તો તેને પોતાની સાથે દીક્ષિત ન થવા દેવા હતા. અથવા પછી તેને સંપૂર્ણ મુનિચર્યા અને તેની વિધિ-વિધાનને વિધિવત સમજાવવું હતું. તેનું આચાર્યત્વ કરવું હતું, એમને આ પ્રકારે સાથ લઈને વચ્ચમાં છોડી દેવા તે સમજદારીનું કામ નથી. તે રાજાઓની તો ભૂલ છે જ પરંતુ તેઓ તો અજાણ હતા તેથી તેનાથી ભૂલ થઈ જવી સ્વાભાવિક જ હતી, પરંતુ ઋષભદેવ તો બધું સમજતાં હતાં, તેઓએ પોતાની જવાબદારી કેમ ન નિભાવી ?

ભાઈ, ઋષભદેવની અનુમતિ લઈને થોડા તે દીક્ષિત થયા હતા, તીર્થંકરોનો તો નિયમ છે કે તે સ્વયં દીક્ષિત થાય છે, કોઈનાથી દીક્ષા નથી લેતા, કોઈને દીક્ષા આપતા પણ નથી. તે તો દીક્ષા લઈને જ જીવનભરને માટે મૌન ધારણ કરી લ્યે છે. તે કોઈને સાથે નથી રાખતા તે તો એકલવિહારી જ હોય છે, તે આચાર્યત્વ નથી કરતાં, તે મુનિદિશામાં કોઈ બીજાનો બોજ નથી ઉઠાવતાં.

કેવળજ્ઞાન થયાં બાદ તેની દિવ્યધ્વનિ અવશ્ય ખરે છે. પરંતુ તે છદ્મસ્થ મુનિદશામાં નથી બોલતાં, દિવ્યધ્વનિ પણ સહજ ખરે છે, સર્વાંગથી ખરે છે. મોઢેથી તો તે ત્યારે પણ નથી બોલતાં, દિવ્યધ્વનિની વિસ્તૃત ચર્ચા કાલે કેવળજ્ઞાન કલ્યાણકના દિવસે થશે. આજે તો તપકલ્યાણકનો દિવસ છે તેથી તપસંબંધી ચર્ચા જ ઈષ્ટ છે.

જીવનભરના મૌનવૃત્તિ ઋષભદેવ તેમને શું સમજાવે; કેમ સમજાવે; શા માટે સમજાવે ? તે સમયે આહારદાનની વિધિ પણ કોઈ જાણતાં ન હતાં, તે કારણ ઋષભદેવને આહાર વિના સાતમાસ અને નવદિવસ સુધી ભટકવું પડયું હતું. છ માસના ઉપવાસ બાદ સાત માસ અને નવદિવસ સુધી તેને આહારની વિધિ પ્રાપ્ત ન થઈ, કારણ કે એ સમયે કોઈને આહારદાનની વિધિ જ માલુમ ન હતી.

આ વાતની વિશેષ ચર્ચા તો હવે આહારદાનના પ્રકરણમાં કરીશું. હાલ અહીં તો માત્ર એટલું જ બતાવવું છે કે તેને પોતાને પણ આહાર ન મલ્યો તો પણ તેંઓએ કોઈને આહારદાનની વિધિ ન બતાવી તો પછી રાજાઓને સમજાવવાના વિકલ્પમાં કેમ લપટાય ?

ગામે-ગામ આહારદાનની વિધિ ઉપર જ નિરંતર વ્યાખ્યાન કરવાવાળા સાધુ-સંતોએ મુનિરાજ ઋષભદેવની આ વૃત્તિ ઉપર વિશેષ ધ્યાન દેવું જોઈએ.

જુંવો, કેવું વિચિત્ર છે વસ્તુનું સ્વરૂપ અને કેવી વિચિત્ર છે આ જગતની સ્થિતિ, પહેલાં, બીજાં અને ત્રીજા કાળમાં જ્યારે અહીં ભોગભૂમિ હતી તો બધા જીવ મરીને સ્વર્ગે જ જતાં હતાં, ન તો કોઈનો મોક્ષ થતો હતો અને ન કોઈ નરક અથવા તિર્યચગતિમાં જતા હતાં, પરંતુ જ્યારે સર્વજ્ઞ-વીતરાગી તીર્થંકર ઋષભદેવના ઉપદેશથી મુક્તિનો માર્ગ આરંભીત થયો ત્યારે તેજ સમયે નરક અને તિર્યચ ગતિના દરવાજા પણ ખુલી ગયાં.

જ્યારે ધર્મની પ્રવૃત્તિનો આરંભ થાય છે ત્યારે તેનો વિરોધ પણ શરૂ થઈ જાય છે અને અસલી ધર્માત્માઓથી પણ વધારે નકલી ધર્માત્મા તૈયાર થઈ જાય છે. આ પ્રકારે મુક્તિના માર્ગની સાથો સાથ નરક નિગોદનો રસ્તો પણ ખુલી જાય છે.

કેવો વિચિત્ર સંયોગ છે કે ઋષભદેવના રૂપમાં જો એક વ્યક્તિએ સાચો મુનિધર્મ અંગીકાર કર્યો તો રાગવશ અથવા અજ્ઞાનવશ ચાર હજાર લોકોએ વિના કંઈ સમજ્યે-વિચાર્યે મુનિવેશ ધારણ કરી લીધો. આ ત્રિરાશી તો યુગના શરૂઆતની છે ત્યારબાદ તો નિરંતર દશા બગડતી જ રહી છે. એનાથી આપણે આજની સ્થિતિનું અનુમાન લગાવી શકીએ છીએ.

આ પ્રકારે જ્યારે ઋષભદેવની દિવ્યધ્વનિના માધ્યમથી મુક્તિનો માર્ગ ઉઘડયો તો મારીચિ આદિના માધ્યમથી તેના વિરોધનો પણ આરંભ થયો. આ પ્રકારે યુગના આદિમાં જ જ્યાં એક તરફ ઋષભદેવની સાચી સાધુતા અને દિવ્યધ્વનિના માધ્યમથી મુક્તિના માર્ગનો પ્રચાર-પ્રસાર થયો, તો બીજી તરફ શિથિલ સાધુપણું અને વીતરાગી તત્વના વિરોધના માધ્યમથી નરક-નિગોદનો રસ્તો પણ ખુલી ગયો.

આજે તો સ્થિતિ અત્યંત વિષમ છે, પરંતુ આત્માર્થિઓને તેમાં ફસાવું ઉચિત નથી, કારણ કે અનેક શુદ્ધ-સાત્વિક પ્રયાસોથી કંઈ થવું તો સંભવ નથી, ઉલ્ટાનું પોતે ધર્મારાધનાનાં સંકટમાં પડી શકે છે. એટલા માટે સુરક્ષિત માર્ગ તો એ છે કે આપણે જગતની ચિંતા છોડી ક્ષણભંગુર જીવનની જે પણ ક્ષણ બાકી છે તે બધી જ પોતાના આત્મકલ્યાણને માટે જ સમર્પિત કરી દેવી. વિના કોઈ સંકલ્પ-વિકલ્પથી; વિના કોઈ ઝંઝટમાં પડતાં, જેટલો સંભવ હોય તેટલો જિનવાણીનો પ્રચાર-પ્રસાર કરો, પ્રચાર-પ્રસારના લોભમાં પોતાને વધારે લપટાવું નહી, શિથિલાચારને રોકવું કોઈ સાધારણ કામ નથી તે તો શક્તિશાળી સમર્થ લોકોનું કામ છે. તે ચાર હજાર નવદીક્ષિત રાજાઓને પણ ઈન્દ્રએ જ રોક્યા હતા. કોઈ સાધારણ વ્યક્તિએ નહી. આ કામ તો સમાજના તે કર્ણધારોનું છે જે સમાજનું પ્રતિનિધિત્વ કરે છે, સમાજને સંચાલિત કરે છે. જો તે સ્વયં શિથિલાચારનું પોષણ કરે છે, તો પછી અમે અને આપ શું કરી શકીએ ? તેથી હું તો બધા આત્માર્થી બંધુઓને એજ અનુરોધ કરૂં છું કે આમાં આપને લપટાવો નહી. જે જેવું કરશે તે તેવું ભોગવશે, આપણે કોને કોને બચાવતાં રહીશું. હાં, આપણે સ્વયં વસ્તુનું સાચું સ્વરૂપ સમજીને આપણને અવશ્ય બચાવી શકીએ છીએ.

બજારમાં જો ખોટો સિક્કો ચાલે તો તેને રોકવાનું કામ સરકારનું છે. જો આપણે તેને રોકવા જશું તો સ્વયં ફસાય જશું. કહે છે કે નકલી સિક્કા ચલાવવાળાના હાથ બહું જ લાંબા હોય છે. તે લોકો ઘણા જ સંગઠિત હોય છે. તે બાધક થવાવાળાને પોતાના રસ્તામાંથી હટાવવા માટે કંઈપણ કરી શકે છે. સરકારના હાથ તેના હાથથી પણ લાંબા છે. તેથી સરકાર જ ઈચ્છે તો તેના વિરુદ્ધ કંઈ કરી શકે છે.

આ પ્રકારે સમાજના સંદર્ભમાં પણ સમજવું જોઈએ, શિથિલાચારી સાધુઓના સંદર્ભમાં પણ સમજવું જોઈએ.

હા, એક વાત અવશ્ય છે કે ભલેને આપણે નકલી સિક્કાને બજારમાં ચલણમાંથી ન રોકી શકીએ પરંતુ એટલી સાવધાની તો રાખવી જ રહી કે નકલી સિક્કો આપણાં ગજવામાં ન આવી જાય. આ પ્રકારે આપણાં લોકોમાં ચાલી રહેલ શિથિલાચારને ભલેને ન રોકી શકાય. પરંતુ આપણે સ્વયં તો શિથિલાચારી ન થવું જોઈએ. આપણા ચિત્તમાં તો શિથિલાચાર અને શિથિલાચારી પ્રવેશ ન કરી જાય એટલી સાવધાની તો આપણે રાખવી જ પડશે.

સ્વયં ઋષભદેવે તેની ચિંતા ક્યાં કરી હતી ? તે તો આત્મામાં જ મગ્ન રહ્યાં, ત્યારે પણ એક હજાર વર્ષમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શક્યાં. જો આપણે આ પ્રકારે જ્યાં ત્યાં ફસાયા તો આપણું કોઈ ઠેકાણું જ નહી રહે અને આપણે આત્મહિતથી વંચિત રહી જશું.

એક વાતનું ધ્યાન અત્યંત આવશ્યક છે કે ક્યાંક બીજાને સુધારવાના ચક્કરમાં આપણે આપણું અહિત ન કરી બેસીએ. આપણી દશા પણ તે પક્ષીના જેવી ન થઈ જાય, જેણે વરસાદમાં પલળતાં બંદરને એ શીખામણ આપી હતી કે ભાઈ તમારે તો આદમીની જેમ હાથ પગ છે. તમે વરસાદ, તાપ અને ઠંડીથી બચવાને માટે ઘર કેમ નથી બનાવતા ? જાુવો અમારે તો હાથ પણ નથી, તો પણ અમે અમારો માળો બનાવીએ છીએ અને તેમાં શાંતિથી રહીએ છીએ, ગરમી, ઠંડી અને વરસાદથી બચી જઈએ છીએ.

ભાઈ, મારી વાત માનો અને તમે પણ એક ઘર જરૂર બનાવો.

તેનો સત્ય અને સાર્થક ઉપદેશ પણ ચંચળ પ્રકૃત્તિના બંદરને સારો નહોતો લાગ્યો તેથી તે એકદમ ચિડાઈને બોલ્યો.... "તું ચુપ રહે છે કે પછી....."

બીચારૂં પક્ષી ડરી ગયું, પરંતુ સાહસ એકઠું કરી ફરી વખત બોલ્યું.

"ભાઈ, હું તો તમારા હિતની વાત કરી રહી હતી. જો તમને ખરાબ લાગે તો કંઈ નહીં કહું મને તો તમારા ઉપર દયા આવી રહી છે. એટલા માટે આટલું કહી દીધું, ખરાબ કેમ માનો છો ? જરા વિચારો તો ખરા આમાં ક્યાં ખરાબ વાત છે ? તમે સર્વ પ્રકારે સમર્થ છો, બનાવી લ્યોને તમારૂં ઘર......."

પક્ષીએ પોતાની વાત પુરી ન કરી કે બંદર ગુસ્સામાં આવીને તેનો માળો છિન્નભિન્ન કરી નાખ્યો, તોડી ફેંકીને બોલ્યો :

"મોટી આવી દયા દેખાડવાવાળી હવે દેખાડ દયા, હવે તો તું પણ મારી જેમ જ બેઘર બની ગઈ. બોલ, હવે બોલ, હવે શું કહેવું છે તારે ? હજુ કોઈ ઉપદેશ બાકી હોય તો તે પણ દઈ દે."

બિચારૂં પક્ષી ચુપ થઈ ગયું, કરે પણ શું ? જો આપણે બીજાનેસુધારવાના વિકલ્પમાં વધારે લપટાઈએ તો આપણી દશા પણ પક્ષીના જેવી જ થઈ શકે છે. તેથી સમજદારી એમાં છે કે આપણે આપણા કલ્યાણનું જ વિચારવું. જે લોકો સત્ય સમજવા ઈચ્છે છે, વિનયવંત છે, સરળ હૃદયના છે તેના અનુરોધ ઉપર જે કંઈ સત્ય જાણો છો તે અવશ્ય બતાવો સમજાવો. પરંતુ જે લોકો સાંભળવાને જ ન ઈચ્છે, સમજવાને ન ઈચ્છે તેને સમજાવવાના વિકલ્પમાં સમય અને શક્તિ વ્યર્થ ગુમાવવી સારી નથી.

આ પ્રકારે બે વાતો થઈ એક તો એ કે નીલાંજનાના મૃત્યુ ઉપર જગતનો નિષ્ઠુર વ્યવહાર જોઈને ઋષભદેવને વૈરાગ્ય થઈ ગયો અને બીજી વાત એ કે ઋષભદેવની સાથે ચાર હજાર રાજા વિના સમજે વિચારે જ દીક્ષિત થઈ ગયા. બન્ને જ વાતોમાંથી આપણને એ શીખવાનું મલ્યું કે કાળલબ્ધિ આવ્યા વિના, પર્યાયગત યોગ્યતાના પરિપાક વિના, માત્ર નિમિત્તોથી વૈરાગ્ય નથી થતો અને દેખાદેખીથી દીક્ષા લેવાનું કોઈ સારૂં પરિણામ નથી નીકળતું. તેથી આપણે આપણા પરિણામોના પરિપાકનો પ્રયત્ન કરવો જોઈએ અને જ્યાં સુધી પરિણામોનો પરિપાક પૂરી રીતે ન થાય ત્યા સુધી દેખાદેખીએ દીક્ષા ન લેવી જોઈએ.

હવે આહારદાનની ચર્ચા કરે છે. આજે દીક્ષા કલ્યાણકનો દિવસ છે. દીક્ષા કલ્યાણકનો દિવસ ત્યાં સુધી ચાલશે, જ્યાં સુધી કેવળજ્ઞાન નથી થતું. કેવળજ્ઞાનનો કાર્યક્રમ તો કાલે બપોર પછી થશે. તેથી દીક્ષા કલ્યાણક એક પ્રકારથી કાલ બપોર સુધી

ચાલશે.

આહારદાનનો પ્રસંગ પણ કાલે સવારે જ દેખાડાશે. કેવળી ભગવાન તો કવલાહાર કરતા નથી તેથી આહારનો પ્રસંગ કેવળ જ્ઞાન કલ્યાણકમાં કેવી રીતે સામેલ કરી શકાય ? તે રીતે કાલનો પૂરો દિવસ કેવળજ્ઞાન કલ્યાણકના દિવસના નામથી જ અભિહત કરે છે. કાર્યક્રમમાં પણ આ પ્રકારે છપાય છે.

પરંતુ આ વિભાજન સ્થૂળ વિભાજન છે, સૂક્ષ્મતાથી વિચાર કરીએ તો જ્યાં સુધી કેવળજ્ઞાન સંબંધી કાર્યક્રમ આરંભ નથી થતો ત્યાં સુધી દીક્ષા કલ્યાણકનો સમય જ સમજવો જોઈએ. હું એમ નથી કહેતો કે આપ પત્રિકામાં પણ કાલનો અર્ધો દિવસ દીક્ષા કલ્યાણકનો અને અર્ધો દિવસ જ્ઞાનકલ્યાણકના રૂપમાં છાપો, ત્યાં તો જેવું છપાય છે તેવું જ છાપવા દયો, પરંતુ આપના જ્ઞાનમાં તો એ નિર્ણય અવશ્ય કરી લ્યો કે જ્યાં સુધી આહારનો પ્રસંગ ચાલી રહ્યો છે ત્યાં સુધી દીક્ષાકલ્યાણકનો જ સમય જાણવો, નહી તો કેવળજ્ઞાનીને કવલાહારનો પ્રસંગ આવશે જે ન તો સંભવ છે અને ન યુક્તિસંગત જ.

છ માસના ઉપવાસના ઉપરાંત જ્યારે મુનિરાજ ઋષભદેવ આહારને માટે નિકળ્યા ત્યારે તે સમયે કોઈને પણ મુનિરાજોને આહાર દેવાની વિધિ માલુમ ન હતી. લોકો ભલા-ભોળા સરળ હૃદયના હતા. જ્યારે તેઓએ જોયું કે અમારા મહારાજાધિરાજ ઋષભદેવ આજ દુ:ખી અવસ્થામાં છે. ન તો તેની પાસે વસ્ત્ર છે, નથી કોઈ સવારી, તેના પગમાં પગરખાં સુધ્ધાં નથી તેથી કોઈ તો તેને વસ્ત્ર દેવાની કોશિશ કરવા લાગ્યા, કોઈ સવારી માટે હાથી-ઘોડા ભેટમાં દેવા લાગ્યા અને કોઈ જોડા-ચપ્પલ ભેટ કરવા લાગ્યા. વાત તો ત્યાં સુધી પહોંચી કે થોડા લોકો તેને કન્યા પ્રદાન કરવા લાગ્યા જેથી ઋષભદેવનો ઉજ્જડ સંસાર વસી શકે. આહારની બાબતમાં તો કોઈ વિચારતાં જ ન હતા. જો વિચારે તો પણ તેને આહારદાનની વિધિ માલુમ ન હોવાથી ઋષભદેવ આહાર લેત જ નહી. ઋષભદેવ લગભગ પ્રતિદિન આહારને માટે નીકળતાં પરંતુ સાતમાસ આઠ દિવસ સુધી એવું જ ચાલતું રહ્યું. છ માસના ઉપવાસ અને સાત માસ આઠ દિવસ સુધી આહારનું ન મળવું એ પ્રકારે એક વર્ષ એક માસ અને આઠ દિવસ સુધી ઋષભદેવ આહાર

વગરના જ રહ્યા.

જુવો, વિધિની વિડંબણા, જે સ્વયં તીર્થંકર હોય, જેના જન્મ કલ્યાણકમાં ઈન્દ્રોએ અતિશય સંપન્ન મહોત્સવ મનાવ્યો હોય, જેને ગર્ભમાં આવ્યાં પહેલાં જ દેવીઓ માતાની સેવા કરવા આવી ગઈ હોય, જેણે સંપૂર્ણ જગતને કર્મભૂમિના આરંભમાં બધા પ્રકારે શિક્ષિત કરેલ હોય, તેને દીક્ષા લીધા પછી આહારનો પણ યોગ ન મળે. સાતિશય પુણ્યના ધણી અને ધર્માત્મા ભાવલિંગી સાચા સંત હોવા છતાં પણ તે સમયે તેના પલ્લામાં એટલું પણ પૂણ્ય નહોતું કે વિધિપૂર્વક તેને બે રોટલી પણ મળે.

પૂણ્યની કમી હતી એવી કોઈ વાત ન હતી. સત્તામાં તો તીર્થંકર પ્રકૃત્તિ પડી હતી અને નિરંતર બંધાઈ પણ રહી હતી. પરંતુ સત્તામાં પડેલ કર્મ કાર્યકારી ન હતા. જ્યાં સુધી કર્મ ઉદયમાં ન આવે ત્યાં સુધી તે કાર્યની ઉત્પત્તિમાં નિમિત્ત પણ નથી થતાં અને તીર્થંકર પ્રકૃત્તિનો ઉદય તેરમે ગુણસ્થાને થાય છે તેથી તેના પહેલાં તે કોઈ કાર્યમાં નિમિત્ત નથી થઈ શકતાં.

અન્ય પ્રકારના પૂણ્યની પણ કોઈ કમી ન હતી નહીં તો લોકો તેને અનેક પ્રકારની વસ્તુઓ શા માટે ભેટ આપવાને ઉત્સુક થાય, પરંતુ નિરંતરાય આહારની ઉપલબ્ધિનો ન તો પુણ્યોદય હતો અને ન તે સમયની પર્યાયની યોગ્યતા એવી હતી. પાંચેય સમવાય આહાર ન મળવાના જ હતા.

તેર માસ આઠ દિવસ બાદ હસ્તિનાપુરના રાજા શ્રેયાંસને જાતિસ્મરણ થયું, જેમાં તેને મુનિયોને આહાર દેવાની વિધિનું સ્મરણ થઈ આવ્યું. જ્યારે ઋષભદેવનો જીવ રાજા વજ્રજંઘ હતો અને રાજા શ્રેયાંસનો જીવ વજ્રજંઘની પત્ની શ્રીમતિ હતો તે સમયે તે બન્નેએ મળીને પોતાના જ યુગલ પુત્રોને જે મુનિરાજ થઈ ગયાં હતાં, તેને આહાર દીધો હતો. આ દ્રશ્ય તેની સ્મૃત્તિ પટલ ઉપર આવી ગયું. તેનાથી તેને મુનિરાજોને આહાર દેવાની વિધિ પુર્ણ રીતે સ્પષ્ટ થઈ ગઈ અને તેઓએ મુનિરાજ ઋષભદેવને ઈક્ષુરસનો આહાર દીધો.

જે દિવસે મુનિરાજ ઋષભદેવને સર્વપ્રથમ આહાર મલ્યો તે દિવસ અક્ષય તૃતીયનો શુભ દિવસ હતો. આ કારણે અક્ષય તૃતીયનું મહાપર્વ ચાલુ થયું, આજ કારણ છે કે જેથી ઋષભદેવને

ધર્મતીર્થના પ્રવર્તક મનાય છે તો રાજા શ્રેયાંસને દાનતીર્થના પ્રવર્તક.

અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, રાજા શ્રેયાંસને જાતિસ્મરણ સાત માસ પૂર્વે કેમ ન થયું ? જો સાત માસ પૂર્વે તેને જાતિસ્મરણ થયું હોત તો ઋષભદેવને આટલા દિવસ વ્યર્થ જ આહાર વિના રહેવું ન પડત.

પરંતુ, ભાઈ સાહેબ શું તમે તે વાતને નથી જાણતા કે સમયની પહેલાં અને ભાગ્યથી અધિક ક્યારેક કોઈને કંઈ નથી મળતું. જ્યારે ઋષભદેવની આહાર પ્રાપ્તિની ઉપાદાનગત યોગ્યતા પાકી ગઈ ત્યારે આહાર દેવાવાળાને પણ જાતિસ્મરણ થઈ ગયું. આથી તો એ સિદ્ધ થાય છે કે જ્યારે આપણી અંતરથી તૈયારી હોય તો નિમિત્ત તો હાજર જ રહે છે, પરંતુ જ્યારે આપણી પત્રતા જ ન પાકે તો નિમિત્ત પણ નથી મળતું. ઉપાદાનગત યોગ્યતા અને નિમિત્તોનો સહજ એવો જ સંયોગ છે. તેથી નિમિત્તોને દોષ દેવો ઠીક નથી, આપણી પાત્રતાનો વિચાર કરવો જ કલ્યાણકારી છે.

મુનિરાજોના અઠયાવીસ મૂળગુણોમાં બે મૂળ ગુણ આહારથી પણ સંબંધિત છે.

(૧) દિવસમાં એક વાર અલ્પ આહાર લેવો અને
(૨) ઉભા ઉભા હાથમાં આહાર લેવો.

જેમ કે છ ઢાળાની નિમ્નાંકિત પંક્તિમાં કહ્યું છે કે :-

"इकबार दिन में ले आहार खडे अलप निजपान में।"

મુનિરાજ દિવસમાં એક જ વાર આહાર લ્યે છે, તે પણ ભરપેટ નહીં, અલ્પાહાર જ લ્યે છે અને તે પણ ઉભા ઉભા પોતાના હાથમાં જ.

એવું કેમ છે, ઉભા ઉભા જ કેમ ? બેસીને શાંતિથી બે રોટલી ખાઈ લેવામાં શું નુકશાન છે ? હાથમાં જ કેમ, થાળીમાં જમવામાં પણ શું હરકત છે ?

આ પ્રકરે એક વાર જ કેમ, વારંવાર કેમ નહીં, અલ્પાહાર જ કેમ, ભરપેટ કેમ નહીં ? આ પણ થોડા પ્રશ્ન છે જે લોકોના

હૃદયમાં ઉત્પન્ન થાય છે.

વનવાસી મુનિરાજ નગરવાસી ગૃહસ્થોની સંગતિથી જેટલા વધારે બચી રહેશે તેટલી જ વધારે આત્મસાધના કરી શકશે. આ કારણથી તો તે નગરવાસનો ત્યાગ કરે છે, વનમાં રહે છે. મનુષ્યોની સંગતિની અપેક્ષા વનવાસી પશુ-પક્ષીઓની સંગતિ તેને ઓછી ખતરનાક લાગે છે.

કારણ કે, પશુ-પક્ષી, કીડા-મંકોડા ભલે થોડી વધારે શારીરિક પીડા પહોંચાડે પરંતુ તે નકામી ચર્ચાઓ કરીને ઉપયોગને ખરાબ નથી કરતાં. ગૃહસ્થ મનુષ્યો તો નકામા લૌકિક ચર્ચાઓથી તેના ઉપયોગને ભ્રષ્ટ કરે છે. જે રાગ-દ્વેષથી બચવાને માટે તે સાધુ થયાં છે તેને તે ગૃહસ્થ યેનકેન પ્રકારે તેને રાગદ્વેષોમાં ફસાવી દયે છે, તીર્થોના ઉદ્ધારના નામ ઉપર તેનાથી દાનની અપીલ કરાવશે, પંચ-પંચાયતોમાં ફસાવશે, તેને સહારે પોતાની રાજનીતિ ચલાવશે, તેને પણ કોઈને કોઇ રૂપમાં પોતાની રાજનીતિમાં સમાયોજિત કરી લેશે.

આ ગૃહસ્થોથી બચવાને માટે જ તે વનવાસી થાય છે પરંતુ આહાર એક એવી આવશ્યક્તા છે કે તેને કારણ તેને આ ગૃહસ્થોના સંપર્કમાં આવવું જ પડે છે. તેથી સાવધાનીને માટે ક્હેલ નીયમ રાખેલ છે. એક તો એ કે જ્યારે તે આહારના વિકલ્પથી નગરમાં આવે છે ત્યારે મૌન લઈને આવે છે, બીજું ઉભા-ઉભા જ આહાર કરે છે કારણ કે ગૃહસ્થોના ઘરમાં બેસવું યોગ્ય પ્રતિત નથી લાગતું. ગૃહસ્થોનો સંપર્ક તો જેટલો ઓછો એટલું જ સારૂં છે. બીજાથી બચવાને માટે મૌન જ બધાથી સશક્ત સાધન છે તેને જ અપનાવે છે.

બીજું, તેને એટલી ફુરસદ ક્યાં છે કે બેસીને શાંતિથી ખાય, તેને તો શુદ્ધ સાત્વિક આહારથી પોતાના પેટનો ખાડો ભરવો છે, તે પણ અડધું-અધુરૂં. તેને શાંતિથી બેસીને ધીરિ-ધીરિ ભરપેટ ખાવામાં સમય બરબાદ કરવો ઈષ્ટ નથી. જ્યારે આપણે પણ કોઈ કામની ઉતાવળમાં હોઈએ ત્યારે ક્યાં ધ્યાન રહે છે સ્વાદનું ? તેને પણ ગૃહસ્થના ઘરમાંથી ભાગવાની ઉતાવળ છે, સામયિકમાં બેસવાની જલદી છે. આત્મસાધના કરવાની જલદી છે. બચ્ચચાઓના મન પણ જ્યારે રમતમાં હોય છે ત્યારે તે પણ ક્યાં

શાંતિથી બેસીને ખાય છે. માતાના અતિ અનુરોધ પર ઉભા ઉભા થોડું-ઓછું ખાઈને રમવા ભાગે છે. મન તો રમતમાં છે, તેને ખાવાની ફુરસદ નથી. તે પ્રકારે આપણા મુનિરાજોનું મન તો આત્મધ્યાનમાં છે, તેને શાંતિથી બેસીને ખાવાની ક્યાં ફુરસદ છે ?

આ પ્રકારે ભરપેટ ખાધા પછી આળસનું આવવું સ્વાભાવિક જ છે. તેથી જે મુનિરાજોને આહાર કરી પાછા આવીને છ ઘડી સુધી સામયિક કરવી છે તેને પ્રમાદ વધારવાવાળું ભરપેટ ભોજન કેમ શોભી શકે ? જ્યારે વિદ્યાર્થીઓની પરીક્ષાઓ થાય છે તે કારણે તેને મોડી રાત સુધી ભણવાનું થાય છે તે પણ સાંજનું ભોજન થોડું જ લે છે. તે કારણે મુનિરાજોનો આહાર અલ્પાહાર જ હોય છે. તે તો માત્ર જીવવાને માટે શુદ્ધ-સાત્વિક અલ્પ આહાર લ્યે છે. તે આહારને માટે નથી જીવતા, જીવવાને માટે આહાર લ્યે છે. ભરપેટ આહાર કરી લીધા પછી પાણી પણ પુરૂં નહીં પીવાય અને પાછળથી તરસ લાગશે. તે તો ભોજનને સમયે જ પાણી લ્યે છે. બાદમાં તો પાણી પણ નથી પીતાં. પાણીની ઊણપને કારણ ભોજન પણ સારી રીતે નહી પચે અને કબજીયાત આદિ અનેક રોગ આવી ઘેરી લેશે એવી સ્થિતિમાં આત્મસાધનમાં પણ બાધા પડશે. તેથી તે અલ્પાહાર જ લે છે.

હાથમાં આહાર લેવાની પાછળ પણ રહસ્ય છે. જો થાળીમાં આહાર લ્યે તો પછી બેસીને જ લેવો પડે, ઉભા ઉભા આહાર થાળીમાં સંભવ નથી. બીજું થાળીમાં તેની ઈચ્છાની વિરુદ્ધ પણ વધારે અથવા અનપેક્ષિત સામગ્રી રાખી શકાય છે. એઠું મુકવું ઉચિત ન હોવાથી ખાવામાં વધારે આવી શકે છે. હાથથી આ સંભવ નથી. જો કોઈએ કદાચિત રાખી દીધું તો કેટલું રાખશે ? બસ એક કોળીયો જ ને ? પરંતુ થાળીમાં તો ઈચ્છે એટલું રાખી શકાય છે.

ભોજનમાં જે સ્વાધીનતા હાથમાં ખાવામાં છે તે સ્વાધીનતા થાળીમાં ખાવામાં નથી રહેતી.

એક વાત એ છે કે ભક્તગણ પોતાનો વૈભવ પ્રદર્શિત કર્યા વિના નથી રહેતા. જો મહારાજ થાળીમાં ખાવા લાગે તો કોઈ ચાંદીની થાળીમાં ખવડાવશે, કોઈ સોનાની થાળીમાં.

દિગંબર વીતરાગી ભગવાનને પણ આપણે સોનાં-ચાંદી,

હીરા-જવેરાતથી સજાવવા લાગ્યા છીએ. જો દિગંબર લોકો તેના શરીર ઉપર પણ કોઈ ઘરેણા કપડાં નથી સજાવી શકતાં તો તે તેના પરિવારને સજાવશે. છત્ર-ચામરના માધ્યમથી તેને જગમગાવી દેશે. જેને તુચ્છ જાણીને તેનો ત્યાગ કરી આવેલ છે તેને ચારે બાજુએથી સજાવશે.

રાગીયોની પ્રવૃત્તિઓ રાગમય જ હોય છે. વૈરાગી અને વીતરાગી મુનિરાજોને તે વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ કેમ શોભી શકે ? આ રહસ્ય છે તેને કરપાત્રી થવાનું.

એ તો આપ જાણો છો કે મુનિરાજ જ્યારે આહાર લઈને પાછા આવે છે તો તેને આચાર્યશ્રીની સમક્ષ ઉપસ્થિત થઈને ચર્યાના કાળમાં જે પણ બનેલ હોય તે બધું કહેવું પડે છે. જો ચર્યાના કાળમાં મન-વચન-કાયની ક્રિયામાં કોઈ દોષ થઈ ગયો હોય તો તે બધા પણ બતાવીને પ્રાયશ્ચિત લેવું પડે છે.

ભોજનની ચર્યા પછી જ આ બધું કેમ ?

એટલા માટે કે આહારના કાળમાં ગૃહસ્થોના સમાગમની અનિવાર્યતા છે અને તેના સમાગમમાં દોષ થવાની સંભાવના પણ અધિક રહે છે. આ વાતથી અનુમાન લગાવી શકાય છે કે ગૃહસ્થોનો સમાગમ સાધુઓને માટે કેટલો ખતરનાક છે ? તેની વિશૂદ્ધિને માટે આ નિયમ રાખ્યો છે કે આહારચર્યાની પછી સાધુ આચાર્યશ્રીની પાસે જઈને બધું જ નિવેદન કરે અને તેમના આદેશાનુસાર પ્રાયશ્ચિત કરે.

એ વાતને ધ્યાનમાં રાખીને વીતરાગી સાધુઓને ગૃહસ્થોના સમાગમથી બચવાનો પૂરે-પુરો યત્ન કરવો જોઈએ. ગૃહસ્થોનું પણ એ કર્તવ્ય છે કે તે પણ મુનિરાજોને જગતના પ્રપંચોમાં ન ફસાવે. જો તેને તેનો સત્સમાગમ મળી જાય તો તેની સાથે વીતરાગી ચર્ચા જ કરવી જોઈએ. તત્વજ્ઞાન સમજવાનો જ પ્રયાસ કરવો જોઈએ.

મુનિરાજ ઉદ્દેશેલ આહારના ત્યાગી હોય છે. તેની વૃત્તિને ભ્રમર વૃત્તિ કહેલ છે. જે પ્રકારે ભ્રમર અથવા મધમાખી જે ફુલોમાંથી મધ ગ્રહણ કરે છે, રસ ગ્રહણ કરે છે, તે તેને જરામાત્ર ક્ષતિ ન થઈ જાય તે વાતનું ધ્યાન રાખે છે. તે પુષ્પનો રસ લેતી

સમય એટલું દયાન રાખે છે કે તેના ઉપર પોતાનું વજન પણ નથી નાખતી, ગુનગુનાતી રહે છે, ઉડતી રહે છે અને અત્યંત બારીક પોતાના ડંખથી એ પ્રકારે રસ ચૂસે છે કે પુષ્પનો આકાર પણ નથી બગડતો, તે એકદમ જેવું ને તેવું બની રહે છે. આ પ્રકારે મુનિરાજ પણ જેને ત્યાં આહાર લ્યે છે તેને કોઈ પણ પ્રકારની પીડા પહોંચે એવું નથી થવા દેતા. તેથી તેના ઉદ્દેશ્યથી બનાવેલ આહારને ગ્રહણ નથી કરતાં. ગૃહસ્થે જે આહાર પોતાને માટે બનાવેલ તેમાંથી જ તે મુનિરાજને આપે, તે જ ગ્રહણ કરે છે. મુનિરાજોના ઉદ્દેયેશથી બનાવેલ આહારમાં જે આરંભી હિંસા થાય છે તેના ભાગીદાર મુનિરાજને બનવું પડશે. એ કારણ મુનિરાજ નથી ઈચ્છતા કે કોઈ એના ઉદ્દેશથી આહાર બનાવે. આજ કારણ છે કે તે ઉદ્દિષ્ટ આહારના ત્યાગી હોય છે.

દીક્ષાકલ્યાણકના દિવસે મુનિરાજોની સમસ્ત ચર્યા ઉપર શોચ વિચાર થવો જોઈએ. મુનિરાજોના અંતર બાહ્ય સાચા સ્વરૂપનું પ્રતિપાદન નિષ્પક્ષભાવથી શાસ્ત્રનુસાર થવું જોઈએ. જે-નાથી જનતા મુનિધર્મના સાચા સ્વરૂપને સમજી શકે અને મુનિરાજોના પ્રત્યે તેમના હૃદયમાં ભક્તિભાવ પણ જાગૃત થાય.

મુનિધર્મ એટલો મહાન છે, એટલો સહજ છે, એટલો દુર્ધર છે કે તેનું સાચું સ્વરૂપ જનતાની સામે આવે તો જનતા વશ થયા વિના ન રહે. મુનિધર્મનું સ્વરૂપ નિરૂપણ કરતી વખતે આપણા ધ્યાનમાં કોઈ વ્યક્તિ વિશેષ ન રહેવી જોઈએ, પરંતુ જીનવાણી રહેવી જોઈએ, ભગવાન ઋષભદેવની મુનિદશા રહેવી જોઈએ.

વ્યક્તિવિશેષની ચર્ચા થવા પર વાતાવરણ અશાંત થઈ જાય છે અને ફરી મુનિધર્મનું સ્વરૂપ સ્પષ્ટ કરવું પણ સંભવ નથી રહેતું. તેથી ટીકા–ટિપ્પણ અને આલોચના પ્રતિ આલોચનાથી પૂરી રીતે બચવું જોઈએ. કોઈપણ પ્રકારના વાદ–વિવાદમાં ન ફસાવું તે જ આત્માર્થ છે. આત્માર્થિતાની સાચી નિશાની છે.

મુનિરાજોને તો શાસ્ત્રોમાં હરતાં–ફરતાં સિધ્ધ જેવાં કહ્યાં છે. મેં પોતે દેવ–શાસ્ત્ર–ગુરુ પૂજનની જયમાલામાં લખ્યું છે :

> "चलते-फिरते सिद्धो से गुरु चरणो में शीश झूकाते है।
> हम चले आपके कदमों पर नित यही भावना भाते है।।"

આજે દીક્ષા કલ્યાણકના દિવસે આપણે બધા મુનિદશાનું

સ્વરૂપ સમજીએ તેના સંદર્ભમાં વિચાર કરીએ, ચિંતન કરીએ, મંથન કરીએ કારણ કે એકને એક દિવસે આપણે સૌને મુનિરાજ બનવું છે ને ? અરે ભાઈ, મુનિરાજ નહીં બનો તો મોક્ષમાં કેમ જશો ? મુનિધર્મ ધારણ કર્યા વિના તો આજ સુધી કોઈનો મોક્ષ થયો નથી તો અમારો તથા તમારો કેમ થશે ?

'वो दिन कब पाऊं, जब घर को छोड बन जाऊं।'

આ ભાવના ભાવતાં ભાવતાં દીક્ષા કલ્યાણકની ચર્ચા સમાપ્ત કરૂં છું. કાલે કેવળજ્ઞાન કલ્યાણકની ચર્ચા થશે.



**સાતમો દિવસ**

## કેવળજ્ઞાન કલ્યાણક :

આજે કેવળજ્ઞાન કલ્યાણકનો દિવસ છે. પંચકલ્યાણક મહોત્સવનો સાતમો દિવસ અને પંચકલ્યાણકનો ચોથો દિવસ.

આજે મુનિરાજ ઋષભદેવને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. કેવળજ્ઞાન એટલે સર્વજ્ઞતા, સંપૂર્ણ જ્ઞાન, પરિપૂર્ણ જ્ઞાન. સંપૂર્ણ જગતમાં લોકાલોકમાં જેટલા પણ પદાર્થ છે તે બધાને તેના સંપૂર્ણ ગુણ અને ભૂત, ભવિષ્ય અને વર્તમાનની સમસ્ત પર્યાયો સહિત એક સમયમાં જ વિના કોઈની સહાયતાથી, ઈન્દ્રિયોના વિના, સીધું આત્માથી પ્રત્યક્ષ જાણવું જ કેવળજ્ઞાન છે.

કેવળજ્ઞાન સૂક્ષ્મ, અંતરિત અને દૂરવર્તી બધા પદાર્થોને હાથમાં રાખેલ આંબળાની જેમ અત્યંત સ્પષ્ટરૂપથી જાણે છે.

સૂક્ષ્મનો અર્થ દ્રષ્ટિથી દૂર, અન્તરિતનો અર્થ કાળથી દૂર અને દુરવર્તીનો અર્થ ક્ષેત્રથી દૂર પરમાણું આદિક સૂક્ષ્મ છે, રામાદિક કાળથી દૂર હોવાથી અન્તારિત છે અને સુમેરુ પર્વત આદિ ક્ષેત્રથી દૂર હોવાથી દૂરવર્તી ક્હેવાય છે. આ સૂક્ષ્મ, અન્તરિત અને દૂરવર્તી બધા પદાર્થ કેવળજ્ઞાન દર્પણમાં સમાનરૂપથી પ્રતિભાસિત થાય છે, તાત્પર્ય એ છે કે કેવળી ભગવાન પદાર્થોને જોવા-જાણવાને માટે તેની પાસે નથી જતાં અને પદાર્થ પણ તેની પાસે નથી આવતાં. તો પણ બધા પદાર્થ પ્રયત્ન વિના જ પ્રતિસમય તેના જ્ઞાનદર્પણમાં ઝળક્તા રહે છે.

જે પ્રકારે દર્પણ પણ પદાર્થની પાસે નથી જતું અને પદાર્થ પણ દર્પણની પાસે નથી આવતું. તો પણ દર્પણમાં પદાર્થ ઝળકે છે, આ પ્રકારે કેવળજ્ઞાનમાં લોકાલોકના બધા પદાર્થ ઝળકે છે. દર્પણમાં તો એ આવશ્યક છે કે, જે પદાર્થ તેની સામે હશે તે જ ઝળકશે, પરંતુ કેવળજ્ઞાનમાં એવી પણ કોઈ આવશ્યક્તા નથી. કોઈ પદાર્થ ક્યાંય પણ કેમ ન હોય, તે પોતાની ભૂત ભવિષ્યમાં થવાવાળી સમસ્ત પર્યાયો સહિત કેવળજ્ઞાનમાં ઝળકે છે. તાત્પર્ય એ છે કે કેવળજ્ઞાનને ક્ષેત્ર અને કાળ બાધક નથી થતાં, કોઈપણ પ્રકારની પરાધીનતા નથી હોતી, લોકાલોકનું જ્ઞાન પ્રતિસમય સહજભાવથી થતું રહે છે અને કેવળજ્ઞાની પોતામાં મગ્ન રહેતા હોવા છતાં પણ લોકાલોકમાં બધા પદાર્થોને સહજભાવથી જાણતા-દેખતા રહે છે. પદાર્થોના પરિણમનથી ન તો તે પ્રભાવિત

થાય છે અને ન તો તે પદાર્થને જાણવા દેખવાના પરિણમ નથી પ્રભાવિત થાય છે. સહજ જ અનાશક્ત ભાવથી જ્ઞાતા-જ્ઞેય સંબંધ બની રહે છે.

અહીં એક પ્રશ્ન સંભવ છે કે જો કેવળી ભગવાન ભવિષ્યની પર્યાયોને પણ જાણે છે તો પછી તો સંપૂર્ણ ભવિષ્ય પણ નિશ્ચિત થશે. કારણ કે જો ભવિષ્ય નિશ્ચિત ન હોય તો તેને જાણશે કેમ અને તેને જાણવાનો અર્થ પણ શું છે ?

હાં ભાઈ, વાત તો એવી જ છે કે પ્રત્યેક પદાર્થના ક્યા સમયે કેવા, શું પરિણામ થશે... એ બધું સુનિશ્ચિત જ છે અને કેવળી ભગવાન તેને અત્યંત સ્પષ્ટરૂપથી જાણે છે. જો એવું ન હોય તો પછી ભગવાન ઋષભદેવે એ કેવી રીતે બતાવ્યું કે આ મારીચી એક કોડાકોડી સાગરબાદ આ ભરતક્ષેત્રમાં ચોવીસમાં તીર્થંકર થશે.

એક કોડા કોડી સાગરનો કાળ બહુ જ લાંબો હોય છે. મારીચિ અને મહાવીરના ભવોની વચ્ચે અસંખ્ય ભવ હતાં તે બધા ભગવાન આદિનાથના જ્ઞાનમાં ઝળકી રહ્યાં હતા ત્યારે તો તેઓએ આ બધું બતાવ્યું હતું.

ભગવાન નેમિનાથે પણ બાર વર્ષ પહેલાં જ એ બતાવ્યું હતું કે આ દ્વારકાનગરી બાર વર્ષ પછી બળી જશે અને લાખ પ્રયત્ન કરવા છતાં પણ તેને બળવામાંથી રોકી નહીં શકાય, આખરે તે બળી હતી.

આ પ્રકારની સુનિશ્ચિત ભવિષ્ય સંબંધી લાખો ઘોષણાઓ જિનવાણીમાં ભરી પડેલ છે જે તે વાતને સુનિશ્ચિત કરે છે કે ભવિષ્ય એકદમ સુનિશ્ચિત છે, અઘટિત કંઈપણ ઘટિત નથી થતું. અનંત કેવળી ભગવાન બધા આ સુનિશ્ચિત ભવિષ્યને જાણે છે.

આના સંદર્ભમાં વિશેષ જાણકારી કરવી હોય તો લેખકની અન્ય કૃતિ ક્રમબદ્ધપર્યાયનું અધ્યયન કરવું જોઈએ. આમાં આ વિષયના લગભગ ૧૫૦ પાનામાં અત્યંત સ્પષ્ટ સ્પષ્ટીકરણ છે. આ વિષય બહુ જ દિલચસ્પ છે, ક્રાંતિકારી છે, જીવન બદલી દેવાવાળો છે, તેથી બધાએ જોવું કે આ ક્રમબદ્ધ પર્યાયને એકવાર નહીં, અનેકવાર વાંચે અને તેમાં પ્રતિપાદિત વિષયવસ્તુ ઉપર ઉંડાઈથી

મંથન કરે, વિચાર કરે, ચિંતન કરે, આવશ્યક પ્રતીત થાય તો વિશેષજ્ઞો સાથે પણ કહેલ પ્રકરણ ઉપર વિચાર વિમર્શ કરે. જ્યાં સુધી કોઈ નિર્ણય ઉપર ન પહોંચો ત્યાં સુધી તે વિષયને છોડો નહી, તળ સુધી પહોંચવાનો પુરેપુરો પુરુષાર્થ કરો.

કેવળજ્ઞાન અર્થાત સર્વજ્ઞતાનું સ્વરૂપ જાણવું અત્યંત આવશ્યક જ નહી, પરતુ અનિવાર્ય છે, કારણ કે સર્વજ્ઞતા ધર્મનું મૂળ છે. સાચા દેવના સ્વરૂપમાં સર્વજ્ઞતા સામેલ છે. જે વીતરાગી, સર્વજ્ઞ અને હિતોપદેશી હોય તે જ સાચા દેવ છે. એવું રત્નકરણ્ડ શ્રાવકાચારમાં આચાર્ય સમન્તભદ્ર લખે છે. સર્વજ્ઞતાને સમજ્યા વિના સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને પણ સમજવું સંભવ નથી.

સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને સમજ્યા વિના તો વ્યવહાર સમ્યગ્દર્શન હોવું પણ સંભવ નથી. તેથી આ વિષય ઉપર વિસ્તારથી ચર્ચા કરવી જરૂરી છે. પરંતુ હાલ અહી એટલો સમય નથી. કારણ કે હજુ કેવળજ્ઞાન કલ્યાણક સંબંધી બીજા પણ અનેક વિષય સ્પષ્ટ કરવાના છે.

ઋષભદેવ મુનિ અવસ્થામાં એક હજાર વર્ષ સુધી રહ્યાં. દીક્ષા લેવાના એક હજાર વર્ષ બાદ તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. આ પંચકલ્યાણકમાં આજે કેવળજ્ઞાન કલ્યાણકનો દિવસ છે. આજે કેવળજ્ઞાન કલ્યાણકના દિવસે જ તે ભગવાન બન્યાં. તેની પૂર્વે તે મુનિરાજ ઋષભદેવ હતા. તેના પણ પહેલાં તે રાજા ઋષભદેવ હતાં, તેના પહેલાં રાજકુમાર ઋષભ હતા.

કેવળજ્ઞાન થયા બાદ તેની દિવ્યધ્વનિ ખરી, જેનાથી મુક્તિના માર્ગનું ઉદ્‌ઘાટન થયું. કેવળજ્ઞાન કલ્યાણકના સંદર્ભમાં પણ નિમ્નાંકિત ત્રણ બિંદુઓ ઉપર વિચાર કરવો આવશ્યક છે.

(૧) ઋષભદેવની ધર્મસભા સમોસરણની રચના
(૨) ભગવાન ઋષભદેવની દિવ્યધ્વનિ
(૩) દિવ્યધ્વનિમાં આવેલ વસ્તુનું સ્વરૂપ

તીર્થંકરની ધર્મસભાને સમોસરણ કહે છે. તેની રચના સૌધર્મ ઈન્દ્રના માધ્યમથી થાય છે. તે ધર્મસભા આપણી ધર્મસભા જેવી નથી હોતી, પરંતુ ગોળાકાર હોય છે, વચ્ચે ભગવાન બિરાજમાન હોય છે અને ચારો તરફ શ્રોતાજન બેસે છે. તેમાં ચારે તરફ મળીને

બાર સભાઓ હોય છે, જેમાં મુનિરાજ, આર્યિકા, શ્રાવક અને શ્રાવિકાઓની સાથો-સાથ દેવ-દેવાંગનાઓ તથા પશુ-પક્ષી પણ શ્રોતાઓના રૂપમાં બેસે છે.

જો કે ભગવાન વચમાં બિરાજમાન હોય છે તો પણ ચારે તરફ બેઠેલા લોકોમાંથી કોઈની તરફ તેની પીઠ નથી હોતી, બધાને એવું લાગે છે કે માનો ભગવાનનું મુખ પોતાની તરફ છે. તેનું મુખ ચારો તરફ હોવાથી તેને ચતુર્મુખ પણ કહેવાય છે. તેને ચારમુખ નથી હોતાં, પરંતુ કોઈ એવો અતિશય હોય છે કે તેનું મુખ ચારે તરફ બેઠેલા લોકોને દેખાઈ રહે છે. આ પ્રકારે અનેક અતિશય તેના સમોસરણમાં જોવામાં આવે છે.

કહેલ બાર સભાઓને બાદ કરતાં સમોસરણમાં બાગ-બગીચા, નાટ્યશાળાઓ-નૃત્યશાળાઓ આદિ અનેક પ્રકારની અધિક સુંદર રચનાઓ હોય છે. આજે આપ સમોસરણનું દ્રશ્ય જોઈ રહ્યાં છો તે તેનું જ પ્રતિરૂપ છે.

ભગવાનની દિવ્યધ્વનિ ૐકાર સ્વરૂપ એકાક્ષરી હોય છે, જેને અનક્ષરી અથવા નિરક્ષરી પણ કહે છે. જો કે તેની ધ્વનિ નિરક્ષરી હોય છે તોપણ શ્રોતાઓનાં કાનમાં પહોંચતા-પહોંચતાં તે તેની ભાષામાં પરિણત થઈ જાય છે. આ પ્રકારે તેના ઉપદેશને બધા પોતપોતાની ભાષામાં સમજી લ્યે છે. તેની દિવ્યધ્વનિ અઢાર મહાભાષાઓ અને સાતસો લઘુ ભાષાઓમાં પરિણત થઈ જાય છે.

દેવ શાસ્ત્ર ગુરુ પૂજનની જયમાળામાં આવે છે ને કે :-

"दशअष्ट महाभाषा समेत, लघुभाषा सात शतक सुचेत।"

ભગવાન ઋષભદેવ વર્તમાન ચોવીસીમાં સૌથી પહેલાં તીર્થંકર હતા, તે કારણે તેને આદિનાથ પણ કહે છે. ભગવાન આદિનાથના સમોસરણમાં વીસ હજાર સીડીયો હતી અને તે બાર યોજનાના વિસ્તારમાં બનેલ હતું.

સમોસરણની રચનાના સંદર્ભમાં લોકોના ચિત્તમાં એક પ્રશ્ન વારંવાર ઉઠી આવે છે કે, વીતરાગી ભગવાનની ધર્મસભામાં બાગ-બગીચા શા માટે ? નાટ્યશાળા-નૃત્યશાળાઓ શા માટે ? રાગ-રંગના સ્થાન શા માટે; નાચ-ગાન શા માટે ? અનેક આકર્ષક લોભામણી રચનાઓ શા માટે ? આ પ્રકારે વીસ હજાર સીડીયો

શા માટે ? તેની ધર્મસભા તો સમતળ ભૂમિ ઉપર હોવી જોઈએ, જેમાં રોગી, બાળક-વૃદ્ધ બધા આસાનીથી પહોંચી શકે.

શું આપ જાણો છો કે વીસ હજાર સીડીઓનો અર્થ શું થાય છે ? એનો અર્થએ થયો કે સમોસરણમાં જવું એ બે વાર ગીરનારની યાત્રા કરવાને બરાબર થયું. યાત્રાને માટે પણ લોકો ડોલીયોમાં જાય છે. ભગવાનની વાણી સાંભળવાને જવાને માટે આટલી કષ્ટપદ યાત્રા કેમ ? ધર્મ શ્રવણને માટે તો સૌથી સરળ સહજ વ્યવસ્થા હોવી જોઈએ.

આ વાતો પર ગંભીરતાથી વિચાર કરવાથી એ વાત તરફ જરા વિશેષ ધ્યાન જાય છે કે ઈન્દ્ર જેવા સમજદાર વ્યવસ્થાપકે કંઈ સમજી વિચારીને જ આ વ્યવસ્થા કરી હશે.

મૂળમાં વાત એમ છે કે જે જેટલો મોટો વક્તા હોય છે એની સભામાં એટલા જ વધારે શ્રોતા પહોંચે છે. જો વક્તા પુણ્યશાળી પણ હોય તો જનતા ઉભરાય પડે છે. જ્યાં તીર્થંકર જેવા પુણ્યશાળી પ્રવક્તા હોય ત્યાં તો કહેવું જ શું ?

આવી સ્થિતિમાં ભીડને નિયંત્રિત કરવી એક સમસ્યા તો હોય જ છે. સામાન્ય વ્યવસ્થાપક ભીડને નિયંત્રિત કરવાને માટે પ્રવેશપત્રોની વ્યવસ્થા કરે છે; વિના પ્રવેશપત્રવાળા લોકોને રોકવાને માટે શક્તિનો પ્રયોગ કરે છે. કોઈ વાણીયાબુદ્ધિ વ્યવસ્થાપક ટીકીટ રાખે છે, જેનાથી ભીડપણ ઓછી થાય છે અને આર્થિક લાભ પણ થાય છે. પરંતુ ઈન્દ્ર જેવા નિર્લોભી, બુદ્ધિમાન, વિવેકી અને સમર્થ વ્યવસ્થાપકને માટે આ બધું સંભવ ન હતું તે તો એમ ઈચ્છતા હતાં કે ભલે નિર્ધન હોય, અથવા ધનિક, ચાહે મનુષ્ય હોય અથવા પશુ પરંતુ જે તીવ્ર રુચિવાળા છે, નિકટ ભવ્ય છે, વિષય-કષાયથી વિરક્ત છે અને અપ્રમાદી છે, એવા લોકો જ ધર્મસભામાં પહોંચવા જોઈએ, જેનાથી ભગવાનની વાણીનો પુરેપુરો સદુપયોગ થઈ શકે.

જ્યારે ઈન્દ્રે આટલી મોટી ધર્મસભાની વ્યવસ્થા કરી તો ત્યાં બેસવાના સ્થાનની કોઈ સમસ્યા ન હતી, કારણ કે, તે ઈચ્છતા તો નાટયશાળાઓ અને બાગ-બગીચાવાળા સ્થાનને પણ સભા ભવનના રૂપમાં વ્યવસ્થિત કરી શક્તાં હતાં. પરંતુ મૂળવાત એ હતી કે વિષય-કષાયની રુચિવાળા દીર્ઘ સંસારી પ્રમાદી લોકો ત્યાં

પહોંચીને સ્વયં તો ભગવાની વાણી મન લગાવીને સાંભળતા નથી, બીજાને પણ નથી સાંભળવા દેતાં, તેથી તેણે વિષય-કષાયની રુચિવાળા અને પ્રમાદી લોકોને રોકવાને માટે જ આ વ્યવસ્થા કરી હશે.

પ્રમાદી લોકો તો વીસ હજાર સીડીયોનું નામ સાંભળીને જ હિંમત હારી જતાં હશે, પરંતુ થોડા હૃષ્ટપૃષ્ઠ લોકો એવા પણ હોય છે કે જે કુતૂહલ વશ વીસ હજાર સીડીયો પણ સહજ જ પાર કરી લે છે. વિષય કષાયની રુચિવાળા એવા હૃષ્ટપૃષ્ટ લોકોને રોકવાને માટે જ માનો કે બાગ-બગીચાંની રચના કરાય છે. એવું હોય છે કે હજારો લોકો પ્રતિદિન ભગવાનની વાણી સાંભળવાના સંકલ્પની સાથે ઘરમાંથી નીકળે છે અને માર્ગમાં આવવાવાળા બાગ-બગીચામાં જ વિચરવા લાગે છે, નૃત્ય જોવામાં લાગી જાય છે અને ધર્મસભા સુધી પહોંચી પણ નથી શકતા.

ધર્મસભા સુધી પહોંચવાવાળા તો એજ હોય છે કે ન જેને બાગ-બગીચામાં રસ છે અને ન નાચ-ગાનમાં. તે તો એક માત્ર ભગવાનની વીતરાગ વાણીના રસીયાં હોય છે. જે અહીં-તહીં નજર નાખ્યા વિના સીધા ધર્મસભા તરફ જવા ઉત્સુક રહે છે અને યથા સમય પહોંચીને તેની વાણીનો પુરેપુરો લાભ લ્યે છે.

એવા સુયોગ્ય સુપાત્ર શ્રોતાઓના સદ્ભાવનું જ આ સુપરિણામ નીકળે છે કે જ્યારે ભગવાનની દિવ્યધ્વનિ ખરે છે તો તે નિષ્ફળ નથી જતી, જેના પ્રભાવથી સૈંકડો લોકો મુનિદીક્ષા ગ્રહણ કરે છે. હજારો અણુવ્રત લ્યે છે અને લાખો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરે છે. આ પ્રકારના અનેક કથન શાસ્ત્રોમાં આવે છે કે અમુક તીર્થંકરની દિવ્યધ્વનિ સાંભળીને આટલાં લોકોએ મુનિદીક્ષા લીધી. આટલાં લોકોએ અણુવ્રત ધારણ કર્યા અને આટલાં લોકોએ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી.

તેથી એ સહજસિદ્ધ જ છે કે સમોસરણની રચનાનું જે સ્વરૂપ છે તે સુસંગત જ છે.

કહેલ સંદર્ભમાં એક વાત એ પણ વિચારણીય છે જ્યારે કોઈ અધ્યાપક કોઈ વર્ગમાં ભણાવવા માટે જાય છે તો તેના સામે જે વિદ્યાર્થી હોય છે એનો એક થર હોય છે. જેમ કોઈ અધ્યાપક દશમાં વર્ગમાં ભણાવે છે તો તેની સામે જે વિદ્યાર્થી હોય છે તે

બધા નવનો વર્ગ પાસ થયેલ હોય છે અને કોઈપણ વિદ્યાર્થી દશમો વર્ગ પાસ નથી થયો. બધા વિદ્યાર્થી તે ભાષાને સમજે છે કે જે ભાષામાં તે ભણાવે છે. તેથી તેના ભણાવવામાં ભાષા અને થર કોઈ સમસ્યા રહેતી નથી, પરંતુ જ્યારે કોઈ વક્તા કોઈ સભાને સંબોધિત કરે છે તો તેની સામે જે શ્રોતા હોય છે તે ન તો બધા એક થરના હોય છે અને ન એક ભાષા બોલાવવાળા હોય છે તેથી તેને ભાષા અને થરની સમસ્યાનો સામનો કરવો પડે છે.

વક્તા જેટલા મોટા અને જેટલાં પ્રભાવશાળી હશે તેને સાંભળવાવાના શ્રોતાઓના થરમાં એટલું જ અધિક અંતર હશે. ભાષા સંબંધી અટપટું પણ એટલું જ અધિક હશે. જ્યારે દેશના પ્રધાનમંત્રી કોઈ સભાને સંબોધિત કરે છે અથવા દૂરદર્શન ઉપર ભાષણ આપે છે ત્યારે તેની સામે જ્યાં એક તરફ અનેક ભાષા-ભાષી લોકો બેઠેલ હોય છે. અહીં વિશ્વના મોટા-મોટાં નેતા, મોટા-મોટા પ્રશાસનિક અધિકારી, મોટાં-મોટાં રાજનીતિજ્ઞ પણ તેને સાંભળે છે અને વિના ભણેલ-ગણેલ ગ્રામીણ જનતા પણ સાંભળે છે. જેમાં આદિવાસી અને તેવી મહિલાઓ પણ હોય છે કે જેણે કાળા અક્ષર ભેંસ બરાબર હોય છે ત્યાં આવી સ્થિતિમાં તેને પોતાની રીતિનીતિ સ્પષ્ટ કરવી પડે છે.

જ્યારે તીર્થંકર જેવા પ્રવક્તા હોય છે તો તેની સામે બીજી પણ અધિક વિષમતા હોય છે, જ્યાં એક તરફ ગણધરદેવ જેવા દ્વાદશાગના પાઠી ચાર જ્ઞાનના ધારી શુદ્ધોપયોગી સંત હોય, છે દ્વાદશાગના પાઠી સૌધર્મ ઈન્દ્ર જેવા દેવગણ હોય છે ત્યાં બીજી તરફ પશુ-પક્ષી પણ તેની ધર્મસભામાં દેશના સાંભળવાને માટે જાતિગત, વેર-વિરોધ છોડીને શાંત ભાવથી બેઠા હોય છે. તેથી થર અને ભાષાની સૌથી અટપટી સમસ્યા તીર્થંકર ભગવાનની ધર્મસભામાં પણ હોય છે જેનું સમાધાન તેના સાતિશય પુણ્ય અનેક અતિશયોના માધ્યમથી કરે છે.

તેની ૐકાર ધ્વનિ (દિવ્યધ્વનિ) શ્રોતાઓના કાનમાં પહોંચતા-પહોંચતાં જ તેની ભાષામાં પરિણત થઈ જાય છે અને તેને થરને અનુરુપ ભગવાનની વાણી તેની સમજમાં આવી જાય છે. આજના વૈજ્ઞાનિક યુગમાં આ પ્રકારની વ્યવસ્થા દેશ-વિદેશની અનેક લોકસભાઓમાં થઈ ગયેલ છે. તેથી ઈન્દ્ર જેવા સાધન

સંપન્ન અને વૈજ્ઞાનિક પ્રજ્ઞાના ધની વ્યક્તિને માટે આ પ્રકારની સાતિશય વ્યવસ્થા અસંભવ નથી લાગતી.

હસવાની અને રડવાની ભાષા પણ એકાક્ષરી જ હોય છે અને તેને પ્રત્યેક ભાષા-ભાષી આસાનીથી તે સમજી શકે છે. કોઈપણ બાળક માતાના પેટમાંથી કોઈ ભાષા શીખીને તો નથી આવતું પરંતુ તે પોતાની ધ્વનિના માધ્યમથી પોતાની વાત બધા સુધી પહોંચાડે છે જ. જ્યારે નગ્ન દિગંબર બાળકની વાતને સમજવાને માટે ભાષાની સમસ્યા નથી આવતી તો પછી નગ્ન દિગંબર વીતરાગી પરમાત્માની એકાક્ષરી વાત પણ જન-જન સુધી સહજભાવથી પહોંચી જાય તો તેમાં ક્યાં આશ્ચર્યની વાત છે ?

આ પ્રકારે ભગવાન ઋષભદેવની ધર્મસભાની રચના અને તેની દિવ્યધ્વનિની ચર્ચા સંક્ષેપમાં કરી, હવે તેની દિવ્યધ્વનિમાં આવેલ વસ્તુસ્વરૂપ ઉપર વિચાર અપેક્ષિત છે.

આચાર્ય પૂજ્યપાદે સવાર્થસિદ્ધિ નામના ગ્રંથમાં પંચકલ્યાણક દર્શનને સમ્યગ્દર્શનનું નિમિત્ત કહેલ છે. આ સંદર્ભમાં વિચાર કરવાની વાત એ છે કે પંચકલ્યાણકનું એવું ક્યું અંગ છે કે જે સમ્યગ્દર્શનનું સાક્ષાત નિમિત્ત બને છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિને પૂર્વ અનિવાર્ય રૂપથી થવાવાળી પાંચ લબ્ધિઓ કહેલ છે. તેમાંની એક દેશનાલબ્ધિ પણ છે. તીર્થંકર ભગવાનની દેશના જ સમ્યક્દર્શનનું ઉત્કૃષ્ટ નિમિત્ત છે. તેથી પંચકલ્યાણકનું આ દેશનાવાળું પ્રકરણ જ સમ્યગ્દર્શનનું મૂળભૂત નિમિત્ત છે તેના જ કારણે સંપૂર્ણ પંચકલ્યાણકના દર્શનને સમ્યગ્દર્શનનું નિમિત્ત કહેવાય છે.

સમોસરણમાં પણ જે બાગ-બગીચા છે, નૃત્યશાળાઓ-નાટયશાળાઓ છે, તેનું દર્શન સમ્યગ્દર્શનનું નિમિત્ત નથી બનતું પરંતુ દિવ્યધ્વનિમાં આવવાવાળું જે મૂળ તત્વોપદેશ છે. તે જ સમ્યગ્દર્શનના દેશનાલબ્ધિ રૂપ નિમિત્ત છે.

રંગા-રંગનો કાર્યક્રમ તો રાગ-રંગમાં જ નિમિત્ત બને છે, વીતરાગતા રૂપ ધર્મનું નિમિત્ત તો વીતરાગતાને પોષક કાર્યક્રમ જ હોઈ શકે છે. તેથી સમ્યગ્દર્શનના નિમિત્તભૂત આ મહોત્સવોમાં એ વાતનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ કે તેમાં અધિકતમ કાર્યક્રમ

વીતરાગતાને પોષક જ હોય તે માટે શુધ્ધાત્માના સ્વરૂપને પ્રતિપાદક પ્રવચનોનું સમાયોજન અધિકથી અધિક કરવું જોઈએ, અન્ય કાર્યક્રમોમાં પણ વીતરાગતાને પોષક ચર્ચાઓનું સમાયોજન સર્વથી અધિક હોવું જોઈએ.

આ વાતને લક્ષ્યમાં રાખીને અમારા તત્વાવધાનમાં થવાવાળા પંચકલ્યાણકોમાં અમો એ વાતનું વિશેષ ધ્યાન રાખીએ છીએ કે ઈન્દ્ર-ઈન્દ્રાણીઓ અને રાજા-રાણીઓના સંવાદોમાં પણ એવી રીતની વિષય-વસ્તુ પ્રસ્તુત કરાય છે કે જે સીધી આત્માને સ્પર્શ કરવાવાળી હોય, વૈરાગ્યોત્પાદક હોય અને આત્માના સમ્યક સ્વરૂપની પ્રતિપાદક હોય.

આ મહાન ધર્મોત્સવોને મનોરંજન અને માનપ્રતિષ્ઠાનું સાધન ન બનાવીને વીતરાગી તત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારનું સાધન બનાવવુ જોઈએ. એમાં જ આપણા બધાનું ભલું છે. સમાજનું પણ ભલું છે.

જો કે સંપૂર્ણ દ્વાદશાંગ ભગવાનની વાણી જ છે અને તેમાં જે પણ પ્રતિપાદન કર્યુ છે તે તો બધું ઉપયોગી જ છે. આવશ્યક પણ છે, તો પણ સંપૂર્ણ જિનવાણીના આરાધક પાઠક તો શ્રુત કેવળી જ થયાં કરે છે. સાધારણ બુધ્ધિના ધારક લોકોને તો તેમાંથીપણ પ્રયોજનભૂત વિષયવસ્તુને પોતાના અધ્યયનને માટે પસંદ કરવાની હોય છે. જે આત્મકલ્યાણને માટે અત્યંત આવશ્યક થાય તથા અનિવાર્ય હોય.

ભગવાનની દિવ્યધ્વનિ પણ તે મુળવસ્તુની મુખ્યતાથી ખરે છે તે મુળવસ્તુ જીવાદિ તત્વાર્થ છે જેમાં પણ નિજ ભગવાન આત્મારૂપ જીવતત્વ પ્રમુખ છે, કારણ કે સમ્યકદર્શન, જ્ઞાન અને ચારિત્રની એક્તારૂપ મુક્તિનો માર્ગ નિજ ભગવાન આત્માના આશ્રયથી જ ઉપલબ્ધ થાય છે.

પરમાર્થ દ્રષ્ટિથી વિચાર કરે તો નિજ ભગવાન આત્માના અનુભવ પૂર્વક નિજ આત્માને જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે, તે નિજ ભગવાન આત્મામાં અપનાપન સ્થાપિત થયું તેનું નામ સમ્યગ્દર્શન છે અને તે નિજ ભગવાન આત્મામાં જમવું-રમવું સમાઈ જવું તેનું નામ સમ્યકચારિત્ર છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની આ એક્તા જ સાક્ષાત મુક્તિનો માર્ગ છે, સુખી થવાનો

સાચો ઉપાય છે. એક ત્રિકાળી ધ્રુવ જ્ઞાનાનંદસ્વભાવી, શુદ્ધ-બુદ્ધ નિરંજન નિજ ભગવાન આત્મા જ ત્રણેનું એકમાત્ર આશ્રયભૂત તત્વ હોવાથી ત્રણે એક જ છે. ત્રણેનું એકત્તાનું એજ વાસ્તવિક સ્વરૂપ છે.

એટલા માટે પ્રત્યેક આત્માર્થી ભાઈ-બહેનનું એ કર્તવ્ય છે કે બધાની પહેલાં તે નિજ ભગવાન આત્માને સાચા રૂપમાં જાણે, ઓળખે તેને જાણવા ઓળખવામાં પૂરી શક્તિથી લાગે.

જો કે આ ભગવાન આત્મા દેહદેવળમાં બિરાજમાન છે. તો પણ એ દેહરૂપ નથી, દેહરૂપ ક્યારેય થયેલ પણ નથી અને ક્યારેય દેહરૂપ થશે પણ નહીં. એ તો આ દેહથી પુરી રીતે અસમ્પૃક્ત છે, ભિન્ન છે અને ભિન્ન જ રહેશે. કારણ કે દેહ તો જડ છે, પુદ્ગલ છે. પુદ્ગલમય છે, અચેતન છે, અપવિત્ર છે, નાશવાન છે અને આ ભગવાન આત્મા ચેતન છે. જ્ઞાનાનંદમય છે, પરમપવિત્ર છે અને અવિનાશી ધ્રુવતત્વ છે. આ મલિન દેહ અને પરમપવિત્ર ભગવાન આત્માનો ક્ષણિક એકક્ષેત્રાવગાહ સંબંધ છે. એક-ક્ષેત્રાવગાહ સંધ જ એને કહે છે કે જે સંબંધમાં બે કે બેથી વધારે પદાર્થોનો એક આકાશના પ્રદેશોમાં એક સાથે રહેવું માત્ર હોય છે. જેમ કોઈ કહે કે મારો અને આપનો શું સંબંધ છે ? તેના ઉત્તરમાં હું કહું કે આપ પણ ભારતવાસી છો અને હું પણ ભારતવાસી છું, માત્ર એટલો જ સંબંધ છે, એનાથી વધારે કંઈ નથી. આ પ્રકારે આ આત્મા અને આ દેહ બન્ને જન્મથી લઈને મૃત્યુ સુધી આકાશના એક જ પ્રદેશોમાં એક સાથે રહેશે, આ બન્નેમાં માત્ર એટલો જ સંબંધ છે, આનાથી અધિક કંઈ નથી.

મોહી જીવોનો એવો જ સ્વભાવ હોય છે કે તે જેની સાથે થોડા દિવસ રહે તેને જ પોતાનું માનવા લાગે છે. જેલની એક કોટડીમાં એકી સાથે રહેવાવાળા બે કેદીઓમાં પણ આ પ્રકારનો સંબંધ થાય છે. એમ તો તે એકબીજાના કંઈ નથી થતાં, તો પણ તેનામાં પરસ્પર પોતાપણું થઈ જાય છે. આ બધો મોહ (મિથ્યાત્વ)નો જ મહિમા છે.

આ પ્રકારે આ આત્મા દેહની સાથે રહેવાને કારણ દેહમાં જ પોતાપણું સ્થાપિત કરી લે છે તેને પોતાનો માનવા લાગે છે અને તેના પ્રેમમાં પાગલ જેવો થઈ જાય છે, તેની સાળ-સંભારમાં

પોતાનો સમય, શ્રમ અને શક્તિ બરબાદ કરતો રહે છે.

તેથી સર્વપ્રથમ આ અશુચિ દેહ અને પરમપવિત્ર ભગવાન આત્માની વચ્ચે ભેદવિજ્ઞાન કરવું જોઈએ, દેહમાંથી અપનાપન તોડીને નિજ ભગવાન આત્મામાં અપનાપન કરવું જોઈએ.

જે પ્રકારે આ ભગવાન આત્મા દેહદેવળમાં રહેવાં છતાં પણ દેહથી ભિન્ન છે, તે પ્રકારે આ ભગવાન આત્મામાં જે મોહ–રાગ–દ્વેષના વિકારી ભાવ ઉત્પન્ન થાય છે. તેનાથી પણ આ ભગવાન આત્મા અન્ય છે, ભિન્ન છે, આ મોહ રાગ–દ્વેષના પરિણામ ક્ષણિક છે, વિકારી છે, દુ:ખરૂપ છે, દુ:ખનું કારણ છે, અશુચિ છે, અધ્રુવ છે, વિભાવભાવરૂપ છે અને આ ભગવાન આત્મા નિત્ય છે, અવિકારી છે, સુખરૂપ છે, સુખનું કારણ છે, ધ્રુવ છે, પરમપવિત્ર છે અને સ્વભાવ ભાવરૂપ છે. આ પ્રકારે આ મોહ–રાગ–દ્વેષના ભાવ નિજ ભગવાન આત્માથી વિપરીત સ્વભાવવાળા છે તેથી હેય છે, તેને પણ નિજરૂપ જાણવા, માનવા અને તેમાં રમતા રહેવું તે આત્માના અકલ્યાણનું કારણ છે તેથી તેનાથી પણ અપનાપન તોડીને નિજ ભગવાન આત્મામાં અપનાપન સ્થાપિત કરવું જોઈએ.

દેહાદિ જડપદાર્થો અને રાગાદિવિકારીભાવોમાંથી નિજ ભગવાન આત્માને ભિન્ન જાણી લેવા ઉપરાંત પર્યાયમાત્રથી ભિન્નતાનો વિચાર કરવો જોઈએ. કારણ કે પર્યાય ભલે વિકારી હોય અથવા અવિકારી, હોય છે તો અનિત્યજ, ક્ષણિક જ છે, આ અનાદિ–અનંત ભગવાન આત્માનો પરિચય દેવામાં સમર્થ નથી થઈ શક્તી. નિર્મળ પર્યાયો પણ નવી નવી ઉત્પન્ન થાય છે. સાદિ–સાન્ત છે અને ભગવાન આત્મા તો અનાદિનો છે. ક્યારેય નાશને પ્રાપ્ત થવાવાળો નથી; તેથી ક્ષણિક નિર્મળ પર્યાયો પણ અપનાપન સ્થાપિત કરવા યોગ્ય નથી. તેના આશ્રયથી નવી નિર્મળ પર્યાય ઉત્પન્ન નથી થતી, નવી નિર્મળ પર્યાય તો ત્રિકાળી ધ્રુવ નિજભગવાન આત્માના આશ્રયથી જ ઉત્પન્ન થાય છે, તેથી આશ્રય કરવાની દૃષ્ટિથી, અપનાપન સ્થાપિત કરવાની દૃષ્ટિથી તો એકમાત્ર નિજ ભગવાન આત્મા જ ઉપાદેય છે.

જો કે નિર્મળ પર્યાય પ્રગટ કરવાની અપેક્ષાથી ઉપાદેય કહેલ છે તો પણ આશ્રય કરવાની અપેક્ષાથી તો હેય જ છે.

દેહાદિ પરપદાર્થ ન ઉપાદેય છે, ન હેય છે, માત્ર જ્ઞેય છે. જાણવા યોગ્ય છે, કારણ કે તેનું ગ્રહણ-ત્યાગ આત્મામાં સંભવ જ નથી. કોઈપણ પર પદાર્થોને ગ્રહણ કરવો અથવા છોડવો કોઈપણ દ્રવ્યને સંભવ નથી.

દેહને તો આ આત્માએ આજ સુધી ગ્રહણ જ નથી કર્યો, માત્ર તેને પોતાનો જાણ્યો છે, માન્યો છે. જ્યારે ગ્રહણ જ નથી કર્યો, તો તેનો ત્યાગ પણ કેમ થઈ શકે છે, કારણ કે ત્યાગ તો ગ્રહણપૂર્વક જ થાય છે. તેથી દેહાદિ પર પદાર્થ તો માત્ર જ્ઞેય જ છે. રાગાદિ વિકારી ભાવ હેય છે અને નિર્મળ પર્યાય પ્રગટ કરવાની અપેક્ષા ઉપાદેય છે. પરંતુ આશ્રય કરવાની અપેક્ષા તો એક માત્ર ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા જ ઉપાદેય છે. તેના આશ્રયથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. તેથી તે પરમ ઉપાદેય છે. તેની જ શોધ-ખોજ કરવાનું નામ ભેદવિજ્ઞાન છે.

જો કે આ ભગવાન આત્મામાં અનંતગુણ છે, અસંખ્ય પ્રદેશ છે તો પણ તેના લક્ષ્યથી વિકલ્પની જ ઉત્પત્તિ થાય છે તેથી ગુણભેદ અને પ્રદેશભેદ પણ દ્રષ્ટિનો વિષય નથી, શ્રધ્ધા-જ્ઞાન અને ચારિત્રનો વિષય તો પરથી, પર્યાયથી, ગુણભેદ અને પ્રદેશ ભેદથી ભિન્ન નિજ ભગવાન આત્મા જ છે, તેજ પરમ ઉપાદેય છે, આરાધ્ય છે અને આરાધનાનો સાર પણ તે જ છે.

ભગવાનની દિવ્યધ્વનિનો સાર પણ એ જ ભગવાન આત્મા છે તેથી આ પંચકલ્યાણકોના અવસર ઉપર આ ભગવાન આત્માના સ્વરૂપને સ્પષ્ટ કરવાવાળા વ્યાખ્યાનોની જ મુખ્યતા રહેવી જોઈએ કારણ કે જો કોઈ જીવને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થશે તો આ ભગવાન આત્માના આશ્રયથી જ થશે અને ત્યારે આ પંચકલ્યાણકને સમ્યગ્દર્શનના નિમિત્તના રૂપમાં સ્વીકાર કરી શકાશે.

કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી ભગવાન શ્રી ઋષભદેવની આત્માના કહેલ સ્વરૂપને સ્પષ્ટ કરવાવાળી દિવ્યધ્વનિ દિવસમાં ત્રણ ત્રણ વખત ખરતી હતી અને પ્રત્યેક વખતનો સમય છ ઘડી હતો. એક ઘડી ચોવીસ મીનીટની હોય છે. આ પ્રમાણે કુલ મળીને સાત કલાક અને બાર મીનીટ દરરોજ તેની દિવ્ય-દેશના

થતી હતી.

વિશેષ નિમિત્ત મળવા ઉપર ક્યારેક ક્યારેક અર્ધરાત્રીમાં પણ તેની દિવ્યધ્વનિ ખરતી હતી. પરંતુ તે તો અપવાદ જ રહેતું. તેથી તે વાત છોડી પણ દયો તો પણ સાત કલાક અને બાર મીનીટનો પ્રતિદિન તેનો દિવ્ય ઉપદેશ થતો હતો જ, જેમાં બધા શ્રોતા અત્યંત રુચિપૂર્વક સાંભળતા હતા.

આવી આ દિવ્યધ્વનિ એક હજાર વર્ષ ઓછાં એક લાખ પૂર્વ સુધી દિવસમાં ત્રણ ત્રણવાર ખરતી રહી અને લાખો શ્રોતા પ્રતિદિન લાભ ઉઠાવતાં રહ્યાં. આ સંપૂર્ણકાળ કેવળજ્ઞાન કલ્યાણકનો જ કાળ મનાશે, જેને આપણે આજે એક દિવસના રૂપમાં મનાવી રહ્યા છીએ. તેમાં પણ અર્ધો દિવસ તો આહારદાનની પ્રક્રિયામાં ચાલ્યો ગયો, જે તપકલ્યાણકની જ ક્રિયા હતી.

હવે આપ એક કલ્પના કરો કે જો આજે પણ કોઈ તીર્થંકર હોય તેને કેવળજ્ઞાન થઈ જાય અને તેની દિવ્યધ્વનિ દિવસમાં ત્રણ ત્રણ વખત છ-છ ઘડી ખરવા લાગે અને તે પણ આપના જ નગરની પાસે તો શું આપ પ્રતિદિન તેની દિવ્યધ્વનિ શ્રવણ કરવાને જશો ?

તેના ઉત્તરમાં આપ ઉત્સાહપૂર્વક કહી શકો છો કે શા માટે ન જઈએ, અવશ્ય જશું. એવો મોકો ક્યારેક ક્યારેક મળે છે ? પરંતુ હું કહું છું કે આટલો જલ્દી ઉત્તર ન આપો, જરા સમજી લ્યો, સારી રીતે વિચારી લ્યો, દિવસમાં ત્રણ ત્રણ વાર પ્રત્યેક વખતે છ-છ ઘડી અને પ્રતિદિન જવાની વાત છે, સારી રીતે સમજી લેજો પ્રતિદિન સાત કલાક અને બાર મીનીટ સુધી શુદ્ધાત્મા સંબંધી વ્યાખ્યાન સાંભળવાની વાત છે. શુદ્ધાત્માની ચર્ચા સાંભળવામાં છે. આટલી રુચિ આપની ? જે બધા ધંધા-પાણી છોડીને આ અરસ-અરૂપી આત્માની ચર્ચામાં રસ લેશે. બેસી શકશે. સતત આટલું તેમનાથી ? અહીં તો એક કલાકમાં જ અકળાવા લાગો છો, વારે વારે ઘડીયાલ જોવા લાગો છો.

આના ઉપરથી આપ કહી શકો છો કે અહીંની વાત જુદી છે અને ત્યાંની વાત જુદી હશે. કારણ કે અહીં તો આપ બોલી રહ્યાં છો અને ત્યાં તો સાક્ષાત પરમાત્માની વાણી હશે, પરંતુ

વિચારવાની વાત એ છે કે ભલેને કોઈ બોલે પરંતુ વાત તો તે જ આત્માની જ કહી રહેલ છે, સર્વજ્ઞ ભગવાનની વાણીને અનુસાર જ કહી રહેલ છે. ભલેને આપણે બોલી રહ્યાં હોય પરંતુ વાત અમારી નથી, જિનવાણીની છે, સર્વજ્ઞ પરમાત્માની છે, નિજ ભગવાન આત્માની છે. આટલી અરુચિ લઈને ભગવાન આત્માની વાત નથી સાંભળી શકાતી. અરુચિપૂર્વક સાંભળવાથી કંઈપણ હાથમાં નથી આવતું. ભલેને સાક્ષાત પરમાત્માથી સાંભળે પરંતુ અરુચિપૂર્વક સાંભળવાથી કંઈપણ હાથમાં નહી આવે. તેથી જિનવાણીને તો રુચિપૂર્વક સાંભળવી જોઈએ.

એક વાત એ પણ છે કે આ પંચમકાળમાં સાક્ષાત પરમાત્મા તો તમને સંભળાવવાને માટે આવવા વાળા છે નહી અને તમો અન્ય જ્ઞાનીજનોથી સાંભળી નથી શક્તા, તેનો તો સીધો-સાચો એ જ અર્થ થયો કે આપનો આ ભવ એમ જ જશે. અરે ભાઈ, પરમાત્માની પ્રતીક્ષામાં સમય વ્યર્થ ન કરો, આ મનુષ્ય ભવની એક એક ક્ષણ કીમતી છે, તેમાં તો જે પણ જ્ઞાની ધર્માત્માથી ભગવાન આત્માની વાત સાંભળવાને મળે તેને એવા પ્રેમભાવથી સાંભળો, જે પ્રેમભાવથી પરમોત્માની વાત સાંભળવા ઈચ્છો છો, કારણ કે વાત તો તે જ પરમાત્માની જ છે, તમારા આત્માની જ છે, એ તો પરમ સૌભાગ્યની વાત છે કે આ ઉતરતાકાળમાં પણ આ ઉત્કૃષ્ટ વાત સાંભળવા મળી રહી છે તેની અવગણના ન કરો, અત્યંત પ્રીતિપૂર્વક સાંભળો, તમારૂં કલ્યાણક અવશ્ય થશે.

આચાર્ય પદમનંદી તો ત્યાં સુધી લખે છે કે :-

"तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।
निश्चितं स भवेदभव्यो भावीनिर्वाण भाजनम्।।"

જેણે નિજ ભગવાન આત્માની વાત પણ અત્યંત પ્રીતિપૂર્વક સાંભળી છે તે નિશ્ચિત જ ભવ્ય છે અને તે શીઘ્ર જ નિર્વાણને પ્રાપ્ત કરશે.

એ તો મહાન ભાગ્યની વાત છે કે આપણને સાક્ષાત કેવળી પરમાત્માની વીતરાગી તત્વ જ્ઞાનની વાત સાંભળવા મલી, નિજ ભગવાન આત્માની વાત સાંભળવાને મલી, પરંતુ બધાને હંમેશા આ સૌભાગ્ય ક્યાં પ્રાપ્ત થાય છે ? તો શું બધા પોતાનું કલ્યાણ કરવાને માટે પરમાત્માની સાક્ષાત વાણી સાંભળવાની પ્રતિક્ષા

કરતાં રહેશે ?

નહીં, કદાપિ નહીં, પરમાત્માની દિવ્યધ્વનિનો સાર જ્યાંથી પણ પ્રાપ્ત થાય ત્યાંથી પ્રાપ્ત કરી આપણાં કલ્યાણમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. જે પ્રકારે જીનેન્દ્ર ભગવાનના સાક્ષાત દર્શન પ્રાપ્ત થ થવા ઉપર આપણે આ પંચકલ્યાણકોમાં પ્રતિષ્ઠિત અને જિન-મંદિરોમાં બિરાજમાન જીનેન્દ્ર પ્રતિમાઓના દર્શન કરી આપણું કલ્યાણ કરીએ છીએ, તે પ્રકારે જીનેન્દ્ર પરમાત્માની વાણી સાંભળવાનો સાક્ષાત અવસર પ્રાપ્ત ન થવા પર તેની વાણીની અનુસાર લખેલ જિનવાણીનું સ્વાધ્યાય કરી, તેના વિશેષજ્ઞ વક્તાઓ પાસેથી તેનો મર્મ સાંભળી સમજીને આત્મ કલ્યાણમાં પ્રવૃત્ત થવું જોઈએ. આજ માર્ગ છે.

આ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પણ એ જ સંદેશ આપે છે કે તમોને જો તીર્થંકર પરમાત્માના અસલી પંચકલ્યાણકમાં સામેલ થવાનો અવસર પ્રાપ્ત ન થયો હોય તો તમો આ પંચકલ્યાણકોમાં રુચિપૂર્વક લાભ લઈને આપનું કલ્યાણ કરો. આ પ્રકારે જિન પ્રતિમાના દર્શન કરી અને જિનવાણીનું સ્વાધ્યાય કરી આપનું કલ્યાણ કરો, કારણ કે આ પંચમકાળમાં ન તો તમને પરમાત્માના સાક્ષાત દર્શન મળશે, ન દિવ્યધ્વનિ સાંભળવાનો સાક્ષાત લાભ પ્રાપ્ત થશે અને ન તીર્થંકરોના અસલી પંચકલ્યાણકો જોવાના અવસર મળશે. તેથી કલ્પનાલોકમાં વિચરણ કરવું બંધ કરીને પરિસ્થિતિની નાજુક્તાને ઓળખો, સમય બરબાદ ન કરો, અન્યથા આ જીવન એમજ ચાલી જશે, કંઈ હાથ નહીં આવે.

વિચારો, જરા ગંભીરતાથી વિચારો, સમય તેજીથી જઈ રહ્યો છે. આજે કેવળજ્ઞાન કલ્યાણક તો થઈ જ ગયો છે. કાલે મોક્ષકલ્યાણક થઈ જશે અને બધા કાર્યક્રમ સમાપ્ત થઈ જશે. આપણા બધાનું જીવન પણ પળ-પળ કરીને સમાપ્ત થઈ રહ્યું છે અને આપણે બધા પ્રતિક્ષણ મોતની તરફ જઈ રહ્યાં છીએ, મૃત્યુના મુખમાં જઈ રહ્યાં છીએ, કાલે ભગવાન તો આ નશ્વર દેહ છોડીને વિદેહ થઈ જવાના, તેને તો મુક્તિની પ્રાપ્તિ થઈ જવાની, તેનો તો મોક્ષ થઈ જવાનો, પરિપૂર્ણ કલ્યાણ થઈ જશે, આ પ્રકારે મોક્ષકલ્યાણક થઈ જશે અને આપણે બધા ચાર ગતિ અને

ચોર્યાસીલાખ યોનિમાં ભટકવાને માટે ફરી આપણા તે જ પુરાણા રાહ ઉપર ચાલી નીકળશું.

જો આપણે પોતાને આ પરિભ્રમણથી રોકાવું છે, સંસાર ચક્રને તોડવું છે તો સ્વયંના ઉપયોગને સ્વયંમાં જોડવો પડશે; સંપૂર્ણ જગતથી નાતો તોડવો પડશે અને સ્વયંને જાણીને ઓળખાણ કરી સ્વયંમાં જ સમાઈ જવું પડશે આજ એક માર્ગ છે. બાકી બધા ઉન્માર્ગ છે–આજ ભગવાનની દિવ્યધ્વનિનો સાર છે. આ પ્રકારે આ સંક્ષેપમાં કેવળજ્ઞાન કલ્યાણકની ચર્ચા થઈ. તેમાં કેવળજ્ઞાન (સર્વજ્ઞતા)નું સ્વરૂપ સ્પષ્ટ કરતા થકા એ સ્પષ્ટ કર્યું છે કે સર્વજ્ઞતા તો ધર્મનું મૂળ છે, તેને સમજ્યા વિના તો ધર્મનો આરંભ જ સંભવ નથી; કારણ કે સર્વજ્ઞતાને સમજ્યા વિના સાચા દેવનું સ્વરૂપ પણ સમજમાં નહીં આવે. આ પ્રકારે સર્વજ્ઞની વાણીના આધાર ઉપર રચિત સાહિત્યને જ શાસ્ત્ર કહે છે. સર્વજ્ઞનું સ્વરૂપ સ્પષ્ટ થયા વિના શાસ્ત્રોનો મર્મ પણ સમજવો સંભવ નથી. ગુરુ પણ તેને કહે છે, જે સર્વજ્ઞ પ્રણીત શાસ્ત્રોની અનુસાર પોતાની શ્રદ્ધા બનાવે છે અને તેને જ અનુસાર તેનું આચરણ હોય છે.

તેથી એ સુનિશ્ચિત છે કે કેવળજ્ઞાનનું સ્વરૂપ સમજ્યા વિના સાચા દેવ–શાસ્ત્ર–ગુરુનું સ્વરૂપ પણ સમજમાં નહીં આવે અને સાચા દેવ–શાસ્ત્ર–ગુરુનું સ્વરૂપ સમજ્યા વિના વ્યવહાર સમ્યગ્દર્શન પણ નહીં થાય. તેથી કેવળજ્ઞાનનું સ્વરૂપ સમજવું અત્યંત આવશ્યક છે.

હવે કાલ મોક્ષકલ્યાણકની ચર્ચા થશે.



**આઠમો દિવસ**

## મોક્ષકલ્યાણક :

આજે મોક્ષકલ્યાણકનો દિવસ છે. પંચકલ્યાણક મહોત્સવનો આઠમો દિવસ અને પંચકલ્યાણકનો પાંચમો દિવસ. આદિનાથ ભગવાનો મોક્ષ કૈલાશ પર્વત ઉપરથી થયો હતો. તેથી અહીં એ કૈલાસ પર્વતનું દ્રશ્ય બનાવેલ છે. કૈલાસ પર્વત હિમાલયના કોઈ ભાગનું નામ છે. આ કારણે આ પર્વત બરફવાળો બતાવ્યો છે.

જો કે નિર્વાણ મહોત્સવ પણ ખુશીનો મહોત્સવ છે, કારણ કે તે આત્માની સર્વોચ્ચ ઉપલબ્ધિનો દિવસ છે. તો પણ આ ખુશીમાં ચંચળતા, ખેલકૂદ, સારામાં સારૂ ખાવાપીવાનું આદિને કોઈ સ્થાન નથી. કારણ કે તે ભગવાનના સંયોગનો નહીં વિયોગનો દિવસ છે.

હજુ સુધીતેની દિવ્યધ્વનિનો લાભ બધાને પ્રાપ્ત થઈ રહ્યો હતો, હવે બધા ભક્તજન આ લાભથી વંચિત થઈ ગયા. આપણે તે અયોધ્યાવાસિઓની કલ્પના કરીએ, જે લોકો અત્યાર સુધી ભગવાન ઋષભદેવની દિવ્યધ્વનિ પ્રતિદિન સાત-સાત કલાક સાંભળતા હતા, પરંતુ આજે બધા અનાથ જેવા થઈ ગયાં. તેની મનોસ્થિતિમાં આપને રાખીને આપ જોશો તો આપણને એ આભાસ થઈ શકે કે નિર્વાણમહોત્સવનું કેવું રૂપ હોવું જોઈએ ?

આજનો દિવસ ગંભીર ચિંતનનો દિવસ છે, આપણા પગ ઉપર ઉભા રહેવાનો દિવસ છે, હજુસુધી તો જે કંઈ સાંભળ્યું છે, સમજાયું છે તેને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કરવાનો દિવસ છે.

મોક્ષ એટલે મુક્ત થવું. દુઃખોથી, વિકારોથી, બંધનોથી મુક્ત થવું જ મોક્ષ છે. મોક્ષ આત્માની અનંત-આનંદમય અતીન્દ્રિય દશા છે. અબાધિત અનંત-આનંદમય હોવાથી મોક્ષ જ પરમકલ્યાણક સ્વરૂપ છે. આ મોક્ષની પ્રાપ્તિની વિધિના પ્રદર્શનનો જ આ મહોત્સવ છે અને આ મોક્ષ પ્રાપ્તિને કારણે જ ગર્ભ, જન્મ, તપ આદિ કલ્યાણસ્વરૂપ માન્યા ગયા છે. આ મોક્ષની પ્રાપ્તિના ઈચ્છુક હોવાને કારણે જ આપણે બધા મુમુક્ષુ કહેવાઈએ છીએ. આ મોક્ષ જ અંતિમ સાધ્ય છે, સંપૂર્ણ ધર્મારાધના આ મુક્તિની પ્રાપ્તિ હેતુ જ થાય છે.

મુક્તિ પ્રાપ્ત થઈ ગઈ, એ કારણ ઋષભદેવની સર્વ ધર્મારાધના આજ સફળ થઈ ગઈ છે. તેઓએ પુરુષાર્થનું અંતિમ ફળ પ્રાપ્ત કરી લીધું છે. ચાર પુરુષાર્થોમાં અંતિમ પુરુષાર્થ મોક્ષ જ છે, તેને પ્રાપ્ત કરી લેવાથી તેની સંપૂર્ણ સાધના સફળ થઈ ગઈ છે તેનો આ મહોત્સવ છે.

તેની સાધના તો સફળ થઈ ગઈ પરંતુ હજુ અમારી અને આપની સાધના ઘણી જ બાકી છે. કોઈ લોકોએ તો હજુ તેનો આરંભ જ નથી કર્યો. ઓછામાં ઓછું આ મહોત્સવમાં આવવાના ફળસ્વરૂપ આપણે તે સાધના આરંભ કરવાનો સંકલ્પ તો કરવો જોઈએ. આ બહુ મોંઘા મનુષ્યભવની જે ક્ષણ બાકી બચી છે તેના સદ્‌ઉપયોગને માટે કોઈ સમયબધ્ધ કાર્યક્રમ તો સુનિશ્ચિત કરવો જ જોઈએ. જો આવા અવસર ઉપર પણ આપણે કંઈ સંકલ્પ ન કરી શકીએ તો પછી ક્યો અવસર આવશે જે આપણને જાગૃત કરી શકે, પ્રેરિત કરી શકે ?

હવે અમારો આ મહોત્સવ સમાપ્તિ તરફ જઈ રહ્યો છે. જે જિન પ્રતિમાઓ અહીં પ્રતિષ્ઠિત થવા આવી હતી તે બધી પ્રતિષ્ઠિત થઈ ચૂકી છે. ભગવાન બની ગઈ છે. હવે તે પ્રતિદિન સાક્ષાત અરહંત દેવની સમાન પૂજાશે. હજારો વર્ષ સુધી ભવ્ય-જીવ તેના દર્શન પૂજનથી સાતિશય પુણ્ય ઉપાર્જિત કરશે.

આપણે બધા પણ પાછા ફરીને પોતપોતાને ઘેર જવાની તૈયારીમાં છીએ. હવે આ પોતાનો અંતર નિરક્ષણનો સમય છે. આપણે પોતે આપણા અંતરને ઓળખીએ અને એ વાતને સુનિશ્ચિત કરીએ કે આપણામાં પણ કંઈ અંતર આવ્યું છે કે નહીં, આપણી પરિણતિ પણ થોડી નિર્મળ થઈ છે કે નહીં ?

આપણે બીજાને દગો દઈ શકીએ છીએ, પરંતુ પોતાને તો નહીં આપણું હૃદય આપણને સ્પષ્ટ બતાવશે કે અહીં આવીને આપણે કંઈ મેળવ્યું છે કે નહીં અથવા ફરી જેવા આવ્યા હતા તેવાં જ પાછા જઈ રહ્યાં છીએ ?

એક વખત આ તરફ પણ જોઈ લો કે ક્યાંક એવું તો નથી થઈ ગયુંને કે આપ અહીંથી પણ નવા રાગ-દ્વેષ લઈને જઈ રહ્યાં હો, કારણ કે 'परदेश कलेश नरेशन को' ના સુવાક્યની અનુસાર આપને થોડી ઘણી અસુવિધા તો અવશ્ય થઈ હશે. ઘર જેવી સુવિધા આ

મેળા-બેળામાં ક્યાં સંભવ છે ? હોઈ શકે છે આપને કોઈની સાથે ગરમાગરમી પણ થઈ ગઈ હોય, ક્યાંક સાંભળવું પણ પડ્યું હોય, હાથે પગે થવાની કલ્પના કરવી તો મને ઉચિત પ્રતિત નથી લાગતી. પરંતુ આપની ભુલથી તો નહી, કોઈબીજાની ભુલથી કંઈ એવું થઈ ગયું હોય તો શું આપ અહીથી વેર-ઝેર લઈને આપને ઘેર જશો ?

વિચારો જરા, સારી રીતે વિચારો, શું આપ એટલા માટે અહી આવ્યા હતા કે અહીથી બેચાર નવા શત્રુ બનાવીને જશો ? શત્રુઓની કમી તો આપની આસ-પાસ પણ નહી હોય, અહીથી તો કોઈ પવિત્ર સંકલ્પ લઈને જાવ, પ્રતિદિન સ્વાધ્યાય કરવાનો સંકલ્પ લઈને જાવ, પ્રતિદિન જિનેન્દ્ર દેવના દર્શન પૂજન કરવાના સંકલ્પ લઈને જાવ, સંયમી નહી તો થોડા સદાચારી બનીને જાવ. આ એજ નિધિ હશે જે ભવો-ભવ આપને કામ આવશે, ભવનો અભાવ કરવાને કામ આવશે. જો ભવો-ભવમાં ન ભટકવું હોય તો આજ એક માર્ગ છે.

જો આપ થોડું પણ અંતરમાં ડોકીયું કરશો તો એ પણ સમજમાં આવી જશે કે આપે અહી આવીને એકલાં જ પંચકલ્યાણકના દ્રશ્ય નથી જોયાં, એકલા પ્રવચન જ નથી સાંભળ્યા, કાર્યક્રમો અને પ્રવચનોની વચ્ચે વચ્ચે ટોળકી રચીને બજારોમાં ચક્કર પણ લગાવ્યાં છે અને અનેક પ્રકારની ખરીદી પણ કરી છે. પરંતુ જરા ધ્યાનથી જોઈ લો કે આ બધી ભોગ સામગ્રી જ છે ને ? તે આપના વિષય-કષાયના પોષણમાં જ કામ આવશે ને ?

શું આપ તેને જ ખરીદવાને માટે અહી આવ્યા હતા ? શું આપ આપને ઘેર જઈને ઘરવાળાને મળવા આવનારાને મિત્રોને, સગાસંબંધિને આ બધું પ્રસાદી રૂપમાં દેશો અને એ સંભળાવશો બધાને કે વ્યવસ્થામાં ક્યાં ક્યાં ગરબડ હતી અને આપને કોની સાથે લડાઈ જગડાં થયાં હતાં. આપે કેવી કેવી ખરી ખોટી સુણાવી, અથવા પછી શું જોયું નગરમાં, બજારમાં અહી-તહી ?

શું આપ કંઈ એવું પણ લઈ જઈ રહ્યાં છો જે ભગવાનના પંચકલ્યાણકોમાંથી લઈ જવું જોઈએ. જેનાથી આપના પરિવારવાળા પણ પંચકલ્યાણકનો લાભ લઈ શકે. સગા-સંબંધી,

મિત્ર વર્ગ અને મળવા આવનારા પણ પંચકલ્યાણકનો લાભ લઈ શકે ?

શું આપ કંઈ એવુંસમજીને પણ પાછાં જઈ રહ્યાં છો, શીખીને પણ જઈ રહ્યાં છો જે આપના પરિવારવાળાને મિત્રોને, મળવા આવનારને અને સગાવહાલાંને સમજાવી શકો, શિખવી શકો અને તેને પણ આત્મકલ્યાણ કરવાને માટે પ્રેરિત કરી શકો ?

અંતરમાં ઉઠેલ આ પ્રશ્નોનો ઉત્તર જો 'હા' માં આવે તો અમો આપને ધન્યવાદ દેવા ઈચ્છીશું અને જો 'ના'માં આવે તો એક સલાહ આપવા માંગીએ છીએ કે હજુ કંઈ પણ નથી બગડયું. હજુ આપ અહીંથી થોડા જ નીકળી ગયાં છો, હજુ તો આપ અહીં જ છો અને પ્રવચન સાંભળી રહ્યા છો, તેથી આપ હજુ પણ ચેતી શકો છો અને કંઈ એવું સાથે લઈ જવાનું વિચારી શકો છો કે જે આત્મકલ્યાણનું સીધું નિમિત્ત થાય.

જો આપ આ સંદર્ભમાં મારો સહયોગ ઈચ્છતા હો, મારી સલાહ ઈચ્છતા હો તો હું આપને કહીશ કે જે વાત ભગવાનની દિવ્યધ્વનિમાં આવી છે, તેના પ્રતિપાદન કરવાવાળા શાસ્ત્રોને લઈ જાવ, જિનવાણી માતાને લઈ જાવ, જો આપને વિદ્વાનોના પ્રવચનો સારાં લાગ્યાં હોય તો તેની કેસેટ લઈ જાવ અને આપના સગાસંબંધીને આપો, મિત્રોને આપો, મળવા આવનારને આપો અને પરિવારવાળાને પણ આપો જેનાથી જિનવાણીનો સ્વાધ્યાય અને પ્રવચનો સાંભળવાનો લાભ તે પણ લઈ શકે, તેમનું જીવન સુધારવાને માટે તે કંઈ પ્રેરણા પ્રાપ્ત કરી શકે તે પણ પોતાનું ભાવી જીવન સુધારવાની કંઈ યોજના બનાવી શકે.

આપ આપના મિત્રો, સગા સંબંધી મળવા આવનાર અને ઘરવાળાને દેવાને માટે કંઈને કંઈ લઈ તો અવશ્ય જશો, પરંતુ જરા વિચારો કે જો આપ એવી કોઈ વસ્તુ લઈ ગયા જે તેમના દૈનિક ભોગ-ઉપભોગમાં કામ આવે તો તેના તે ભોગ-ઉપભોગના પાપના થોડા ઘણા ભાગીદાર આપ પણ શું નહીં બનો ?

માની લ્યો કે આપ આપના માટે બુટ-ચપ્પલ લઈ ગયાં તો તે પ્રતિદિન તેના પગની ઠોકર ખાશે, જો આપ થુંકદાની લઈ ગયા તો આપની થુંકદાનીને પ્રતિદિન તેના થુંકને સહન કરવું પડશે. આ પ્રકારે આપ બીજીપણ અનેક કલ્પના કરી શકો છો. પરંતુ જો

આપે તેને શાસ્ત્ર ભેટ આપ્યું તો તેના સ્વાધ્યાયની અતિરિક્ત બીજાું તે કરી પણ શું શકે, જો પ્રવચનોની કેસેટ લઈ ગયાં તો તેને સાંભળવાને અતિરિક્ત તે શું કરી શકે ? જો તેઓએ શાસ્ત્રોનો સ્વાધ્યાય કર્યો, કેસેટ સાંભળી તો આપે આપેલ ભેટ તેની જ્ઞાનવૃદ્ધિમાં નિમિત્ત બનશે.

હું કહું છું કે કોઈપણ અવસર ઉપર કોઈને કંઈ ભેટ દેવાની હોય તો જિનવાણી જ દેવી જોઈએ. આપણે કોઈના ભોગોમાં નિમિત્ત કેમ બનીએ ? આપણે તો તેના સ્વાધ્યાયમાં નિમિત્ત બનવું જોઈએ. કારણ કે જો આપ તેને નહી આપો તો પણ તે ભોગસામગ્રી તો સ્વયં પણ ખરીદશે, પરંતુ શાસ્ત્ર કદાચીત ખરીદે. તેથી જિનવાણી આપવી જ શ્રેયસ્કર છે.

તો પછી, આપ પ્રત્યેક અવસર ઉપર આ પ્રકારની ભેટ દેવામાં અસમર્થ હો તો પણ આ અવસર ઉપર તો ભોગ સામગ્રી આપવી કોઈપણ પ્રકારે ઠીક નથી. આ અવસર ઉપર તો જ્ઞાનસામગ્રી જ દેવી જોઈએ. આપ વિચારી લો, સારી રીતે વિચારો, ઉતાવળની કોઈ વાત નથી, રઘવાટની પણ કોઈ વાત નથી, શાંતિથી, ગંભીરતાથી સમજી-વિચાર કરી નિર્ણય લ્યો.

હાં, એક વાત જે આપને પહેલાં પણ કહી હતી કે આપ આપના ઘેર જઈને અહીનો જે અનુભવ સંભળાવશો તેના બારામાં પણ થોડો વિચાર કરી લેવો જરૂરી છે.

વ્યવસ્થાગત કમજોરીને કારણ આપને જે પરેશાની થઈ છે, તેને વધારી-ઘટાડી સંભળાવવાથી આપ શું ભલું કરશો. આપના મિત્રોનું, ઘરવાળાનું કારણ કે તેને સાંભળીને તો તે એ જ સંકલ્પ કરશે કે આપણે તો એવા પંચકલ્યાણકોમાં ક્યારેય ન જવું. શું આપ એ ઈચ્છો છો કે આપના પરિવારવાળા, મિત્ર અને સગાસંબંધી ધાર્મિક કાર્યોમાં સામેલ જ ન થાય. નિત્ય પાપના કાર્યોમાં જ આશક્ત રહે ? નહી તો પછી એ સાધારણ મુશ્કેલીઓને વધારે વધારી કરી કહીને આપ શું કરવા ઈચ્છો છો ? સાચું નહી વધારે વધારવા ઉપર, આપ સંભળાવવા જ શા માટે ઈચ્છો છો, તેનાથી આપને ક્યો લાભ નજરમાં આવે છે ?

આપને જે આધ્યાત્મિક લાભ મળ્યો છે, જે કંઈ સારૂં દેખાયું છે, જો તેને રસ લઈ લઈને સંભળાવશો તો ભવિષ્યમાં આ

પ્રકારના કાર્યક્રમોમાં ભાગ લેવાની પ્રેરણા તેને પણ મળશે અને આપનો ઉપયોગ પણ નિર્મળ રહેશે. આ જગતમાં અવગુણોની તો કમી નથી, સર્વત્ર કંઈને કંઈ મળી જ જાય છે, પરંતુ અવગુણ ન જોઈને ઉત્તમતાને જોવાની ટેવ પાડવી જોઈએ. ઉત્તમતાની ચર્ચા કરવાનો અભ્યાસ કરવો જોઈએ. ઉત્તમતાની ચર્ચા કરવાથી ઉત્તમતા ફેલાય છે અને અવગુણોની ચર્ચા કરવાથી અવગુણ ફેલાય છે. તેથી જો આપણે ઈચ્છીએ કે જગતમાં ઉત્તમતા ફેલાય તો આપણે ઉત્તમતાને જોવા-સાંભળવાની અને સંભળાવવાની ટેવ પાડવી જોઈએ. ચર્ચા તો તે જ અપેક્ષિત થાય છે. જેનાથી કંઈક સારૂં સમજવાને મળે. શીખવાનું મળે.

આપ અહીંથી જ્યારે પાછા જશો અને ઘેર પહુંચશો ત્યારે આપનો જે વ્યવહાર થશે, જીવન થશે, ચિત્તની જેવી વૃત્તિ થશે, પ્રવૃત્તિ થશે, તેને જ જોઈને ઘરવાળા, પરિવારવાળા, મહોલ્લાવાળા એ નિર્ણય કરશે કે પંચકલ્યાણક પ્રતિષ્ઠાઓમાં જવાથી શું લાભ છે અને શું નુકશાન છે ?

તેથી આપના વ્યવહારને સુધારવાની જવાબદારી આજે આપણા બધાના ખભા ઉપર છે. કારણ કે ન કેવળ આપણું ભવિષ્ય જ આના ઉપર પ્રેરીત કરશે, પરંતુ આપણી ભાવી પેઢીઓનું ભવિષ્ય પણ આનાથી જોડાયેલ છે. જો આપણે ઈચ્છીએ કે આપણી ભાવી પેઢીઓમાં પણ ધાર્મિક સંસ્કાર રહે તો આપણે આપણા જીવનને સંયમિત કરવું પડશે, સુવ્યવસ્થિત કરવું પડશે, કારણ કે ભાવી પેઢી જેટલી પોતાના પૂર્વજોના આચાર વ્યવહારને જોઈને શીખે છે, કહેવા-સાંભળવા માત્રથી; તેનો સોમો ભાગ પણ તેના જીવનમાં નહી આવે.

મેં આરંભના દિવસોમાં જ આપને કહ્યું હતું કે, આપ જ્યારે પણ અહીંથી પાછા જાવ ત્યારે થોડા શાંત થઈને જાવ, સદાચારી થઈને જાવ, સ્વાધ્યાયનો સંકલ્પ લઈને જાવ, જગતથી નિવૃત્તિ અને આત્મામાં પ્રવૃત્તિનો સંકલ્પ લઈને જાવ.

માત્ર બીજાના કલ્યાણકને માટે નહી, મુળમાં તો આ બધું આપના કલ્યાણને માટે કરવું છે. આપણું શુધ્ધ-સાત્વિક જીવનને જોઈને જો બીજા પણ કલ્યાણના માર્ગ ઉપર લાગી જાય તો બહુ જ સારી વાત છે, જો ન પણ લાગે તો આપણે બીજાથી શું

લેવા-દેવા છે ? બીજાના કલ્યાણના વિકલ્પમાં પણ વધારે લપટાવું સારી વાત નથી. મુળ વાત તો પોતાના સ્વયંની કલ્યાણ કરવાની જ છે.


હવે આપનું જીવન પણ કેટલું બાકી છે ? આ બહુમૂલ્ય માનવજીવન એમ જ જઈ રહ્યું છે જે જીવી લીધું તે જીવ્યા પરંતુ ભવિષ્યની શું ગેરંટી છે ? હોઈ શકે છે દશ વીસ વર્ષ વધારે પણ જીવી જાય પરંતુ એ પણ તો થઈ શકે છે કે આગળની ક્ષણે જ આ ક્ષણભંગુર જીવન સમાપ્ત થઈ જાય. તેથી એક એક ક્ષણ કિંમતી છે.

કોઈ નવા ઉંમરનાં લોકો વિચારી શકે છે કે અમે તો હજુ બાળક જ છીએ, યુવક જ છીએ, અમારે તો હજુ વધારે જીવવું છે, પરંતુ ભાઈ, આ માનવજીવનમાં યુવકોની આયુનો પણ શું ભરોસો છે ? આજના સંયોગોમાં તો એ અસ્થિરતા તેથી પણ અધિક વધી ગઈ લાગે છે. તેથી વૃદ્ધો-બાળકો, યુવક-યુવતીઓ બધાને આત્મકલ્યાણના કાર્યમાં પ્રવૃત્ત થવું જોઈએ.

આ પંચકલ્યાણકો જેવા પાવન અવસરોથી પણ જો આપણે કંઈ ન શીખી શકીએ તો પછી એવો ક્યો અવસર આવશે, જે આપણને આત્મકલ્યાણના માર્ગ પર અગ્રેસર કરશે. અધિક શું કહીએ, જેના સંસાર-સાગરનો કિનારો નજીક આવી ગયો હશે તે એટલાંથી જ સમજી જશે. પરંતુ હજુ જેનો સંસાર બહુ જ બાકી છે તેને જેટલું કહો તેના ઉપર કંઈ પણ અસર થવાની નથી. તેથી અધિક લવારાથી શું લાભ છે ?

બધા આત્માર્થીજન આ પંચકલ્યાણક પ્રસંગથી પોતાના કલ્યાણનો માર્ગ ઉત્તમ કરો, આ મંગળ ભાવનાથી આ પંચકલ્યાણક કથાથી વિરામ લઉંછું

ૐ શાંતિ, શાંતિ, શાંતિ.



# लेखक के महत्त्वपूर्ण प्रकाशन

| | |
|---|---|
| समयसार (ज्ञायकभाव प्रबोधिनी) | ५०.०० |
| समयसार अनुशीलन भाग-१ | २५.०० |
| समयसार अनुशीलन भाग-२ | २०.०० |
| समयसार अनुशीलन भाग-३ | २०.०० |
| समयसार अनुशीलन भाग-४ | २०.०० |
| समयसार अनुशीलन भाग-५ | २५.०० |
| समयसार का सार | ३०.०० |
| प्रवचनसार का सार | ३०.०० |
| प्रवचनसार अनुशीलन भाग-१ | ३०.०० |
| प्रवचनसार अनुशीलन भाग-२ | ३५.०० |
| पं. टोडरमल व्यक्तित्व और कर्तृत्व | २०.०० |
| परमभावप्रकाशक नयचक्र | २०.०० |
| चिन्तन की गहराइयाँ | २०.०० |
| तीर्थ.महावीर और उनका सर्वो.तीर्थ | १५.०० |
| धर्म के दशलक्षण | १६.०० |
| क्रमबद्धपर्याय | १२.०० |
| बिखरे मोती | १६.०० |
| सत्य की खोज | १६.०० |
| अध्यात्मनवनीत | १५.०० |
| आप कुछ भी कहो | १०.०० |
| आत्मा ही है शरण | १५.०० |
| सुक्ति-सुधा | १८.०० |
| बारह भावना : एक अनुशीलन | १५.०० |
| दृष्टि का विषय | १०.०० |
| गागर में सागर | ७.०० |
| पंचकल्याणक प्रतिष्ठा महोत्सव | ८.०० |
| णमोकार महामंत्र : एक अनुशीलन | १०.०० |
| रक्षाबन्धन और दीपावली | ५.०० |
| आ.कुंदकुंद और उनके पंचपरमागम | ५.०० |
| युगपुरुष कानजीस्वामी | ५.०० |
| वीतराग-विज्ञान प्रशिक्षण निर्देशिका | १२.०० |
| पश्चात्ताप | ७.०० |
| मैं कौन हूँ | ५.०० |
| निमित्तोपादान | ४.०० |
| अहिंसा : महावीर की दृष्टि में | ३.०० |
| मैं स्वयं भगवान हूँ | ४.०० |
| रीति-नीति | ३.०० |
| शाकाहार | २.५० |
| तीर्थंकर भगवान महावीर | २.५० |
| चैतन्य चमत्कार | ४.०० |
| गोली का जवाब गाली से भी नहीं | २.०० |
| गोम्मटेश्वर बाहुबली | २.०० |
| वीतरागी व्यक्तित्व : भगवान महावीर | २.०० |
| अनेकान्त और स्याद्वाद | २.०० |
| शाश्वत तीर्थधाम सम्मेदशिखर | १.५० |
| बिन्दु में सिन्धु | २.०० |
| बारह भावना एवं जिनेंद्र वंदना | २.०० |
| कुंदकुंदशतक पद्यानुवाद | १.०० |
| शुद्धात्मशतक पद्यानुवाद | १.०० |
| समयसार पद्यानुवाद | ३.०० |
| योगसार पद्यानुवाद | ०.५० |
| समयसार कलश पद्यानुवाद | ३.०० |
| प्रवचनसार पद्यानुवाद | ३.०० |
| द्रव्यसंग्रह पद्यानुवाद | १.०० |
| अष्टपाहुड़ पद्यानुवाद | ३.०० |
| अर्चना जेबी | १.०० |
| कुंदकुंदशतक (अर्थ सहित) | १.२५ |
| शुद्धात्मशतक (अर्थ सहित) | १.०० |
| बालबोध पाठमाला भाग-२ | ३.०० |
| बालबोध पाठमाला भाग-३ | ३.०० |
| वीतराग-विज्ञान पाठमाला भाग-१ | ४.०० |
| वीतराग-विज्ञान पाठमाला भाग-२ | ४.०० |
| वीतराग-विज्ञान पाठमाला भाग-३ | ४.०० |
| तत्त्वज्ञान पाठमाला भाग-१ | ५.०० |
| तत्त्वज्ञान पाठमाला भाग-२ | ४.०० |